# દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૩ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 22 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ પૌષ વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 January 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

શનિવાર, ૨૫ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 22 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ વદ- ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 January 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૨૫ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ વીકએન્ડ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ભંડારાની ફેક્ટરીમાં ધડાકોઃ આઠનાં મોત

ભંડારાઃ મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાં શસ્ત્રોની ફેક્ટરીમાં થયેલા ધડાકામાં આઠ જણનાં મોત થયાં હતાં, એવી માહિતી કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ આપી હતી.

ગડકરીએ પત્રકારોને કહ્યું હતું કે પ્રાથમિક માહિતી પ્રમાણે ધડાકામાં સાત જણને ઈજા થઈ હતી.

જિલ્લાના સિનિયર અધિકારીએ કહ્યું હતું કે ધડાકાને લીધે યુનિટનું છાપરું તૂટી ગયું હતું. ઘટનાસ્થળે શોધ અને બચાવ કામગીરી ચાલુ છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અગાઉ કહ્યું હતું કે સાઈટમાં ૧૩થી ૧૪ કામદારો અટવાઈ ગયા છે.

પોલીસ અને જિલ્લા સત્તાવાળાઓએ કહ્યું હતું કે જવાહર નગર વિસ્તારમાં આવેલા કારખાનામાં સુમારે સાડાદસ વાગ્યે કારખાનાના એલટીપી સેકશનમાં ધડાકો થયો હતો.

જિલ્લા કલેકટર સંજય કોલ્ટેએ કહ્યું હતું કે જ્યારે દુર્ઘટના બની ત્યારે ૧૩થી ૧૪ કામદારો એકમમાં કામ કરી રહ્યા હતા.

તેમણે વધુમાં કહ્યું હતું કે છ જણને બહાર કાઢવામાં આવ્યા હતા અને એમાંથી એકનું મરણ થયું હતું. બીજાઓ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. (એજન્સી)■



**રોશનીઃ**
જમ્મુમાં તાજેતરમાં જ ખુલ્લા મુકાયેલા મુબારક મંડી પેલેસને પ્રજાસત્તાક દિન અગાઉ ગુરુવારે રાષ્ટ્રધ્વજના રંગની રોશનીથી શણગારવામાં આવ્યો હતો. (એજન્સી)

## ટીડીએસ રદ કરવાની અરજી સુપ્રીમ કૉર્ટે કાઢી નાખી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે આવકવેરા ધારા હેઠળના ટેક્સ ડિડકટેડ એટ સોર્સ (ટીડીએસ)નું માળખું રદ કરવાની જાહેર હિત અરજી કાઢી નાખી હતી અને કહ્યું હતું કે વિશ્વમાં દરેક જગ્યાએ એ પ્રણાલી છે. વડા ન્યાયમૂર્તિ સંજય ખન્ના અને જસ્ટિસ સંજય કુમારની બેન્ચે કહ્યું હતું કે ટીડીએસ વિશ્વમાં દરેક જગ્યાએ વસૂલાત થાય છે અને તદુપરાંત એના ટેકામાં ચુકાદાઓ છે.

જનહિત અરજીમાં આવકવેરા ધારા હેઠળના ટેક્સ ડિડકટેડ એટ સોર્સના માળખાને પડકારવામાં આવ્યું હતું. પેયરને નાણાની ચુકવણી થાય છે ત્યારે વેરો કાપીને એને આવકવેરા ખાતામાં જમા કરવાનું ટીડીએસને લીધે ફરજિયાત બને છે. કાપેલી રકમ (જુઓ પાનું ૨) ▶▶

## જીએસટી કાયદામાં સુધારા કરાયા

નવી દિલ્હીઃ જીએસટીનું રજિસ્ટ્રેશન કરવાની જરૂર ન ધરાવતી પરંતુ જીએસટીની જોગવાઈ અંતર્ગત જેમના માટે કરવેરો ભરવાનું જરૂરી હોય તેવી વ્યક્તિ કે કંપનીઓ હવે ટેમ્પરરી આઈડેન્ટિફિકેશન નંબર (ટીઆઈએન-ટીન) મેળવી શકશે. સેન્ટ્રલ બૉર્ડ ઑફ ડિરેક્ટ ટેક્સિસ ઍન્ડ કસ્ટમ્સ (સીબીઆઈસી)એ જીએસટીના કાયદામાં આ સુધારાની જાહેરાત કરી હતી. જીએસટીના કાયદા હેઠળ વાર્ષિક રૂ. ૪૦ લાખનું ટર્નઑવર ધરાવતા વેપારી-કંપની તેમ (જુઓ પાનું ૨) ▶▶

## મુંબઈના ગુજરાતીને અમેરિકામાં 30 મહિનાની જેલ

વૉશિંગ્ટનઃ અમેરિકાના ન્યૂયોર્કમાં જ્વેલરી કંપનીઓ ચલાવતા મુંબઇના એક ગુજરાતી મોનીશકુમાર કિરણકુમાર દોશી શાહને ૧.૩૫ કરોડ ડૉલરથી વધુ કિંમતની જ્વેલરી આયાત કરવા માટે કસ્ટમ ડ્યૂટીની ચોરી કરવા અને અન્ય કેસમાં ૩૦ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે. અમેરિકન એટોર્નીએ આ માહિતી આપી હતી. કાર્યકારી અમેરિકન એટોર્ની વિકાસ ખન્નાએ કહ્યું હતું કે મુંબઈ અને જર્સી સિટી, ન્યૂજર્સીના મોનીશકુમાર કિરણકુમાર દોશી શાહ (૪૦)ને વાયર ફ્રોડ (ટેલિકોમ્યુનિકેશન અથવા (જુઓ પાનું ૨) ▶▶

## દૂધના ભાવ ઘટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમૂલ ડેરી દ્વારા અમૂલ દૂધની ૩ પ્રોડક્ટના ભાવમાં ઘટાડો જાહેર કરવામાં આવ્યો હતો. અમૂલ ગોલ્ડ, તાજા અને ટી સ્પેશિયલના ૧ લિટરના પાઉચના ભાવમાં એક રૂપિયાનો ઘટાડો કરવામાં આવતા મોંઘવારીથી ત્રસ્ત લોકોને થોડી રાહત મળશે. અમૂલ દૂધના ભાવમાં ઘટાડો ૨૪ જાન્યુઆરીથી જ લાગુ કરાયો હતો.

નવા ભાવ ઘટાડા અંગે જાણવા મળતી વિગતો અનુસાર, અમૂલ ટી સ્પેશિયલના એક લિટરનો ભાવ અગાઉ ૬૨ રૂપિયા હતો. જેમાં ઘટાડો કરીને નવો ભાવ ૬૧ રૂપિયા કરવામાં આવ્યો હતો. તેમજ અમૂલ ગોલ્ડ કે જેના એક લિટરના પાઉચનો ભાવ ૬૬ રૂપિયા હતો તેમાં એક રૂપિયાનો ઘટાડો કરાતા નવા ભાવ પ્રમાણે અમૂલ ગોલ્ડના ૧ લિટરના પાઉચના ભાવ ૬૫ રૂપિયા કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત અમૂલ તાજાના એક લિટરનો અગાઉનો ભાવ ૫૪ રૂપિયા હતો જેમાં ઘટાડો કરીને ૫૩ રૂપિયા કરવામાં આવ્યો હતો.

નોંધવા જેવી બાબત એ છે કે, અમૂલ ડેરી દ્વારા છેલ્લા ઘણાં સમયથી દૂધની જુદી જુદી પ્રોડક્ટના ભાવમાં સતત વધારો કરવામાં આવી રહ્યો હતો, ત્યારે હવે પહેલીવાર અમૂલ ડેરીએ તેની પ્રોડક્ટના ભાવમાં (જુઓ પાનું ૨) ▶▶



**મહાકુંભઃ**
ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ દરમિયાન શુક્રવારે સંગમ ખાતે પવિત્ર સ્નાન કરી રહેલા શ્રદ્ધાળુઓનો ઍરિયલ વ્યૂ. (એજન્સી)

## રૂપિયો બાવીસ પૈસા ઊંચકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં ૦.૫૬ ટકા જેટલો ઘટાડો આવ્યાના નિર્દેશો અને બ્રેન્ટક્રૂડતેલના વાયદાના ભાવમાં નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા ઊંચકાઈને ૮૬.૨૨ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં (જુઓ પાનું ૨) ▶▶

## ખંભાતમાં ૧૦૭ કરોડનું ડ્રગ્સ પકડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદ જિલ્લામાં ખંભાત જીઆઈડીસી વિસ્તારમાં સ્થિત એક ફેક્ટરીમાં ગુજરાત એટીએસની ટીમે સવારે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન ૬૦થી વધુ અધિકારીઓએ સર્ચ ઓપરેશન હાથ ધરી ૧૦૭ કરોડનો નશીલા પદાર્થનો પાઉડર જપ્ત કર્યો હતો. ત્યાર બાદ ૬ શખ્સોની ધરપકડ કરી અમદાવાદ લાવવામાં આવ્યા હતા. એટીએસની ટીમે આ ૬ શખ્સોની પૂછપરછ શરૂ કરી હતી.

એટીએસની ટીમને આણંદ જિલ્લામાં ખંભાત જીઆઈડીસીમાં સ્થિત એક ફેક્ટરીમાં અલ્પ્રાઝોલમ નામની દવા બનતી હતી. આ ફેક્ટરીમાં દવાની આડમાં ડ્રગ્સનું ઉત્પાદન પણ કરવામાં આવતું હોવાની બાતમી મળી હતી. આરોપીઓ ભાડા પર ફેક્ટરી લઈને ઊંઘની દવા તરીકે ઉપયોગમાં લેવાતા અલ્પ્રાઝોલમ નામના ડ્રગ્સનું ઉત્પાદન કરતા હતાં. એટીએસના એસીપી હર્ષ ઉપાધ્યાયે કહ્યું હતું (જુઓ પાનું ૨) ▶▶

## ભારતીય ફિલ્મ ‘અનુજા’નું ઓસ્કર માટે નામાંકન

નવી દિલ્હીઃ દિગ્દર્શક આદમ જે. ગ્રૅવ્સ અને સુચિત્રા માતાઈની દિલ્હી આધારિત શૉર્ટ ફિલ્મ ‘અનુજા’એ ૯૭મા ઍકેડમી એવૉર્ડમાં લાઈવ ઍક્શન શૉર્ટ ફિલ્મ શ્રેણીમાં ઓસ્કર માટે નામાંકન મેળવ્યું છે.

ઍક્શન શૉર્ટ ફિલ્મ શ્રેણીમાં નામાંકન મેળવનાર અન્ય પ્રતિસ્પર્ધી ફિલ્મોમાં ‘ અ લિઅન’, ‘આઈએમ નોટ અ રૉબોટ’, ‘ધ લાસ્ટ રૅન્જર’ અને ‘ધ મૅન હૂ કૂડ નૉટ રિમેઈન સાઈલન્ટ’નો સમાવેશ થાય છે.

લૉસ ઍન્જલસમાં લાગેલી આગને કારણે વર્ષ ૨૦૨૫ના ઑસ્કર માટેનું નામાંકન અગાઉ આ મહિને બે વખત મુલતવી રાખવામાં આવ્યું હતું. સજદા પઠાણ અને અનન્યા શાનબાગ અભિનીત આ ફિલ્મમાં ‘અનુજા’ નવ વર્ષની અનુજાનું અનુસરણ કરે છે જેણે શિક્ષણ અને બહેનની સાથે ફેક્ટરીમાં કામમાંથી એકની પસંદગી કરવાની હોય છે.

આ નિર્ણય બંને બહેનના ભવિષ્યને આકાર (જુઓ પાનું ૨) ▶▶

## મહાકુંભઃ મૌની અમાવસ્યાના ‘અમૃત સ્નાન’ માટે ૧૦ કરોડ શ્રદ્ધાળુઓ પહોંચવાની શક્યતા

મહાકુંભ નગરઃ ઉત્તર પ્રદેશ સરકારે ૨૯ જાન્યુઆરીએ મહાકુંભમાં મૌની અમાવસ્યાના ‘અમૃત સ્નાન’ માટે ૧૦ કરોડ શ્રદ્ધાળુઓ પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરી છે. જેને ધ્યાને લઇને ટ્રાફિક અને ભીડનું કુશળતાપૂર્વક સંચાલન કરવા માટે વિસ્તૃત પગલાં અમલમાં મૂકવામાં આવી રહ્યા છે. કુંભમાં કરવામાં આવતી સૌથી મહત્ત્વપૂર્ણ વિધિ સ્નાન વિધિ છે. મકરસંક્રાંતિથી શરૂ કરીને બધા દિવસોમાં પવિત્ર જળમાં સ્નાન કરવું પવિત્ર માનવામાં આવે છે. તેમ છતાં કેટલીક ખાસ શુભ તિથિઓ છે, જેને ‘અમૃત સ્નાન’( પહેલા શાહી સ્નાન તરીકે ઓળખવામાં આવતું હતું) તરીકે ઓળખવામાં આવે છે. શુક્રવારે એક નિવેદનમાં સરકારે જણાવ્યું કે અધિકારીઓને સૂચના આપવામાં આવી છે કે ભક્તો તે જ ક્ષેત્ર અથવા ઝોનમાંથી પાછા ફરે જ્યાં તેઓ પહોંચ્યા છે અને કોઇપણ સંજોગોમાં ભક્તોને સંગમ ઝોન અથવા અન્ય ઝોનમાં જવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

સરકારે જણાવ્યું કે તમામ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અધિક પોલીસ અધિક્ષક, સર્કલ ઓફિસર, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને સેક્ટર મેજિસ્ટ્રેટને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તેમના સંબંધિત અધિકાર ક્ષેત્રમાં વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. સરકારે કહ્યું કે મહાકુંભના સૌથી મહત્ત્વપૂર્ણ તહેવાર તરીકે મૌની અમાવસ્યા કાર્યક્રમની વ્યવસ્થાનું કેન્દ્રબિંદુ છે. આ વર્ષે યોગી આદિત્યનાથ સરકારના મહાકુંભને વધુ ભવ્ય અને દિવ્ય બનાવવાના પ્રયાસોની સાથે પ્રયાગરાજમાં રેકોર્ડ સંખ્યામાં ભક્તો આવવાની અપેક્ષા છે.

સરકારે જણાવ્યું હતું કે યાત્રાળુઓની સુવિધાને પ્રાથમિકતા આપવા માટે ૨૭ થી ૨૯ જાન્યુઆરી સુધી ખાસ કરીને સંગમ ઝોન પર, વિવિધ વિસ્તારો વચ્ચે અવરજવર ઓછી કરવા સૂચનાઓ જારી કરવામાં આવી છે. સરળ પ્રવેશ અને સ્નાન માટે ૧૨ કિમી લાંબો ઘાટ બનાવવામાં આવ્યો છે. ભક્તોને તેમના પ્રવેશ બિંદુની નજીકના ઘાટ પર સ્નાન કરવા અને અન્ય વિસ્તારોની મુલાકાત લીધા વિના ત્યાંથી પાછા ફરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. વહીવટતંત્રની ટોચની પ્રાથમિકતા તરીકે શ્રદ્ધાળુઓના સલામત સ્થળાંતર સાથે ઘાટો પર ભીડ ન થાય તે માટે સ્થળાંતર ટીમો તૈનાત કરવામાં આવશે. ■



**મહિલા ગાર્ડ્સઃ**
પ્રજાસત્તાક દિનની ઉજવણી અગાઉ ઉત્તર પ્રદેશ હોમ ગાર્ડની મહિલા પાંખે શુક્રવારે લખનઊમાં રિહર્સલ કર્યું હતું. (એજન્સી)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અહો આશ્ચર્યમ્! નલિયામાં સેક્સકાંડ થયો જ નહોતો!

**ગુજરાતના** રાજકારણમાં એક સમયે ખળભળાટ મચાવી દેનારા કચ્છના નલિયા સેક્સ સ્કેન્ડલનો કેસમાં ચુકાદો આવી ગયો અને આ કેસમાં કોર્ટે તમામ ૮ આરોપીને નિર્દોષ જાહેર કર્યા છે. નલિયા કેસનો ચુકાદો એન્ટિ-ક્લાઈમેક્સ જેવો છે ને આ ચુકાદાનો અર્થ એ થાય કે, આખા ગુજરાતને ખળભળાવી દેનારો નલિયા સેક્સકાંડ બન્યો જ નહોતો!

આ આરોપીઓ સામે અબડાસા-નલિયામાં કામ કરતી અને મૂળ મુંબઈની યુવતીએ ૨૦૧૭ના જાન્યુઆરીમાં નલિયા પોલીસ મથકે ગેંગ રેપની ફરિયાદ નોંધાવી હતી. યુવતીએ જેમનાં નામ ફરિયાદમાં આપ્યાં તેમાં ભાજપના કેટલાક નેતા પણ હતા. યુવતીએ પોતાની ઉપર ઓગસ્ટ-૨૦૧૫થી નવેમ્બર-૨૦૧૬ દરમિયાન ૬૫ લોકો દ્વારા સામૂહિક બળાત્કાર ગુજારાયો હોવાનો આક્ષેપ કર્યો હતો.

ભાજપના નેતાઓ સહિત ૧૦ લોકોએ પોતાને હવસનો શિકાર બનાવી હોવાની ફરિયાદ યુવતીએ નોંધાવતા ગુજરાતમાં ચકચાર મચી ગઈ હતી. પ્રથમ પોલીસ ફરિયાદ દાખલ થયા બાદ તપાસ માટે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ રચાઇ હતી. આ ટીમે ૯ આરોપીની ધરપકડ કરીને જેલ હવાલે કર્યા હતા અને તમામ સામે ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસમાં રાજ્ય સરકારે ખાસ સરકારી વકીલની પણ નિમણૂક કરી હતી પણ કોર્ટમાં યુવતી જ ફરી જતાં ભુજની સેશન્સ કોર્ટે તમામ આરોપીને છોડી મૂક્યા છે.

અદાલત પુરાવાના આધારે ચુકાદા આપતી હોય છે ને આ કેસમાં તો ફરિયાદ કરનારી યુવતી જ પાણીમાં બેસી ગઈ તેથી કોર્ટના ચુકાદા વિશે કોઈ ટિપ્પણી કરવાનો મતલબ નથી પણ આ કેસે ભારતમાં સમરથ કો નહીં દોષ ગુંસાઈ એ નિયમ ચાલે છે એ ફરી સાબિત કર્યું છે. ભવિષ્યની ખબર નથી પણ ભૂતકાળમાં તો નલિયા સેક્સ સ્કેન્ડલ જેવો સ્કેન્ડલ ગુજરાતમાં બીજો બન્યો નથી.

ગેંગ રેપની ફરિયાદ કરનારી યુવતીએ જે આક્ષેપો કર્યા હતા એ પ્રકારના આક્ષેપો કદી થયા નહોતા ને જે રીતે ગુજરાતના રાજકારણનાં ઘણાં મોટાં માથાંની સંડોવણીની વાતો ચાલી એવી વાતો પણ કદી નહોતી ચાલી.

નલિયા સેક્સ સ્કેન્ડલને સમજવા યુવતીની ફરિયાદ અને તેણે કરેલા આક્ષેપો વિશે જાણવું જરૂરી છે. ગેંગ રેપની ફરિયાદ કરનારી મૂળ મુંબઈની આ યુવતી કચ્છ ભાજપના એક નેતા શાંતિલાલ સોલંકી પાસે નોકરી માગવા ગઈ તેમાં ફસાઈ ગઈ હતી.

યુવતીની ફરિયાદ પ્રમાણે ભાજપના નેતા સોલંકીએ યુવતીને નોકરીના બહાને બોલાવીને કેફી પીણું પિવડાવીને બેભાન કરી દીધા પછી ભાજપના બીજા બે નેતા સાથે મળીને સેક્સ સંબંધ બાંધ્યા હતા. ભાજપના ત્રણ નેતાએ યુવતીના શરીરને ચૂંથીને પોતાની હવસખોરીની વીડિયો ક્લિપ બનાવી હોવાનો આક્ષેપ યુવતીએ કર્યો હતો.

યુવતીનો દાવો હતો કે, આ ક્લિપના આધારે બ્લેકમેઈલિંગ શરૂ કરાયું. ભાજપના નેતા પોતાને ઈચ્છા થાય ત્યારે બોલાવતા ને તેના શરીરને ચૂંથતા. હોટલો, ગેસ્ટહાઉસમાં બોલાવીને તેની સાથે સંબંધો બાંધ્યા હતા. ચાલુ કારમાં ને ગામની સીમમાં લઈ જઈને પણ યુવતી પર બળાત્કાર ગુજાર્યો. યુવતી વિરોધ કરતી તો વીડિયો ક્લિપ જાહેર કરી દેવાની ધમકી આપીને તેને ચૂપ કરી દેવાતી.

પહેલાં ત્રણ હેવાનોએ યુવતીને હવસનો શિકાર બનાવેલી પણ ધીરે ધીરે એ આંકડો વધતો ગયો. આ હવસખોરો સાથે સંકળાયેલા બધા લોકોને હવાલે યુવતીને કરી દેવાઈ પછી તેને મોટા લોકોની હવસ સંતોષવાનું રમકડું બનાવી દેવાયું હતું. યુવતીને મોટા નેતાઓ સાથે સેક્સ માણવા માટે પણ મજબૂર કરાતી હતી. ૨૦૧૭માં યુવતીએ ફરિયાદ નોંધાવી ત્યારે દાવો કરેલો કે, પોતાના પર છેલ્લાં ત્રણ વરસથી આ અત્યાચાર થતો હતો.

યુવતીએ ફરિયાદ નોંધાવી પછી કોર્ટમાં કરેલી એફિડેવિટ અત્યંત ગંભીર હતી. યુવતીએ દાવો કરેલો કે, પોતાની જેમ ઘણી લાચાર યુવતીઓને હવસનો શિકાર બનાવાતી હતી. પોતાના જેવી કમભાગી ઘણી છોકરીઓની જિંદગી આ હરામખોરોએ હરામ કરી નાખી છે.

કચ્છમાં હોસ્ટેલોમાં રહેતી કે કોલેજમાં ભણતી પંદર-વીસ વરસની છોકરીઓને જુદા જુદા બહાને ફસાવીને પોતાની જેમ જ તેમને પણ હવસનો શિકાર બનાવીને પછી ધનવાનો ને વગદારોની સેક્સ ભૂખ સંતોષવાના ધંધે લગાડી દેવાઈ છે એવો આક્ષેપ યુવતીએ કર્યો હતો.

યુવતીએ હાઈકોર્ટમાં એફિડેવિટ કરીને આક્ષેપ મૂક્યો હતો કે, પોતાના જેવી ૪૫ જેટલી કમનસીબ છોકરીઓની તેને પોતાને જ ખબર છે. યુવતીએ દાવો કરેલો કે, પોતાની સાથે ૬૫ પુરૂષોએ મોં કાળાં કરેલાં ને સેક્સ સંબંધ બાધ્યા હતા.

આ યુવતીએ બીજો અત્યંત ગંભીર આક્ષેપ એ કરેલો કે, ૨૦૧૭માં કચ્છમાં ભાજપનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો તેમાં ભાજપના કાર્યકરોને નીતિમત્તાના પાઠ શીખવવા ગાંધીનગરથી આવેલા ભાજપનાં મોટા નેતાઓની હવસ સંતોષવા આ છોકરીઓને મોકલાતી હતી. આ પ્રશિક્ષણ વર્ગમાં ભાજપના કાર્યકરોને જ પ્રવેશ હતો ને તેમના માટે ઓળખપત્ર બનાવાયેલાં.

યુવતીનો આક્ષેપ હતો કે, બ્લેકમેઈલિંગનો શિકાર કમભાગી છોકરીઓ માટે પણ ભાજપના કાર્યકરો જેવાં ઓળખપત્ર બનાવાયેલાં. તેમને રોજ રાત પડે ને ભાજપના નેતાઓની હવસ સંતોષવા મોકલી દેવાતી. યુવતીના આક્ષેપ પ્રમાણે આ સેક્સ રેકેટમાં ભાજપના સ્થાનિક નેતા જ નહીં પણ ઉપરવાળા પણ સંડોવાયેલા હતા.

ગુજરાતમાં એ વખતે વિજય રૂપાણીની સરકાર હતી. હાલના વિધાનસભાના સ્પીકર શંકરભાઈ ચૌધરી ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના આરોગ્ય પ્રધાન હતા. આ કેસમાં શંકરભાઈ ચૌધરીની સંડોવણીના આક્ષેપો કરતો પત્ર આમ આદમી પાર્ટીનાં વંદનાબેન પટેલે લખેલો. અકળાયેલા શંકર ચૌધરીએ વંદના પટેલ સામે બદનક્ષીનો કેસ કરવાની જાહેરાત કરી પછી વંદના પટેલે માફી માગી લીધી હતી પણ આ ઘટના ક્યા સ્તરના નેતાઓ સામે આ કેસમાં સંડોવણીની શંકા હતી તેનું ઉદાહરણ છે.

ભાજપના નેતાઓ સામે થયેલા આક્ષેપોના પગલે ભાજપે પત્રકાર પરિષદ કરીને સ્પષ્ટતાઓ કરવી પડી હતી. ભાજપના મહામંત્રી કે.સી. પટેલે કચ્છમાં પત્રકાર પરિષદ કરીને ભાજપ સરકાર વતી ખાતરી આપવી પડેલી કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ સેક્સ કાંડને ગંભીરતાથી લીધો છે ને ગમે તેવો ચમરબંધી સંડોવાયેલો હશે તો પણ છોડવામાં નહીં આવે. રૂપાણી સરકારે આ કેસની ન્યાયિક તપાસ માટે જસ્ટિસ એ. એલ. દવેના અધ્યક્ષ પદે તપાસ પંચ પણ નિમ્યું હતું.

ટૂંકમાં સરકારી સ્તરે તપાસ અને ન્યાય માટે જરૂરી તમામ પગલાં લેવાયાં હતાં પણ છતાં યુવતી ફરી ગઈ તેનું શું કારણ એ ખબર નથી અને છતાં બધાંને ખબર છે. મોટાં માથાં સંડોવાયેલાં હોય એવા કેસોમાં ફરિયાદીને બેસાડી દેવા સામ,દામ, દંડ, ભેદ એમ બધા રસ્તા અપનાવાય છે એ ઓપન સિક્રેટ છે.

કમનસીબે અદાલતે આ વાતની નોંધ ના લીધી અને એક રૂટિન કેસ હોય તેમ તેનો વીંટો વાળી દીધો. વાસ્તવમાં અદાલતે યુવતી ફરી ગઈ એ સંજોગોમાં તેની સામે કાર્યવાહી કરવાની જરૂર હતી. તેની ફરિયાદના કારણે આટલી બધી ધમાલ, સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના ને જ્યુડિશિયલ કમિશન પાછળ પૈસાનું પાણી કર્યા પછી યુવતી પોતાના પર રેપ થયો જ નથી એવું કહે એ ન્યાયની મજાક કહેવાય. કોર્ટે ન્યાયની આવી મજાક ચલાવવા જેવી નહોતી.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), શનિવાર, તા. ૨૫-૧-૨૦૨૫, ષટ્તિલા એકાદશી (કોપરા), વિંછુડો.

ભારતીય દિનાંક ૫, માહે માઘ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ-૧૧
જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ-૧૧
પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૦મો આવા, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
મીસરી રોજ ૨૬મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
નક્ષત્ર જયેષ્ઠા., ચંદ્ર વૃશ્ચિકમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૬, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૨૦, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ સવારે ક. ૦૭-૩૨, રાત્રે ક. ૨૨-૦૯
ઓટઃ બપોરે ક. ૧૪-૩૯, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૦૭ (તા. ૨૬)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - એકાદશી. ષટ્તિલા એકાદશી (કોપરા), વિંછુડો.
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ શનિ-બુધ દેવતાનુ પૂજન, મહાબલી હનુમાન ચાલિસા પાઠ વાંચન, જયેષ્ઠા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, એકાદશી વ્રત ઉપવાસ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ખેતીવાડી. પશુ લે-વેચનાં કામકાજ, પ્રાણી પાળવાં. શ્રી વિષ્ણુ સહસ્ત્રના સ્ત્રોત્ર પાઠ વાંચન, તુલસી પૂજા, શ્રી સુક્ત, પુરુષ સુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, ઈન્દ્ર દેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પ્રયાણ મધ્યમ.
આચમનઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ ઘર્મની બાબતોમાં અધિક રુચી, ચંદ્ર-શનિ ચતુષ્કોણ કામકાજમાં અધિક પરિશ્રમ.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ. ચંદ્ર જયેષ્ઠાના તારા સાથે યુતિ કરે છે.
ગ્રહગોચરઃ સૂર્ય-મકર. વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# ઉત્તરાખંડમાં ભૂકંપના અનેક આંચકા

ઉત્તરકાશી/દેહરાદૂન : ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લા અને આસપાસના વિસ્તારોમાં શુક્રવારે સવારે ભૂકંપ આવતાં લોકોને ગભરાટમાં તેમના ઘરેથી બહાર નીકળી જવું પડ્યું હતું. જોકે કોઈ જાનહાનિ થયાના કે સંપત્તિને નુકસાન થયાના અહેવાલ નથી.

સવારે ૮.૧૯ કલાકે સાડાત્રણના પરિમાણવાળો ભૂકંપ નોંધાયો હતો, એવી માહિતી નેશનલ સેન્ટર ઑફ સિસ્મોલોજીએ આપી હતી. ૭-૪૧ કલાકે ૨.૦૭ના પરિમાણવાળો ભૂકંપ આવ્યો હતો. ૮-૧૯ કલાકના આંચકા એટલા પ્રબળ હતા કે લોકો ગભરાટમાં ઘરેથી બહાર નીકળી ગયા હતા.

ભૂકંપને લીધે પર્વત વરુણાવત કે જ્યાં વારંવાર ભૂસ્ખલન થાય છે ત્યાંથી પથ્થરો પડવા માંડ્યા હતા.

જિલ્લા મેજિસ્ટ્રેટ મેહરબાન સિંહ બિસ્તે અધિકારીઓને હુકમ આપ્યો હતો કે ઉત્તરકાશીના ભૂકંપની અસરની માહિતી ભેગી કરો. અધિકારીઓએ કહ્યું હતું કે કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન થયાના અહેવાલો અત્યાર સુધી મળ્યા નથી. આ આંચકાથી ૧૯૯૧માં ઉત્તરકાશીમાં આવેલા ૬.૬ના ભૂકંપની યાદ તાજી થઈ હતી. આ ભૂકંપે ઘણી તારાજી કરી હતી . ત્યાર બાદ ૭૦ નાના ભૂકંપો આવ્યા છે. (એજન્સી)

# ભારત પ્રથમ હ્યુમન સબમર્સિબલ મિશન હાથ ધરશે

નવી દિલ્હી : ભારત તેના ડીપ ઓશન મિશનના ભાગરૂપે તેના પ્રથમ હ્યુમન અંડરવોટર સબમર્સિબલને ૫૦૦ મીટરની ઊંડાઈએ ઓપરેટ કરશે, એવી માહિતી અર્થ સાયન્સ મિનિસ્ટર જિતેન્દ્ર સિંહે ગુરુવારે આપી હતી.

મંત્રાલયની સ્ટિયરિંગ કમિટીની બેઠકમાં જિતેન્દ્રએ આ ટિપ્પણી કરી હતી. આ બેઠકમાં નાણાં ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન પંકજ ચૌધરી, સંરક્ષણના રાજ્ય કક્ષાના પ્રધાન સંજય સેઠ, નીતિ આયોગના ઉપપ્રમુખ સુમન બેરી, મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર અજય કુમાર સુદ અને અર્થ સાયન્સ ખાતાના સચિવ એમ. રવિચંદ્રને હાજરી આપી હતી.

સિંહે કહ્યું હતું કે સબમર્સિબલ આ વર્ષે ૫૦૦ મીટરની ઊંડાઈ સુધી કામ કરશે અને આગામી વર્ષે ૬,૦૦૦ મીટરની ઊંડાઈએ પહોંચવાનું લક્ષ્ય છે. આ રીતે તે ભારતના વૈજ્ઞાનિક ઉત્કૃષ્ટતા તરફની દેશની યાત્રામાં ગગનયાન સ્પેસ મિશન જેવું સીમાચીહ્નરૂપ મિશન હશે. તેમણે કહ્યું હતું કે ડીપ ઓશન મિશનમાં જરૂરી ખનીજો, વિરલ ધાતુઓ અને દરિયાઈ જેવિક વિવિધતા શોધવાની ક્ષમતા છે. આ બ્લુ ઈકોનોમી માટે જરૂરી છે.

સબમર્સિબલને સંપૂર્ણ રીતે ભારતમાં દેશી તંત્રજ્ઞાનની મદદથી તૈયાર કરવામાં આવ્યું છે. આ ભારતનું સ્વાવલંબન બતાડે છે. આ સમુદ્રની ઊંડાઈમાં ચાલનારું માનવ વાહન છે.



**યાંત્રિક ખચ્ચરઃ**
લાલ કિલ્લા ખાતે યોજાનારી પ્રજાસત્તાક દિનની પરેડ અગાઉ રિહર્સલ દરમિયાન ભારતીય સેનાના અધિકારીઓએ કોલકાતા ખાતે યાંત્રિક ખચ્ચરનું સંચાલન કર્યું હતું. (એજન્સી)

# ઝારખંડમાં બે માઓવાદી ઠાર

બોકારોઃ ઝારખંડના બોકારો જિલ્લામાં બુધવારે સવારે સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે માઓવાદીઓ માર્યા ગયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. આ ઘટના પેંક નારાયણપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વહેલી સવારે બની હતી, એમ તેમણે જણાવ્યું.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ પીટીઆઈને જણાવ્યું કે, ''એકે-૪૭ અને આઈએનએસએએસ રાઈફલ જેવા અત્યાધુનિક શસ્ત્રો સહિત શસ્ત્રો અને દારૂગોળાનો મોટો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે.''

તેમણે કહ્યું કે આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે.

આ મહિનાની શરૂઆતમાં છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં નક્સલવાદીઓએ તેમના વાહનને ઉડાવી દેતાં આઠ સુરક્ષા જવાનો અને એક ડ્રાઈવર માર્યા ગયા હતા. ડીજીપી અશોક જુનેજા અને સીઆરપીએફનાં ડીજી વિતુલ કુમારે તે સ્થળની મુલાકાત લીધી હતી.

છત્તીસગઢમાં સુરક્ષા દળો પર બે વર્ષમાં સૌથી મોટાં હુમલામાં, નક્સલવાદીઓએ ૬/૧/૨૫એ જિલ્લાના કુત્રુ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના અંબેલી ગામ નજીક, ૬૦ થી ૭૦ કિલો વજનના વિસ્ફોટક ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (આઇઇડી) નો ઉપયોગ કરીને એક વાહનને ઉડાવી દીધું હતું.

# અમેરિકાના નાગરિકત્વને લગતા ટ્રમ્પના આદેશ સામે સ્ટે

વૉશિંગ્ટનઃ ગેરકાયદે સ્થળાંતર કરીને આવેલા માતાપિતાના ઈમિગ્રેશન સ્ટેટસને ધ્યાન પર ન લેતાં અમેરિકામાં જન્મેલા બાળકોને બર્થરાઈટ સિટિઝનશિપની બાંયધરી આપતી સદીઓ જૂની ઈમિગ્રેશન પૉલિસીનો અંત લાવવાના અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના આદેશ સામે સ્ટે આપવામાં આવ્યો છે.

વૉશિંગ્ટન સ્ટેટ ડિસ્ટ્રિક્ટ જજ જૉન કૉહનરે ટ્રમ્પના આદેશ સામે સ્ટે આપ્યો હતો અને ટ્રમ્પના આ પગલાંને સંપૂર્ણપણે ગેરબંધારણીય લેખાવ્યું હતું. સ્ટે અંગે પુછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા ટ્રમ્પે કહ્યું હતું કે સ્વાભાવિક રીતે જ અમે અપીલમાં જઈશું. ટ્રમ્પે કહ્યું હતું કે સ્ટેનો આદેશ બર્થરાઈટ સિટિઝનશિપ રદ કરવાના અમારા પ્રયાસ પર કામચલાઉ અવરોધ ઊભો કરશે. અગાઉ, ગેરકાયદે સ્થળાંતર કરીને આવેલા માતાપિતાના ઈમિગ્રેશન સ્ટેટસને ધ્યાન પર ન લેતાં અમેરિકામાં જન્મેલા બાળકોને બર્થરાઈટ સિટિઝનશિપની બાંયધરી આપતી સદીઓ જૂની ઈમિગ્રેશન પૉલિસીનો અંત લાવવાના અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે લીધેલાં પગલાંના વિરોધમાં બાવીસ રાજ્ય અને બે શહેરે ટ્રમ્પ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

અઢાર રાજ્ય અને બે શહેરે એમ કહીને ટ્રમ્પના નિર્ણયનો વિરોધ કરી કેસ દાખલ કર્યો હતો કે ૧૪મા બંધારણીય સુધારા અંતર્ગત આવા બાળકોને આપોઆપ અમેરિકાનું નાગરિકત્વ મળી જાય છે અને અમેરિકાના પ્રમુખ કે અન્ય કોઈપણ બંધારણીય સત્તાને તેમાં ફેરફાર કરવાનો અધિકાર નથી. અન્ય ચાર રાજ્યએ પણ વૉશિંગ્ટનના પશ્ચિમ જિલ્લાઓમાં આ મામલે કેસ દાખલ કર્યો છે. અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીના પ્રચાર દરમિયાન આપેલા વચનની પૂર્તિ કરતો ટ્રમ્પનો અંદાજે ૭૦૦ શબ્દનો આ આદેશ સોમવારે મોડીરાત્રે બહાર પાડવામાં આવ્યો હતો. ટ્રમ્પનો આ નિર્ણય અસાધારણ અને વધારેપડતો આકરો છે એમ જણાવતાં ન્યૂ જર્સીના ઍટર્ની જનરલ મૅથ્યુ જે. પ્લાટકિને કહ્યું હતું કે અમેરિકાની ધરતી પર જન્મેલી વ્યક્તિને આપોઆપ જ અમેરિકાનું નાગરિકત્વ મળી જાય છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### દૂધના ભાવ

ઘટાડો જાહેર કરતા લોકોમાં પણ આશ્ચર્ય જોવા મળ્યું હતું. અમૂલ દ્વારા દૂધના ભાવમાં એક રૂપિયાના ઘટાડાને આગામી ચૂંટણી સાથે પણ જોવામાં આવી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ) વિશ્વની સૌથી મોટી ખેડૂત માલિકીની ડેરી સહકારી છે, જેમાં ગુજરાતના ૧૮,૬૦૦ ગામડાઓમાં ૩૬ લાખ ખેડૂતો છે અને તેના ૧૮ સભ્ય સંઘો દરરોજ ૩૦૦ લાખ લિટર દૂધ ખરીદે છે. જીસીએમએમએફનું ટર્નઓવર વર્ષ ૨૦૨૩-૨૪ નાણાકીય વર્ષમાં ૮ ટકા વધીને રૂ. ૫૯,૪૪૫ કરોડ થયું હતું. જીસીએમએમએફએ ગયા નાણાકીય વર્ષ દરમિયાન સરેરાશ ૩૧૦ લાખ લિટર દૂધ પ્રતિદિનનું સંચાલન કર્યું હતું. તેની કુલ વાર્ષિક દૂધ પ્રોસેસિંગ ક્ષમતા લગભગ ૫૦૦ લાખ લિટર છે.

### ટીડીએસ રદ

મેળવનારની વેરાની જવાબદારીમાં એડજસ્ટ થાય છે.

ખંડપીઠે કહ્યું હતું કે આ અરજી ખરાબ રીતે તૈયાર કરવામાં આવી છે. અમે તેને સ્વીકારીશું નહીં. તમે દિલ્હી વડી અદાલત જઈ શકો છો.

એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે વ્યક્તિગત રીતે અરજી કરી હતી અને તેમના વકીલ અશ્વિની દુબે હતા.

જોકે વડા ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે આઈટી નિયમો અંગે આમાં મહત્ત્વના મુદ્દા હોઈ શકે અને આ અરજી દિલ્હી વડી અદાલતમાં કરી શકાય છે. બેન્ચે અરજીની ગુણવત્તા અંગે કોઈ ટિપ્પણી કરી નથી અને જ્યારે અરજી નોંધાવામાં આવે ત્યારે વડી અદાલતને તેના પર નવેસરથી ફેંસલો લેવા કહ્યું હતું. (એજન્સી)

### રૂપિયો

વેચવાલીનું દબાણ તથા ટ્રેડરોની નજર આગામી અંદાજપત્રના પ્રસ્તાવો પર હોવાથી પાંખાં કામકાજોને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૪૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૬.૩૧ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૩૬ અને ઉપરમાં ૮૬.૧૬ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે બાવીસ પૈસાના સુધારા સાથે ૮૬.૨૨ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે બજારમાં ટ્રમ્પ ફેક્ટરને કારણે અનિશ્ચિતતાના માહોલમાં તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સ ૧૧૦ની સપાટી સુધી પહોંચી ગયો હતો. જોકે, હવે આ અનિશ્ચિતતા લાંબો સમય સુધી નહીં રહે, એમ સીઆર ફોરેક્સ એડવાઈઝર્સના મેનેજિંગ ડિરેક્ટર અમીત પાબારીએ જણાવ્યું હતું. વધુમાં ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સ્વિત્ઝર્લેન્ડમાં દાઓસ ખાતે યોજાયેલ વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં વર્ચ્યુઅલ સંબોધન કરતાં ફેડરલ રિઝર્વને વ્યાજદરમાં ઘટાડો કરવાની હાકલ કરતાં ડૉલર ઈન્ડેક્સમાં પીછેહઠ જોવા મળી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૫૬ ટકા ઘટીને ૧૦૭.૪૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટ્યા મથાળેથી ૦.૪૭ ટકાના સુધારા સાથે બેરલદીઠ ૭૮.૬૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૨૯.૯૨ પૉઈન્ટનો અને ૧૧૩.૧૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૪૬૨.૫૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે જણાવ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

### જીએસટી કાયદામાં

જ ઉત્પાદન કે સેવા ક્ષેત્રે રૂ. લાખનું વાર્ષિક ટર્નઑવર ધરાવનારાઓ માટે જીએસટી રજિસ્ટ્રેશન ફરજીયાત છે.

આવી વ્યક્તિ કે કંપની માટે જીએસટીનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજીયાત નથી, પરંતુ કાયદા અંતર્ગત કોઈપણ રકમની ચુકવણી કરવાનું તેમનાં માટે જરૂરી છે. યોગ્ય અધિકારી તેમને 'ટીન' નંબર આપશે, એમ સીબીઆઈસીએ કહ્યું હતું.

અગાઉ જીએસટી રજિસ્ટ્રેશન ન ધરાવતી વ્યક્તિ કે કંપનીને 'ટીન' નંબર આપવું જરૂરી નહોતું, પરંતુ ગયા મહિને યોજાયેલી જીએસટી કાઉન્સિલની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ કારણે કરદાતાઓ માટે જીએસટીની ચુકવણી કરવાનું વધુ સરળ બનશે. (એજન્સી)

### મુંબઈના ગુજરાતીને

માહિતી ટેકનોલોજીના ઉપયોગ સાથે સંકળાયેલી નાણાકીય છેતરપિંડી) કરવાનું કાવતરું રચવા અને લાયસન્સ વિનાના નાણાં ટ્રાન્સમિટ વ્યવસાયના સંચાલનમાં મદદ કરવાના બે આરોપોમાં અમેરિકન ડિસ્ટ્રિક્ટ જજ એસ્તેર સલાસના સમક્ષ દોષિત ઠેરવવામાં આવ્યો છે.

જેલની સજા ઉપરાંત ન્યાયાધીશે વાયર છેતરપિંડી યોજના માટે ૭,૪૨,૫૦૦ અમેરિકન ડૉલર પરત કરવાનો અને વાયર છેતરપિંડી અને લાઇસન્સ વિનાના મની ટ્રાન્સમિશન યોજનાઓ માટે ૧,૧૧,૨૬,૯૮૨.૩૩ અમેરિકન ડૉલર જપ્ત કરવાનો આદેશ આપ્યો હતો.

વધુમાં કોર્ટે જેલમાંથી મુક્ત થયા બાદ બે વર્ષ સુધી દેખરેખ રાખવાનો પણ નિર્ણય લીધો હતો. કોર્ટના દસ્તાવેજો અનુસાર, ડિસેમ્બર ૨૦૧૯થી એપ્રિલ ૨૦૨૨ સુધી શાહ તુર્કી અને ભારતથી અમેરિકામાં ઘરેણાંની આયાત પરની જકાત ટાળવાનું કાવતરું રચવામાં સામેલ હતા.

### ખંભાતમાં

કે, અલ્પ્રાઝોલમ એનડીપીએસ એક્ટ હેઠળના કાર્યક્ષેત્રમાં આવે છે, કારણ કે તેનો સાયકોટ્રોપિક પદાર્થ તરીકે દુરૂપયોગ થઈ રહ્યો છે. એટીએસની ટીમને બાતમી મળતાં ફેક્ટરી પર રેડ કરવામાં આવી હતી અને ૧૦૭ કરોડની કિંમતના ૧૦૭ કિલો અલ્પ્રાઝોલમ સહિત ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

એસીપી હર્ષ ઉપાધ્યાયે ઉમેર્યું હતું કે, સેન્ટ્રલ બ્યૂરો ઓફ નાર્કોટિક્સ અલ્પ્રાઝોલમનું ઉત્પાદન કરવા માટે લાઇસન્સ આપે છે. જે એનડીપીએસ એક્ટ હેઠળના કાર્યક્ષેત્રમાં પણ આવે છે. આરોપીઓ પાસે કોઈ લાઇસન્સ હતું નહી. પાંચ આરોપીઓ આ યુનિટ ચલાવતા હતા. જ્યારે છઠ્ઠો વ્યક્તિ રિસિવર હતો. પ્રાથમિક તપાસમાં આ પાંચ આરોપીઓ સાયકોટ્રોપિક પદાર્થ બનાવવા માટે એક ફેક્ટરી ભાડે લીધી હતી. આ રેડમાં એટીએસ સાથે આણંદ એસઓજી અને એફએસએલની ટીમ જોડાઈ હતી.

ગુજરાત એટીએસના એસપી સુનીલ જોશીએ જણાવ્યું હતું કે, મૂળ મધ્ય પ્રદેશના રહેવાસી અજય જૈન નામના વ્યક્તિએ આ ડ્રગ્સ બનાવવા માટે ઓર્ડર આપ્યો હતો. કેમિકલ વેપારી અને કેમિકલની ડિગ્રી ધરાવતા વ્યક્તિઓ સહિતના લોકોને ઝડપી પાડ્યા છે. આ જથ્થો મધ્ય પ્રદેશથી કોને આપવાનો હતો તેની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે. ૧૦ કિલો જેટલો જથ્થો તૈયાર કરીને આરોપી અજય જૈન મધ્ય પ્રદેશ લઈ જવાનો હતો. આરોપીઓની વધુ પૂછપરછ કરીને આ ડ્રગનો જથ્થો કેવી રીતે બનાવતા હતા અને ક્યાં સપ્લાય કરવાનો હતો, અન્ય કોઈ આ કૌભાંડમાં સંડોવાયેલું છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

### ભારતીય ફિલ્મ

આપી શકે એમ હોવાને કારણે તેણે શિક્ષણ અને બહેનની સાથે ફેક્ટરીમાં કામમાંથી એકની પસંદગી કરવાની હોય છે.

બે વખત ઓસ્કર વિજેતા રહેલા નિર્માતા ગુણીત મોન્ગા અને હોલીવૂડના વિખ્યાત લેખક મિન્ડી કાલિન્ગ ફિલ્મના બૉર્ડ પર એક્ઝિક્યૂટિવ ડિરેક્ટર અને નિર્માતા તરીકે છે.

ફિલ્મમેકર મીરા નાયરના પરિવારજનો દ્વારા સ્થાપવામાં આવેલા સલામ બાલક ટ્રસ્ટ, સિને ગ્લોબલ અને કૃષ્ણ નાઈક ફિલ્મસના સહયોગથી આ ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું છે.

તાજેતરમાં જ પ્રિયંકા ચોપડા જૉનાસ પણ એક્ઝિક્યૂટિવ પ્રોડ્યૂસર તરીકે આ પ્રોજેક્ટમાં જોડાઈ હતી. (એજન્સી)

# સહકારી સંસ્થામાં કર્મચારીઓની ભરતીમાં ગેરરીતિ મુદ્દે હાઇ કોર્ટની લાલ આંખઃ સહકાર વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરીને નોટીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની વિવિધ સહકારી સંસ્થાઓમાં સ્ટાફની ભરતીમાં ચાલતી ગેરરીતિઓ મુદ્દે ગુજરાત હાઈ કોર્ટે લાલ આંખ કરી હતી. રાજ્યની અનેક સહકારી સંસ્થાઓમાં ભરતીની અને ખરીદીની પ્રક્રિયાના કોઇ નિયમો જ નહી હોવાની રજુઆત સાથે હાઇ કોર્ટમાં અરજી કરવામા આવી હતી. અરજીમાં એવી રજૂઆત કરાઇ હતી કે,સહકારી સંસ્થાઓમાં કર્મચારીઓની ભરતી કરવા માટે સરકારના કોઇ નિયમો ઘડવામાં આવ્યા નથી. રાજયભરમાં સહકારી સંસ્થામાં કુલ ૩ લાખ કર્મચારીઓ કામ કરી રહ્યા છે.તે સિવાય સહકારી મંડળીઓ ઇ ટેન્ડર દ્વારા જ ખરીદી કરી શકે તેવો નિયમ બનાવવા દાદ માગવામાં આવી હતી. સરકાર તરફે યોગ્ય ખુલાસો નહી કરી શકાતા કોર્ટે સહકાર વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરીને સહકાર વિભાગમાં ભરતી અને ખરીદીના નિયમો શું છે તે અંગે વિગતવાર રિપોર્ટ કરવા આદેશ કર્યો હતો.

અરજદારે હાઈ કોર્ટમાં રજુઆત કરી હતી કે, રાજ્યભરમા ૮૦ હજાર કરતા વધુ સહકારી મંડળીઓ અને ૧૮૦ જેટલી કો.ઓ. બેંક આવેલી છે અને કુલ સહકાર ક્ષેત્રે ૩ લાખ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. પરંતુ સરકાર પાસે સહકારી મંડળીઓમાં ભરતીની અને ખરીદીના કોઇ ચોક્કસ નિયમો ઘડવામાં આવ્યા નથી. જેના લીધે સહકારી ક્ષેત્રમાં લાગવગથી ભરતી કરવામાં આવે છે. સરકારે આટલા વર્ષોથી આ જગ્યા ખાલી રાખી છે જેના લીધે સહકારી ક્ષેત્રે ભ્રષ્ટાચાર વ્યાપી ગયો છે.

તે સિવાય સહકારી મંડળીઓમાં રોજબરોજ કરોડો રૂપિયાના ખરીદ વેચાણના વ્યવહાર થતા હોય છે પરતું તેમા ઇ ટેન્ડર પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો નથી. હાઇ કોર્ટે સહકાર વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરીને અંગતપણે સોંગદનામું કરવા આદેશ કર્યો હતો અને આગામી સુનાવણી ફેબ્રુઆરીમાં નિર્ધારીત કરી હતી.

# ગુજરાતમાં રાત્રે આકાશમાં પાંચ ગ્રહોની પરેડ

## બુધ, શુક્ર, મંગળ, ગુરુ અને શનિ આ પાંચ ગ્રહો એક સુંદર અવકાશીય ચાપમાં સંરેખિત થશે

અમદાવાદઃ ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ગુજરાતના રાત્રિ આકાશમાં સૂર્યની આસપાસ ફરતા આઠ ગ્રહોમાંથી પાંચ ગ્રહો એક જ ક્ષેત્રમાં સંરેખિત થશે એટલે કે ગ્રહોની પરેડ યોજાશે. આ અદ્ભુત ઘટનાના સાક્ષી બનવા માટે તેમજ આ ખગોળીય ઘટનાને રાજ્યના લોકો સુધી પહોંચાડવા માટે ગુજરાતના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા ગુજરાત સાયન્સ સિટી, રિજિયોનલ સાયન્સ સેન્ટર્સ અને રાજ્યભરના કોમ્યુનિટી સાયન્સ સેન્ટરો ના સહયોગથી જાહેર અવલોકન કાર્યક્રમોની શ્રૃંખલાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગ્રહોની પરેડ ત્યારે યોજાતી હોય છે, જ્યારે અનેકવિધ ગ્રહો આકાશના એક જ ક્ષેત્રમાં સંરેખિત થાય છે, જે પૃથ્વી પરથી દશ્યમાન હોય છે. આગામી ૨૫ જાન્યુઆરીના રોજ સર્જાનારી ગ્રહોની પરેડમાં બુધ, શુક્ર, મંગળ, ગુરુ અને શનિ, આ પાંચ ગ્રહો એક સુંદર અવકાશીય ચાપમાં સંરેખિત થશે, જેનાથી આકાશમાં એક મનોહર દશ્ય સર્જાશે. આ સંરેખણ સૂર્યની આસપાસ ગ્રહોની તેમની ભ્રમણકક્ષામાં સંબંધિત સ્થિતિઓ દ્વારા સર્જાતી એક દશ્ય ઘટના છે.

અવકાશમાં યોજાતા ગ્રહોના આવા સંરેખણો શૈક્ષણિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ ઘટનાઓ ગ્રહોની ગતિ, ગ્રહણ સમતલ અને આપણા સૌરમંડળની વિશાળતાનું અવલોકન કરવાની અને તેના વિશે શીખવાની એક અનોખી તક પૂરી પાડે છે. આવી ઘટનાઓ ખગોળશાસ્ત્રમાં રસ લેવા માટે જાહેર જનતાને પ્રોત્સાહિત કરે છે તેમજ વિદ્યાર્થીઓ અને અવકાશી ઘટનાઓના ઉત્સાહીઓમાં વૈજ્ઞાનિક જિજ્ઞાસાને પ્રોત્સાહન આપે છે. ગ્રહોની પરેડ એ આપણા બ્રહ્માંડમાં રહેલી અજાયબીઓનું પ્રતિબિંબ છે.

અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે લાઇવ ટેલિસ્કોપિક ઓબ્ઝર્વેશન અને નિષ્ણાતો સાથે સંવાદ થશે. રિજિયોનલ સાયન્સ સેન્ટર્સ ખાતે રાત્રિ આકાશ નિરીક્ષણ સત્રો, ઇન્ટરેક્ટિવ ખગોળશાસ્ત્ર વર્કશોપ અને વિશેષ પ્રદર્શનો ગોઠવાશે. ગ્રહોની ગતિ અને અવકાશીય સંરેખણ પાછળના વિજ્ઞાનને સમજાવવા માટે વ્યાવહારિક પ્રવૃત્તિઓ અને પ્રદર્શનોનું આયોજન કરાશે. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય લોકોમાં ગ્રહોની પરેડ પાછળના વૈજ્ઞાનિક સિદ્ધાંતોની સમજણ કેળવવા અને સાથે-સાથે આપણા બ્રહ્માંડમાં રહેલી અજાયબીઓ વિશે જિજ્ઞાસાનો ભાવ વિકસિત કરવા માટે આ કાર્યક્રમો ડિઝાઇન કરવામાં આવ્યા છે.

# અમદાવાદ શહેરની હવા જોખમી બનીઃ ઍર ક્વૉલિટી ઇન્ડેક્સનો આંકડો ૧૫૦ને વટાવી ગયો

અમદાવાદઃ દિલ્હીની હવા લોકો માટે જીવલેણ બની રહી છે, જો કે અમદાવાદ શહેરની હવા પણ વખાણવાલાયક રહી નથી. રાજ્યના આર્થિક પાટનગર અમદાવાદની હવા અશુદ્ધ બની રહી છે. છેલ્લાં ત્રણેક દિવસથી હવામાં ઝેરી રજકણોનું પ્રમાણ વધતાં શ્વાસ-અસ્થમાના દર્દીઓ માટે શહેરનું વાતાવરણ જોખમી બની રહ્યું છે. ૨૪ જાન્યુઆરી ગુરુવારના રોજ વહેલી સવારે વાયુ પ્રદુષણ એટલી હદે બગડ્યું હતું કે, એર કવોલિટી ઇન્ડેક્સનો આંકડો ૧૫૦ને વટાવી ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, બુધવારે તો એર ક્વોલિટી ઇન્ડેક્સ છેક ૧૭૩ સુધી પહોંચ્યો હતો. આમ, વાયુ પ્રદૂષણને નાથવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે તેમ છતાંય અમદાવાદીઓને શુદ્ધ હવા મળી શકે તેમ નથી. તબીબોના જણાવ્યા અનુસાર, જો એર ક્વોલિટી ઇન્ડેક્સ ૧૫૦થી વધુ હોય તો દમ, અસ્થમા, હૃદયરોગના દર્દીઓ માટે જોખમી સાબિત થઈ શકે છે. આ સંજોગોમાં આવા દર્દીઓએ ઘરમાં જ રહેવું હિતાવહ છે, તેમજ એર પ્યોરિફાયરનો ઉપયોગ કરવો જોઈએ. જો બહાર નીકળવાનું થાય તો માસ્ક પહેરવું જોઈએ. ગુજરાતમાં ઔદ્યોગિક વિસ્તારની સરખામણીમાં અમદાવાદ શહેરમાં વાયુ પ્રદૂષણ દિવસેને દિવસે વધી રહ્યું છે. જાન્યુઆરી માસમાં જ છેલ્લા ત્રણેક દિવસથી એર કવોલિટી ઇન્ડેક્સ ૧૫૦થી વધુ રહ્યો છે. સામાન્ય રીતે પીએમ ૨.૫ (પાર્ટિક્યુલેટ મેટર સેન્સર ૨.૫)ની માત્રા ૨૫થી ઓછી હોવી જોઈએ. ગુરુવારે અમદાવાદમાં પીએમ ૨.૫નું પ્રમાણ વધીને ૬૦ સુધી પહોંચી ગઈ હતી. આ ઉપરાંત હવામાં પીએમ ૧૦નું પ્રમાણ ૫૦થી ઓછું હોય તો શ્રેષ્ઠ ગણાય છે. પરંતુ, ગુરુવારે વહેલી સવારે પીએમ ૧૦નું પ્રમાણ ૧૩૪ સુધી પહોંચ્યું હતું. હવામાં આ ઝેરી રજકણો સ્વાસ્થ્યને નુકશાન પહોંચાડે છે. એર ક્વોલિટી ઇન્ડેક્સ પણ ૫૦થી ઓછો હોય તો હવા એકદમ શુદ્ધ હોય છે. અમદાવાદમાં કઠવાડા, ચાંદખેડા, સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમ અને સેટેલાઇટમાં સૌથી વધુ હવા ઝેરી બની હતી કેમકે, આ વિસ્તારોમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ છેક ૧૫૭થી માંડીને ૧૫૯ સુધી પહોંચ્યો હતો. હવામાં ઝેરી રકજણોનું પ્રમાણ વધતાં શ્વાસ લેવો મુશ્કેલ બની રહે છે. આ ઝેરી હવા ફેફસામાં પ્રવેશે તો બ્રોન્કાઇટીસ, ફેફસાનું કેન્સર, બ્રેઇન સ્ટ્રોક, હૃદય રોગ સહિતના રોગો થવાની સંભાવના રહે છે. અમદાવાદમાં ભયજનક સ્તરે વાયુ પ્રદૂષણ થઈ રહ્યું છે, તે જોતાં અમદાવાદ પણ દિલ્હી બનવા તરફ આગળ વધી રહ્યું છે. વાયુ પ્રદૂષણમાં ભારતમાં ટોચના દસ શહેરોમાં દિલ્હી, કોલકત્તા પછી અમદાવાદ ત્રીજા ક્રમે રહ્યું હતું. ગુજરાતમાં વાપી, અંકલેશ્વર સહિતના ઔદ્યોગિક વિસ્તારો કરતાં અમદાવાદ મોખરે રહ્યું છે. આમ, વાયુ પ્રદૂષણને કાબૂમાં લેવા મ્યુનિસિપલ કોર્પોરેશનથી માંડી જીપીસીબી દ્વારા સક્રિય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેમ છતાંય સ્થિતિમાં કોઈ સુધારો જોવા મળી રહ્યો નથી.

# ગુજરાત એસટી નિગમ ૮૧૦૦ રૂપિયામાં મહાકુંભની યાત્રા કરાવશેઃ અમદાવાદથી રોજ પ્રયાગરાજની બસ ઉપડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હિન્દુ સનાતન ધર્મમાં મહાકુંભનું વિશેષ મહત્ત્વ છે, જે ૧૪૪ વર્ષમાં માત્ર એકવાર આવે છે. આ અવસર પર શ્રદ્ધાળુઓ માટે મહાકુંભની યાત્રા સરળ બનાવવા રાજ્ય સરકારે દરરોજ ગુજરાતથી પ્રયાગરાજ એસી વોલ્વો બસનું સંચાલન કરવા અનોખી પહેલ કરી છે. ગુજરાત એસટી નિગમ ૮૧૦૦ રૂપિયામાં મહાકુંભની યાત્રા કરાવશે. જેનો મુખ્યપ્રધાન ૨૭ જાન્યુઆરીએ પ્રારંભ કરાવશે. પ્રયાગરાજ ખાતે જઇને ગુજરાતના શ્રદધાળુઓ મહાકુંભમાં આસ્થાની ડુબકી લગાવી શકે તે માટે રાજ્ય સરકારે સકારાત્મક નિર્ણય લીધો હતો. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ગુજરાતથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ ઉપાડવાનો નિર્ણય લઇ શ્રદ્ધાળુને રાત્રિ રોકાણ અને બસ મુસાફરી સાથેનું ઇકોનોમી પેકેજ તૈયાર કરવામાં આવ્યુ છે. આગામી ૨૭મી જાન્યુઆરી સોમવારથી આ સેવા શરૂ કરવામાં આવશે. પ્રથમ દિવસે રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર સર્કીટ ખાતેથી યાત્રાને પ્રસ્થાન કરાવશે. ત્યારબાદ દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદ ખાતેથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે. માત્ર રૂ. ૮૧૦૦ માં પ્રતિ વ્યક્તિ ૩ રાત્રિ/૪ દિવસનું પેકેજ ગુજરાતના શ્રદ્ધાળુઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યું છે. આ પેકેજમાં તમામ ૩ રાત્રિ માટે રોકાણ અને બસ મુસાફરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રયાગરાજ ખાતે રાત્રિ રોકાણ ગુજરાત પેવેલિયનની ડોરમેટરી ખાતે કરવામાં આવ્યું છે. પ્રયાગરાજ પેકેજનું ઓનલાઇન બુકિંગ ૨૫/૦૧/૨૦૨૫ થી એસ.ટી નિગમની વેબસાઇટ મારફતે કરી શકાશે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યની જનતાને પવિત્ર મહાકુંભનો લાભ લેવા નમ્ર પ્રયાસ કર્યો છે આમ છતાં પ્રયાગરાજ મુકામે યાત્રિકો મોટી માત્રામાં પધારતા હોઈ સમય અને સુવિધામાં પરિસ્થિતિ અનુસાર ફેરફાર થવાની શકયતા છે.

# પાલનપુરની સ્ટારવે ટેક કૌભાંડના મુખ્ય આરોપી નિરંજનની ધરપકડઃ ₹ ૧30 કરોડનું ફલેકું ફેરવી ફરાર થયો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મલ્ટિ લેવલ માર્કેટિંગ અને પિરામિડ સ્કીમમાં રોકાણની સામે ૭૦ દિવસ અને ૨૦૦ દિવસમાં નાણાં બમણાં કરી આપવાની સ્કીમ લોંચ કરીને ૧૩૦ કરોડથી વધારેની રકમ ઉઘરાવીને છેતરપિંડી કરવાના કેસમાં સીઆઇડી ક્રાઇમે નાવ સ્ટારવે ટેક ઈન્ડિયા મેનેજમેન્ટ કંપનીના ડાયરેક્ટર નિરંજન શ્રીમાળીની ધરપકડ કરી હતી. પાલનપુરમાં નાવ સ્ટારવે ટેક ઈન્ડિયા મેનેજમેન્ટ નામની કંપનીની ઓફિસ શરૂ કરીને નિરંજન શ્રીમાળીએ લોકોને ઠગવાનું શરૂ કર્યું હતું. આરોપીએ ગુજરાતના મોટા શહેરો, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં ઓફિસ શરૂ કરીને ૧૬ હજારથી વધુ રોકાણકારો સાથે છેતરપિંડી આચરી હતી. આ અંગે આ સીઆઇડી ક્રાઇમે નિરંજન શ્રીમાળીના રિમાન્ડ મેળવીને વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુરમાં નાવ સ્ટારવે ટેક ઈન્ડિયા મેનેજમેન્ટ નામની કંપની આરઓસીમાં રજિસ્ટર્ડ કરીને વિવિધ પ્રોજેક્ટમાં રોકાણની સામે ઊંચા વળતરની લાલચ આપીને છેતરપિંડી કરવાનું કૌભાડ ઝડપાયું હતું. જેમાં કંપનીના ડાયરેક્ટર નિરંજન શ્રીમાળીને સીઆઇડી ક્રાઇમ દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો. તેણે રોકાણની સામે પ્રતિદિન એક ટકાનું વળતર, તેમજ ૨૦૦ દિવસમાં મુડી બમણી કરી આપવાની અને તે પહેલા ૭૦ દિવસમાં બમણા નાણાં આપવાની સ્કીમ લોંચ કરીને અનેક લોકો સાથે છેતરપિંડી કરી હતી. નિરંજન શ્રીમાળીએ ત્રણ અલગ અલગ કંપનીઓ બનાવીને ગુજરાતમાં પાલનપુર, મહેસાણા, હિંમતનગર, અમદાવાદ, પાટણ, રાજકોટ, સુરત જેવા શહેરોમાં તેમજ રાજસ્થાનના બાંસવાડા, પાલી, ઉદેપુર અને બાંસવાડામાં નાની ઓફિસ શરૂ કરી હતી. આ ઉપરાત મહારાષ્ટ્રમાં પણ તેણે કેટલાક શહેરોમાં રોકાણકારોને છેતર્યા હતા. સીઆઇડી ક્રાઇમને સમગ્ર કેસની તપાસ દરમિયાન એવી પણ વિગતો જાણવા મળી હતી કે તેણે મલ્ટિ લેવલ માર્કેટિંગ અને પિરામિડ સ્કીમમાં લોકો છેતરવા માટે મોટાપાયે સેમિનાર પણ યોજ્યા હતા. સાથેસાથે એજન્ટોને કાર, આઇફોન જેવી ભેટ આપી હતી.

સીઆઇડી ક્રાઇમે સમગ્ર કેસની તપાસ કરી ત્યારે વેબસાઇટ પરના ડેટા મુજબ ૧૬ હજાર રોકાણકારો પાસેથી કુલ ૧૩૦ કરોડ રૂપિયા એકઠા કરાયા હતા. જે પૈકી ૮૭ કરોડ રૂપિયા પરત કર્યા નહોતા. જો કે સમગ્ર છેતરપિંડીનો આંક ૨૦૦ કરોડ ઉપરાંતનો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. ત્યારે હવે મુખ્ય આરોપીની ધરપકડ થતા વધુ વિગતો બહાર આવશે.

# ગુજરાતમાં 33 લાખ બાળકો શાળાએ નથી જતાંઃ ખાનગી સ્કૂલો ૧૫ ટકા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ દિનપ્રતિદિન કથળી રહી છે, કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના રિપોર્ટ મુજબ ૨૦૨૩-૨૪માં ૬થી ૧૭ વર્ષનાં ૩૩ લાખ બાળકોએ સ્કૂલમાં પ્રવેશ લીધો નથી. વર્ષ ૨૦૨૩માં ગુજરાતમાં ૬થી ૧૭ વર્ષના કુલ ૧.૩૮ કરોડ બાળકો હતાં જેમાંથી ૧.૦૫ કરોડે જ ધોરણ ૧થી ૧૨માં પ્રવેશ લીધો હતો. ૨૦૨૨-૨૩માં ૫૩,૬૦૩ સ્કૂલોમાં બિનશૈક્ષણિક સ્ટાફ ૩૩ હજાર હતો જે ૨૦૨૩-૨૪માં ૫૩,૬૨૬ સ્કૂલોમાં ૩૪ ટકા વધીને ૪૪ હજારને પાર થયો હતો. આ જ દરમિયાન શિક્ષકો ૩.૮૪ લાખથી ૨.૫ ટકા વધીને ૩.૯૪ લાખ થયા છે. ૨૦૧૫-૧૬ બાદ રાજ્યમાં સરકારી સ્કૂલો ૫૪૨ ઘટી છે જ્યારે ખાનગી સ્કૂલોમાં ૧,૭૪૫નો વધારો થયો છે.

રાજ્યમાં ખાનગી સ્કૂલોમાં ૧૫ ટકા જેટલો વધારો થયો છે. ૨૦૨૩-૨૪માં ધોરણ ૧થી ૧૨માં ગુજરાતનો સરેરાશ ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૭૨.૭ ટકા છે. એટલે કે ૬થી ૧૭ વર્ષનાં બાળકોમાંથી ૭૨.૭ ટકા લોકો જ સ્કૂલમાં પ્રવેશ લે છે. આ મામલે ગુજરાત દેશમાં ૨૪મા ક્રમે છે. ગોવા, મેઘાલય, દિલ્હીમાં ૧૦૦ ટકા રેશિયો છે. ગુજરાતમાં પ્રાથમિક શાળામાં આ રેશિયો ૮૫ ટકા માધ્યમિકમાં ૭૪ ટકા અને ઉચ્ચ માધ્યમિકમાં ૪૪ ટકા છે.

જો કે ચોંકાવનારી બાબતો એ છે કે, વિકસિત રાજ્ય ગુજરાતની ૬૦ ટકા એટલે કે ૩૧,૭૦૬ સ્કૂલોમાં પ્રોજેક્ટર જ નથી. ૧,૦૮૩ સ્કૂલોમાં કમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ નથી. ૩,૨૭૫માં ઇન્ટરનેટની સુવિધા નથી.

આ ઉપરાંત ૪૦ ટકા જેટલી સ્કૂલોમાં સ્માર્ટ ક્લાસરૂમ નથી કે જ્યાં ડિજિટલ રીતે શિક્ષણ આપવામાં આવે છે. ૧,૮૫૨ સ્કૂલોમાં લાઇબ્રેરી, બુક બેન્ક, રીડિંગ કોર્નરની સુવિધા નથી. ૪૭ સ્કૂલોમાં ઇલેક્ટ્રિસિટી પણ નથી. જ્યારે ૬,૧૪૮ સ્કૂલોમાં મેદાન નથી.

# ફોજદારી કેસોની દેખરેખ કાયદા વિભાગ નહીં કરેઃ કાર્યવાહી ગૃહ વિભાગમાં ટ્રાન્સફર કરાઇ

અમદાવાદઃ ગુજરાત સરકારે ફોજદારી કેસોની કાર્યવાહી સંબંધિત તમામ બાબતો રાજ્યના ગૃહ વિભાગને સોંપવાનો નિર્ણય લીધો હતો. આ કાર્યક્ષેત્ર પહેલાં કાયદા વિભાગ દ્વારા થતું હતું પરંતુ હવે આ જવાબદારી ગૃહ વિભાગને સોંપી દેવાઈ હતી. સરકારી વકીલોની નિમણૂક, રેકોર્ડ, રજિસ્ટ્રાર અને જ્યુડિશિયલ સ્ટાફની સેવાઓ ગૃહ વિભાગના કાર્યક્ષેત્રમાં મૂકાઈ હતી. આ નિર્ણય સાથે જિલ્લા અદાલતો અને ગુજરાત હાઇ કોર્ટ સહિતની તમામ અદાલતોમાં સરકારી વકીલની સેવાઓનું નિયમન કરવાનું કાર્ય પણ ગૃહ વિભાગ કરશે એટલે કે ગૃહ વિભાગ જે મુખ્યત્વે પોલીસ સેવાનું સંચાલન કરે છે તે ફોજદારી કેસોમાં કોર્ટ કાર્યવાહીના પાસાનું પણ સંચાલન કરશે. તેવી જ રીતે બી-શાખા જે ફોજદારી કેસોમાં ચુકાદાઓ સામે દાખલ કરાયેલી અપીલોનું ધ્યાન રાખે છે તે પણ ટ્રાન્સફર થશે.

રાજ્ય સરકાર તરફથી મળેલા આદેશ પ્રમાણે કાયદા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળની બધી શાખાઓ જે અત્યાર સુધી ફોજદારી કેસોની દેખરેખ રાખતી હતી તેને ગૃહ વિભાગમાં ટ્રાન્સફર કરવામાં આવી છે. જિલ્લાઓમાં ફોજદારી કેસોનું ધ્યાન રાખતી બી-૧ શાખા તેને ફાળવવામાં આવેલા વિષયો ગૃહ વિભાગને સોંપશે.

# બૉમ્બ મુકાયાનો ઈમેલ મળ્યા બાદ વડોદરાની ત્રણ સ્કૂલોએ રજા જાહેર કરીઃ પોલીસને તપાસમાં કંઈજ ના મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં દિલ્હી અને મુંબઈ બાદ વડોદરાની સ્કૂલને બૉમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો મેસેજ મળતાં શહેરની અન્ય ત્રણ સ્કૂલોએ રજા જાહેર કરી હતી. આ મેસેજ બાદ ત્રણેય સ્કૂલોમાં તપાસ કરવામાં આવી હતી. જ્યાં કોઈ શંકાસ્પદ બાબત પ્રકાશમાં આવી નહોતી. પોલીસ પણ મેસેજની જાણ થતાં જ સ્કૂલમાં તપાસ અર્થે પહોંચી હતી. આખરે તપાસમાં આ મેસેજ ખોટો હોવાનું સાબિત થયું હતું.

એસીપી જી.બી. બાંભણિયાએ પત્રકારોને કહ્યું હતું કે, વડોદરામાં નવરચના ઈન્ટરનેશનલ સ્કૂલના આચાર્યને શુક્રવારે વહેલી સવારે સ્કૂલમાં બૉમ્બ મુકાયો હોવાનો ઈમેલ મળતાં તેમણે સ્કૂલના સત્તાધીશો અને પોલીસને જાણ કરી હતી ત્યાર બાદ પોલીસ તાત્કાલિક સ્કૂલમાં પહોંચી હતી અને સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ ઇ-મેલને પગલે પોલીસ દ્વારા ભાયલી વિસ્તારની એક સ્કૂલ અને સમા વિસ્તારની બે સ્કૂલ એમ ત્રણ સ્કૂલમાં બૉમ્બ-સ્ક્વોડ અને ડોગ-સ્ક્વોડની ટીમ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ ઈમેલ અજાણ્યા આઈ ડી પરથી આવ્યો હતો. જેમાં ટાઈમ બૉમ્બ નવરચના સ્કૂલની ડ્રેનેજ લાઇનમાં મૂકેલા હોવાનું લખ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, આ વિસ્તારમાં ત્રણ નવરચના સ્કૂલો હોવાથી પોલીસની ટીમ તાત્કાલિક ત્યાં પહોંચી હતી અને બૉમ્બને શોધવા ચેકિંગ હાથ ધર્યું હતું. ત્યારબાદ સ્કૂલના સંચાલકોએ આ ત્રણેય સ્કૂલમાં રજા જાહેર કરી દીધી હતી. ચેકિંગ દરમિયાન પોલીસને કોઈ શંકાસ્પદ બાબત હાથ લાગી નહોતી. પોલીસનો સાયબર સેલ વિભાગ આગળની તપાસ કરી રહ્યો છે અને ઈમેલ કરનાર શખ્સને ઈમેલના આઈપી એડ્રેસના આધારે શોધવા પ્રયાસો હાથ ધર્યા છે. સમા વિસ્તારની નવરચના સ્કૂલના એડમિનિસ્ટ્રેટર બિજુ કુરિએને કહ્યું હતું કે, બૉમ્બ મુકાયાના ઈમેલ બાદ ત્રણેય સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવી છે. તમામ વાલીઓને અમારા નિર્ણયની અગાઉથી જ જાણ કરી દેવાઈ હતી. પોલીસે અમારા કેમ્પસમાં આવીને સઘન ચેકિંગ હાથ ધર્યું હતું પણ ત્યાં કોઈ શંકાસ્પદ બાબત હાથ લાગી નહોતી.

# જૂનાગઢમાં ગિરનાર પર્વત પર ભારે પવન ફૂંકાતા રોપ-વે સેવા સતત બીજા દિવસે પણ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના પ્રખ્યાત ગિરનાર પર્વત પર શિયાળાની મોસમમાં ભારે પવન ફૂંકાવાના કારણે સતત બીજા દિવસે પણ રોપ-વે સેવા બંધ રાખવામાં આવી હતી. યાત્રિકોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને સંચાલકો દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. ગિરનાર પર્વત પર અચાનક વાતાવરણમાં આવેલા પલટા અને પવનની ગતિમાં થયેલા વધારાને કારણે રોપ-વેના સંચાલન પર વિપરીત અસર પડતા રોપ-વે સેવા બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જો કે રોપ-વે સેવા બંધ રહેતા મોટી સંખ્યામાં યાત્રિકોને હાલાકી ભોગવવી પડી હતી. છેલ્લા બે દિવસથી રોપ-વે સેવા બંધ હોવાના કારણે મોટી સંખ્યામાં આવેલા યાત્રિકો અને પ્રવાસીઓ નિરાશ થયા હતા. જો કે આ અંગે રોપ-વે સેવાના સંચાલકોએ જણાવ્યું હતું કે, પવનની ગતિ સ્થિર થયા બાદ જ રોપ-વેની સેવા ફરી શરૂ કરવામાં આવશે. રાજ્યમાં પવન ફૂંકાવાની સાથે ઠંડીનું પ્રમાણ પણ વધી રહ્યું છે, જે પરિસ્થિતિને વધુ પડકારજનક બનાવે છે.

# રાજકોટમાં પશુઓને ઓક્સિટોસિન ઈન્જેક્શન આપી વધુ દૂધ મેળવવાનું કૌભાંડ ઝડપાયું

અમદાવાદઃ રાજકોટના ધોરાજીમાં દૂધાળા પશુઓ વધુ દૂધ આપે તે માટે ઓક્સિટોસિન ઈન્જેક્શન આપી વધુ દૂધ મેળવવાના કૌભાંડનો રાજકોટ રૂરલ એલસીબીની ટીમે પર્દાફાશ કર્યો હતો. ધોરાજીના શખ્સ પાસેથી આ ઈન્જેક્શનના ૧૬૦૦થી વધુ બોક્સ સહિત ૨.૮૫ લાખનો મુદામાલ કબ્જે કરાયો હતો.

રાજકોટ રૂરલ એલસીબીએ પ્રતિબંધિત ઓક્સિટોસિન ઇન્જેક્શનનો મોટો જથ્થો ઝડપી ધોરાજીમાં રહેતા ફયાઝ આરીફ વાલોરિયાની રૂપિયા ૨,૮૫,૯૮૦ના ઇન્જેક્શનના જથ્થા સાથે પોલીસે ધરપકડ કરી હતી. દુધાળા પશુઓ વધુ દૂધ આપે તે માટે આ પ્રતિબંધિત ઇન્જેકશનનો ઉપયોગ કરવામાં આવતો હતો. પોલીસે આરોપી પાસેથી ૧૬૦૦થી વધુ પ્રતિબંધિત ઓક્સિટોસિન ઇન્જેકશનનો જથ્થો કબજે કર્યો હતો. આ મુદ્દે ધોરાજી સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# નળસરોવરમાં ૨૬ જાન્યુઆરી સુધી પ્રવાસીઓ માટે પ્રવેશબંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ જિલ્લામાં સ્થિત નળસરોવર પક્ષી અભયારણ્યમાં આગામી ૨૬ જાન્યુઆરી સુધી પ્રવાસીઓ માટે પ્રવેશ બંધી જાહેર કરવામાં આવી છે. આ બે દિવસ દરમિયાન અંદાજે ૧૦૦ પક્ષીવિદ, તજજ્ઞ-સ્વયં સેવકો ૪૬ ઝોન પાડીને પ્રાથમિક પક્ષી ગણતરી હાથ ધરશે. ઈકોલોજિકલ ઝોન સહિત કુલ ૧૨૦.૮૨ સ્ક્વેર કિ.મી વિસ્તારમાં પક્ષી ગણતરી કરાશે.

નળસરોવર પક્ષી અભ્યારણમાં તા ૨૫ અને ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ જળાશયના પક્ષીઓની પ્રાથમિક ગણતરી હાથ ધરાનાર છે. અંદાજે ૧૦૦ જેટલા પક્ષીવિદો, તજજ્ઞો અને સ્વયં સેવકો ૪૬ ઝોન પાડીને પ્રાથમિક પક્ષી ગણતરીમાં જોડાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈકોલોજિકલ ઝોન સહિત કુલ ૧૨૦.૮૨ સ્ક્વેર કિ.મી વિસ્તારમાં પક્ષી ગણતરી કરાશે.

# ગુજરાતમાં છેલ્લાં બે વર્ષમાં પર્યટન સ્થળો અને ઉત્સવોમાં ૩૫.૮૯ કરોડ પ્રવાસીઓ સહભાગી થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વિવિધ પ્રવાસન સ્થળો દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જેના પરિણામ સ્વરૂપે રાજ્યમાં વર્ષ ૨૦૨૩માં ૧૭.૨૬ કરોડથી વધુ તેમજ વર્ષ ૨૦૨૪માં ૧૮.૬૨ કરોડ એમ છેલ્લા બે વર્ષમાં વિવિધ પર્યટન સ્થળો અને ઉત્સવોમાં અંદાજે ૩૫.૮૯ કરોડથી વધુ પ્રવાસીઓ સહભાગી થયા હતાં.

રાજ્ય સરકાર ગુજરાતમાં પ્રવાસન સ્થળોના સર્વાંગી વિકાસની સાથે ઉત્સવોને વિશેષ પ્રાધાન્ય આપી રહી છે. છેલ્લા બે વર્ષમાં મુખ્યત્વે સૌથી વધુ વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં ૨૩.૧૨ લાખ જેટલા પર્યટકો નોંધાયા હતાં. જ્યારે કચ્છમાં યોજાતા ધોરડો રણોત્સવમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૭.૪૨ લાખ અને વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીમાં ૭.૫૨ લાખ એમ કુલ મળીને ૧૪.૯૪ લાખ જેટલા પર્યટકો નોંધાયા હતાં.

આ ઉપરાંત, છેલ્લા બે વર્ષમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં ૯.૨૯ લાખ, સાપુતારા મેઘ મલ્હાર ફેસ્ટીવલમાં ૦૫ લાખ જેટલા તેમજ તરણેત્તર મેળામાં ૦૪ લાખથી વધુ પ્રવાસીઓ- નાગરિકોએ મુલાકાત લીધી હતી. યુનાઇટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટૂરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા ધોરડોને બેસ્ટ ટૂરિઝમ વિલેજનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. આ વર્ષે આયોજિત પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજયોમાંથી ૪૭ જેટલા પતંગબાજોએ ભાગ લીધો હતો. જ્યારે ગુજરાતના ૧૧ જેટલા શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો એમ કુલ ૬૦૭ જેટલા પતંગબાજોએ ભાગ લીધો હતો.

રાજ્યના પ્રવાસન નિગમ દ્વારા દર વર્ષે અમદાવાદમાં વાઇબ્રન્ટ ગુજરાત નવરાત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં અંદાજે ૨૩.૧૨ લાખથી વધુ ખેલૈયાઓ સહભાગી થયા હતા. છોટા ઉદેપુરના હાફેશ્વર ગામને કેન્દ્રના પર્યટન મંત્રાલય દ્વારા હેરીટેજ કેટેગરીમાં 'શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન-૨૦૨૪'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. એક અંદાજ મુજબ વાર્ષિક એક લાખથી વધુ પ્રવાસીઓ હાફેશ્વરની મુલાકાતે આવે છે.

# સંસ્થા સમાચાર

## પાલિતાણાના જય તળેટીમાં પૂજ્ય સાગરજી મહારાજની મૂર્તિનું અનાવરણ

પાલિતાણા એ જૈનોની આસ્થાનું ધામ છે. શત્રુંજય ગિરિરાજની જય તળેટી જ્યાંથી પાવન યાત્રાનો આરંભ થાય છે એ સ્થળે સાગરજી મહારાજની મૂર્તિનું અનાવરણનો અવસર ખૂબ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવ્યો હતો. એ દરમ્યાન જૈનાચાર્ય પૂજ્ય સાગરચંદ્રસાગરસૂરીજીએ પૂજા-વિધિ કરી હતી. તેમની પ્રેરણાથી જ અહીં આ ભવ્ય સ્મારક નિર્માણ થયું છે. ત્યારબાદ આગમમંદિરે બિરાજમાન પૂ.આ. અશોકસાગર સૂરિજીના આશીર્વાદનો લાભ સૌને મળ્યો હતો. સાગરજી મહારાજની મૂર્તિનું અનાવરણ ગુજરાતનાં માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

## ભાગવત સપ્તાહ કથા પારાયણનું જ્ઞાનયજ્ઞ

શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગા દ્વારા સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથાનું આયોજન ચોથી માર્ચે કરવામાં આવ્યું છે. શ્રીકૃષ્ણધામ, રામબાગ પટાંગણ, માટુંગા (પૂર્વ)માં આ જ્ઞાનયજ્ઞનો લાભ શ્રદ્ધાળુઓ દસ માર્ચ સુધી લઈ શકશે. આ સિવાય પાંચસો એક પોથી સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથા પારાયણ જ્ઞાનયજ્ઞના આયોજનનો સંકલ્પ પણ મંડળના ટ્રસ્ટી અને કારોબારી સમિતિ દ્વારા લેવામાં આવ્યો છે.

## પીકલબૉલ ટૂર્નામેન્ટના વિજેતાઓનું સન્માન

બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન દ્વારા તાજેતરમાં પીકલબૉલ ટૂર્નામેન્ટ આયોજિત કરવામાં આવી હતી. એની વિજેતા ટીમને ટ્રોફી અને અન્ય ઈનામો આપીને સન્માનિત કરવામાં આવી હતી. આ સિવાય બૉક્સ ક્રિકેટના પુરુષોના વિભાગમાં વિજેતા ટીમને પણ ટ્રોફી આપવામાં આવી હતી.

## અખિલ મોઢ સેવા સમાજ ચેરિટેબલ ટ્રસ્ટે સિલાઈ મશીન અને શૈક્ષણિક કિટનું વિતરણ કર્યું

અખિલ મોઢ સેવા સમાજ ચેરિટેબલ ટ્રસ્ટે રોજગાર યોજના હેઠળ સિંગર સિલાઈ મશીનનું વિતરણ કર્યું હતું. સાથે જ ત્રણસો જરૂરતમંદ બાળકોને વરલીમાં ૧૮ જાન્યુઆરીએ શૈક્ષણિક કિટ આપી હતી. એ કિટમાં નોટબુક્સ, જ્યોમેટ્રી કંપાસ બૉક્સ, પેન, પેન્સિલ, બિસ્કિટનું પેકેટ અને તલના લાડુનું પેકેટ હતું. એથી બાળકોમાં ઉત્સાહ અને જોશનું નિર્માણ થયું હતું. આ નેક કામ માટે ટ્રસ્ટીઓએ દાનનો પ્રવાહ વહેવડાવ્યો હતો.

## જય ભગવાન એક્યુપ્રેશર સર્વિસ

વિવિધ બીમારીથી ઘેરાયેલા લોકોને દવા વિના સારવાર આપવાની પહેલ કાંદિવલીમાં શરૂ કરવામાં આવી છે. દર સોમવારે બપોરે ત્રણ વાગ્યાથી છ વાગ્યા સુધી સાયટિકા, ઘૂંટણ, કમરના મણકા, અસ્થમા, સૂગર વગેરેની સારવાર નિઃશૂલ્ક આપવામાં આવશે. એના માટે લક્ષ્મીનારાયણ મંદિર, મથુરાદાસ ક્રોસ રોડ, કાંદિવલી (૫) ખાતે જવાનું રહેશે.

## શ્રી વિસા સોરઠીયા વણિક પ્રગતિ મંડળ ટ્રસ્ટનો રવિવારે ધ્વજવંદનનો કાર્યક્રમ

કાંદિવલીમાં આવેલા શ્રી વિસા સોરઠીયા વણિક પ્રગતી મંડળ ટ્રસ્ટે આ રવિવારે પ્રજાસત્તાક દિન નિમિત્તે સવારે દસ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજ્યો છે. સાથે જ સમાજસેવા કરનારા વિવિધ કાર્યકર્તાઓને પણ એ દરમ્યાન સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓને ૭૫ ટકા આવ્યા છે તેમને પણ મોમેન્ટો આપવામાં આવશે.

## સૂરિમંત્ર આરાધક પૂ, આ. શ્રી હેમચન્દ્રસૂરિશ્વરજી મ.સા.નો ૪૫મા દીક્ષા વર્ષમાં પ્રવેશ

આધ્યાત્મનિષ્ઠ પ.પૂ. ગચ્છનાયક આ.ભ. શ્રી વિ. કલાપૂર્ણસુરિશ્વરજી મ.સા.ના શુભહસ્તે વિક્રમ સંવંત ૨૦૩૭ (૧૯૮૧)માં દીક્ષા લેનારા સૂરિમંત્ર આરાધક પૂ, આ. શ્રી હેમચન્દ્રસૂરિશ્વરજી મ.સા.એ સફળતાપૂર્વક ૪૫મા દીક્ષા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે. એ નિમિત્તે પ.પૂ. નાયક આ.ભ. શ્રી વિ. કલ્પતરુસુરિશ્વરજી મ.સા., પ્રશાંત મૂર્તિ પ.પૂ. આ.ભ. શ્રી વિ. તીર્થભદ્રસૂરિશ્વરજી મ.સા., પ.પૂ. આ.ભ. કીર્તિરત્ન સૂરિશ્વરજી મ.સા. આદિ થાણાની નિશ્રામાં માટુંગા જૈન સંઘમાં ગુરુભક્ત પરિવારજનોએ ઉત્સાહથી કાર્યક્રમ યોજ્યો હતો.

## સૂરિમંત્રની પિઠીકા અને નવ સ્મરણનું મહામાંગલિક

સુરતમાં આવેલા નાનપુરામાં દીક્ષા દાનેશ્વરી આચાર્ય શ્રીગુણરત્નસૂરિજી મ.સા.ના શિષ્ય પૂ. આચાર્ય શ્રી રવિરત્નસૂરિજી મ.સા.એ પચીસ દિવસ સૂરિમંત્રની ચોથીવારની ત્રીજી પિઠીકા પૂર્ણ કરી નૂતનવર્ષે બહાર પધાર્યા હતા. એ નિમિત્તે દેરાસરનું દ્વારોદ્ઘાટન, નૂતનવર્ષનું નવસ્મરણ અને શ્રી ગૌતમસ્વામી રાસનું શ્રવણ કરવામાં આવ્યું હતું. ગુરુપૂજન ચડાવો, ગુરુપૂજન થયું અને સંઘને ગુરુએ આશીર્વાદ આપ્યા હતા. સાથે જ સંગીતમય કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

# ગોરેગામની ટોપીવાલા માર્કેટનું ટલ્લે ચડેલું કામ ઝટ પૂરું કરવાનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોરેગામમાં આવેલી ટોપીવાલા માર્કેટના બાંધકામમાં લગભગ છ વર્ષનો વિલંબ થયા બાદ આખરે હવે મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીએ બાજી હવે પોતાના હાથમાં લીધી છે. ગુરુવારે તેમણે વ્યક્તિગત રીતે ટોપીવાલા માર્કેટ સાઈટની મુલાકાત લીધી હતી અને એ દરમિયાન તેમણે અધિકારીઓને ટોપીવાલા માર્કેટના ઉપરના બે માળાનું બાંધકામ ઝડપથી પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો, જેથી કરીને ભાડૂતો શક્ય એટલું વહેલી તકે વ્યવસાયિક હેતુ માટે તેનો ઉપયોગ કરી શકે.

મુંબઈ મહાનગરપાલિકાની માલિકીની ટોપીવાલા માર્કેટની જૂની બિલ્ડિંગ અને બાજુમાં આવેલા થિયેટરને ૨૦૧૮માં તોડી પાડવામાં આવ્યું હતું. જોકે કોરોના મહામારીને કારણે બાંધકામ અટવાઈ ગયું હતું અને કૉન્ટ્રેક્ટર નીમવામાં વિલંબ થયો હતો. ત્યારબાદ સુધારેલા પ્લાન મુજબ હવે ૩,૪૩૮ સ્કવેર મીટરના વિશાળ પ્લોટ માળની ૧૬ માળની બિલ્ડિંગ બાંધવામાં આવવાની છે, જેમાં ૮૦૦ લોકોની ક્ષમતા સાથેનું ઓડિટોરિયમ પણ બંધાશે. કમર્શિયલ જગ્યામાં ૨૦૬ દુકાનો હશે, જેમાં ૧૧૨ દુકાનો ગ્રાઉન્ડ ફ્લોર પર અને ૯૪ દુકાનો પહેલા માળે હશે. આ ઉપરાંત ઈમારતમાં ૨૩ રહેણાંક એપાર્ટમેન્ટ, ૧૯૨ વાહનો માટે પાર્કિંગની સુવિધા તેમ જ રુફટોપ એટલે કે બિલ્ડિંગની છત પર મનોરંજનની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ટોપીવાલા માર્કેટની મુલાકાત દરમિયાન કમિશનર ભૂષણ ગગરાણીએ કહ્યું હતું કે આ પ્રોજેક્ટને લગતા તમામ કામ સમયસર હાથ ધરાશે, જેથી કરીને આગામી વર્ષમાં આ જગ્યા કમર્શિયલ ઉપયોગ માટે ઉપલબ્ધ થઈ શકે. તેમ જ ભાડૂતોને પણ રાહત મળી રહે તે માટે પહેલા બે માળનું કામ પણ જલદી પૂરું કરવા પર ધ્યાન આપવાનું રહેશે. ૩૦ મહિનાની અંદર આ પ્રોજેક્ટનું કામ પૂરું કરવાનો નિર્દેશ પણ આ દરમિયાન કમિશનરે આપ્યો હતો. ગોરેગામ માર્કેટ ટ્રેડર્સ વેલફેર અસોસિયેશને ટોપીવાલા માર્કેટના રિડેવલપમેન્ટ માટે મુંબઈ મહાનગરપાલિકાના માર્કેટ ડિપાર્ટમેન્ટનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ મેસર્સ શશી પ્રભુ ઍન્ડ અસોસિયેટ્સને પ્રોજેક્ટ મેનેજર તરીકે નીમવામાં આવ્યા હતા એ ખાનગી કંપનીને ૧૨૭.૫૧ કરોડ રૂપિયાનો કૉન્ટ્રેક્ટ ૨૦૧૮માં આપવામાં આવ્યો હતો. બે વર્ષ કામ બંધ રહ્યા બાદ ૨૦૨૨માં કામ ફરી શરૂ થયું હતું. પરંતુ કૉન્ટ્રેક્ટરનો કૉન્ટ્રેક્ટ પૂરો થઈ ગયો હતો.

# ગેરકાયદે હૉર્ડિંગ્સની ફરિયાદ કરવા ટોલ ફ્રી નંબર જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ગેરકાયદે ગમે ત્યાં હૉર્ડિંગ્સ લગાવીને શહેરને કદરૂપું કરનારા લોકો વિરુદ્ધની મુંબઈ મહાનગરપાલિકાની કાર્યવાહી હવે વધુ આક્રમક થવાની છે. પાલિકાએ નાગરિકોને ગેરકાયદે હૉર્ડિંગ્સ અને જાહેરાત સદંર્ભમાં ૧૯૧૬ ટોલ ફ્રી નંબર પર ફરિયાદ કરવાની અપીલ કરી છે, સાથે જ વોર્ડ સ્તરે રાજકીય પક્ષ, સામાજિક સંસ્થા વગેરેને પ્રતિનિધિ અને અધિકારીઓને પત્ર લખીને રસ્તા તથા ફૂટપાથ પર મંજૂરી વગર હૉર્ડિંગ્સ તથા બેનરો લગાવવા નહીં એવી વિનંતી પણ કરવામાં આવી રહી છે. પાલિકો તાત્પૂરતા સ્વરૂપમાં જાહેરાતનું પ્રદર્શન કરવા માટે શહેરમાં જગ્યા ઉપલબ્ધ કરી આપી છે, જેમાં ૧,૦૧૭ જાહેરાતના બોર્ડ, ૨,૩૧૧ બસ સ્ટોપ અને ૩૨,૫૩૧ કિઓક્સ પ્રદર્શિત કરવાની મંજૂરી આપી છે. રાજકીય તેમ જ બિનરાજકીય હૉર્ડિંગ્સને મંજૂરી આપી હોય ત્યાં જ લગાડવાની અપીલ પણ પાલિકાએ કરી છે. સાર્વજનિક ઠેકાણે મંજૂરી વગર બેનરો, હૉર્ડિંગ, પોસ્ટર લગાડનારા સામે આકરા પગલા લેવાની ચીમકી પણ પાલિકા પ્રશાસને આપી છે. હાઈ કોર્ટના આદેશ મુજબ પાલિકાની હદમાં સાર્વજનિક ઠેકાણે લાઈસન્સ વગર કોઈ પણ સ્થળે હૉર્ડિંગ્સ, બેનરો અને પોસ્ટરો લગાડવા પર પ્રતિબંધ છે. સાર્વજનિક રસ્તા તેમ જ ફૂટપાથ પર પણ પાલિકાની મંજૂરી વગર લગાડી શકાય નહીં. નિયમનું ઉલ્લંઘન કરનારા સામે પાલિકાના નિયમમાં કાયદેસર કાર્યવાહી કરવાની જોગવાઈ છે. નિયમોનું ભંગ કરનારા સંબંધિત સામે ગુનો દાખલ કરવાનું તેમ જ કોર્ટમાં કેસ કરવાની જોગવાઈ પણ સમાવેશ થાય છે.

આ દરમિયાન પાલિકાએ નાગરિકોને તેમના વિસ્તારમાં ગેરકાયદે હૉર્ડિંગ્સ, બેનરો અથવા પોસ્ટરોની ફરિયાદ કરવા માટે ૧૯૧૬ ટોલ ફ્રી નંબર જાહેર કરવામાં આવ્યો છે. તેમ જ પાલિકાની વેબસાઈટ અને સોશિયલ મીડિયા પર પણ તેની ફરિયાદ કરવાની વિનંતી પાલિકાએ કરી છે.

# થાણેમાં રખડુ શ્વાને બે ફાયર અધિકારીને બચકું ભર્યું

મુંબઈ: થાણે શહેરમાં બસ સ્ટોપ નજીક ધરાશાયી થયેલા એક વૃક્ષને હટાવવા માટે આવેલા ફાયર બ્રિગેડના બે અધિકારીને રખડુ શ્વાને બટકું ભરતાં ઘાયલ થયા હતાં, એવું સુધરાઈના અધિકારીએ જણાવ્યું હતું. થાણેના ગામદેવી વિસ્તારમાં બુધવારે રાતે આ બનાવ બન્યો હતો. સિવિક ઈમરજન્સી રિસ્પોન્સ સેલને બુધવારે રાતે ગામદેવી વિસ્તારમાં આવેલા બસસ્ટોપ નજીક ઝાડ પડી ગયું હોવાની માહિતી મળી હતી, એવું થાણે પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું.

સુધરાઈના ફાયર સર્વિસના અધિકારીઓ અને રિજનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમના સભ્યો ઘટનાસ્થળે દોડી ગયા હતા. તેઓ જ્યારે પડી ગયેલા વૃક્ષને કાપી રહ્યા હતા ત્યારે એક રખડુ શ્વાને બે અધિકારીને બટકું ભરી લીધું હતું. બંને ઘાયલ અધિકારીને કલવાસ્થિત પાલિકા સંચાલિત હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. ધરાશાયી થયેલા ઝાડને અન્ય અધિકારીઓએ બાદમાં હટાવ્યું હતું. (પીટીઆઈ)

# મહાદેવ મુંડે હત્યા કેસમાં આરોપીઓની ૧૫ દિવસમાં ધરપકડ થવી જોઈએ: ભાજપના વિધાનસભ્ય

છત્રપતિ સંભાજીનગર: ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસે શુક્રવારે એવી માગણી કરી હતી કે મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં ૨૦૨૩માં થયેલા મહાદેવ મુંડે હત્યા કેસના આરોપીઓની ૧૫ દિવસમાં ધરપકડ કરવામાં આવે. જિલ્લા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ નવનીત કનવટને મળ્યા બાદ અને માગણી ઉઠાવ્યા બાદ ધસ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓને તપાસમાં સામેલ ન કરવા જોઈએ કારણ કે તેમના કથિત સંબંધો વાલ્મિક કરાડ સાથે છે, જે મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની હત્યા સાથે સંબંધિત ખંડણી કેસમાં આરોપી અને એનસીપી મંત્રી ધનંજય મુંડેના સહયોગી છે. ૨૨ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ બીડ જિલ્લામાં પરલી તહસીલ ઓફિસ નજીક મહાદેવ મુંડેની હત્યા કરવામાં આવી હતી, પરંતુ તેમના હત્યારાઓ હજુ પણ ફરાર છે, એમ તેમણે જણાવ્યું હતું.

# કાંજુરમાર્ગમાં પરિવારજનોને ત્રાસ આપનારા ભાઈની હત્યા: પિતરાઈ સહિત ત્રણ પકડાયા

## પિતરાઈએ આપી હતી હત્યા માટે ત્રણ લાખ રૂપિયાની સુપારી

મુંબઈ: કાંજુરમાર્ગ વિસ્તારમાં શસ્ત્રના ઘા ઝીંકી ૪૧ વર્ષના રાજેશ મનબીરસિંહ સારવાનની કરાયેલી હત્યાનો કેસ પોલીસે ઉકેલી કાઢી મૃતકના પિતરાઇ સહિત ત્રણની ધરપકડ કરી હતી. રાજેશ દારૂના નશામાં પરિવારજનોને ત્રાસ આપતો હતો અને પિતરાઇ સાથે પણ ઝઘડા કરતો હતો. રાજેશના ત્રાસથી કંટાળીને પિતરાઇએ તેની હત્યાની યોજના બનાવી હતી અને આ માટે ત્રણ લાખ રૂપિયાની સુપારી આપી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

કાંજુરમાર્ગ પોલીસે આ કેસમાં રાજેશના પિતરાઇ વિજય સારવાનની ધરપકડ કરી હતી, જ્યારે બે આરોપી રોહિત ચંડાલિયા (૨૯) અને સાગર પિવાળ (૩૦)ને ક્રાઇમ બ્રાન્ચે પકડી પાડ્યા હતા. બંનેને બાદમાં કાંજુરમાર્ગ પોલીસને હવાલે કરાયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર કાંજુરમાર્ગમાં મેટ્રો કારશેડ નજીક ૧૯ જાન્યુઆરીએ રાજેશનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. તેના માથામાં શસ્ત્રના ઘા ઝીંકવામાં આવ્યા હતા. કાંજુરમાર્ગ પોલીસે આ પ્રકરણે ગુનો નોંધી તપાસ આદરી હતી. પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે રાજેશ દારૂનો વ્યસની હતો અને દારૂના નશામાં તેના પિતરાઇ સાથે ઝઘડા કરતો હતો. ઉપરાંત પરિવારજનોને પણ ત્રાસ આપતો હતો. રાજેશના ત્રાસથી કંટાળીને પિતરાઇ વિજયે તેની હત્યા કરવાની યોજના બનાવી હતી. આ માટે તેણે વિલે પાર્લેમાં રહેતા રોહિત અને સાગરનો સંપર્ક સાધ્યો હતો અને રાજેશની હત્યા માટે તેમને ત્રણ લાખ રૂપિયાની સુપારી આપી હતી.

# પાણી પુરવઠાના બાકી કામ માટે વસઈ - વિરાર પાલિકાની બેઠક

પાલઘર: મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના વિરાર-વસઈ વિસ્તારમાં જળ જીવન મિશન, હર ઘર જલ યોજના અને અમૃત યોજના હેઠળ બાકી રહેલા કામની સમીક્ષા કરવા માટે શુક્રવારે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજવામાં આવી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

વસઈ-વિરાર મહાનગરપાલિકાની બેઠકમાં પાણી પુરવઠા યોજનાઓના અમલમાં રહેલા પડકારોને પહોંચી વળવા, બાકી રહેલા કામ અને પીવાના શુદ્ધ પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટેના ઉપાયો શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

વસઈ તાલુકામાં વિપુલ પ્રમાણમાં જળ ઉપલબ્ધ હોવા છતાં વસઈના અનેક ગામ, આદિવાસી વિસ્તારો અને હાઉસિંગ સોસાયટીઓમાં પાણીની તંગીની મુશ્કેલી અનુભવાઈ રહી છે. આ બેઠકમાં અધિકારીઓને વસઈના પૂર્વ અને પશ્ચિમ ભાગોમાં પાણીની પાઈપલાઈન નાખવા માટે જાણકારી આપવા અને ક્યાં સુધીમાં કામ પૂરું થશે એ જણાવવા કહેવામાં આવ્યું હતું. (પીટીઆઈ)

# પાલઘર પોલીસનો પ્રભાવશાળી ડિટેક્શન રેટ: ૧,૮૭૦ ગુના ઉકેલ્યા

પાલઘર: પાલઘર જિલ્લા ગ્રામીણ પોલીસે ૨૦૨૪માં ૮૭ ટકા ગુનાનો ઉકેલ લાવી લીધો છે. હત્યા, લૂંટ, બળાત્કાર જેવા ગુનામાં તેનો ડિટેક્શન રેટ ૧૦૦ ટકા રહ્યો છે. પાલઘર જિલ્લા પોલીસ વડામથકે મંગળવારે યોજાયેલી પત્રકાર પરિષદમાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ બાળાસાહેબ પાટીલે આંકડાવારી આપી હતી.

વર્ષ ૨૦૨૪માં ૨,૧૪૧ ક્રિમિનલ કેસ નોંધાયા હતા, જેમાંથી ૧,૮૭૦ કેસ અમે સફળતાથી ઉકેલી કાઢ્યા છે, જે ગત વર્ષની તુલનામાં માત્ર એક ટકા ઘટાડો દર્શાવે છે. અમે હત્યા, હત્યાનો પ્રયાસ, લૂંટ, દંગલ, બળાત્કાર અને ગંભીર ઇજા પહોંચાડવી સહિતના અનેક કેસમાં ૧૦૦ ટકા ડિટેક્શન રેટ હાંસલ કર્યો છે. ચેન-સ્નેચિંગ અને ચોરીની ઘટનામાં ગુનાના ઉકેલનું પ્રમાણ અનુક્રમે ૮૦ ટકા અને ૬૨ ટકા રહ્યું છે.

હત્યાના કુલ ૩૫ કેસ અને હત્યાના પ્રયાસના ૨૮ કેસનો અમે સફળતાથી ઉકેલ લાવ્યા છીએ. આર્થિક ગુનાની વાત કરીએ તો વિવિધ છેતરપિંડીના કેસમાં ૨૦.૨૦ કરોડ રૂપિયામાંથી ૧૪.૩૪ કરોડ રૂપિયા પાછા મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી છે, એમ તેમણે કહ્યું હતું. જિલ્લામાં ગયા વર્ષે ૧૮ વર્ષથી વધુ વયની પીડિતાઓ પર દુષ્કર્મની ૨૬ ફરિયાદ નોંધાઇ હતી, જ્યારે ૧૮ વર્ષથી ઓછી વયની પીડિતાઓ માટે પોક્સો (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ) એક્ટ હેઠળ ૫૧ કેસ નોંધાયા હતા.

# હિન્દુ મરણ

**માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

માંગરોળ નિવાસી હાલ દહીસર નીપા હિતેશ આંત્રોલિયા (ઉં. વ. ૫૬) હિતેશ નરેન્દ્ર આંત્રોલિયાના ધર્મપત્ની. સ્વ. દિવ્યપ્રભા તથા સ્વ. નરેન્દ્ર તારાચંદ આંત્રોલિયાના પુત્રવધૂ. દીપ તથા સૌ. ખ્યાતિ અંક્તિ શાહના માતુશ્રી. શીરીષ નરેન્દ્ર તથા સૌ. પ્રીતિ કેતન લોઢવિયાના નાનાભાઇના ધર્મપત્ની. પિયર પક્ષે સ્વ. કોકિલા અને જયસુખલાલ લખમીચંદ શાહના સુપુત્રી. તા. ૨૩-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૬-૧-૨૫ના રવિવાર વ્હાઇટ પીકોક પેરેડાઇઝ બેન્કવેટ હોલ, દૌલત નગર, રોડ નં.૧૦, ડી. એમ. હાઇસ્કૂલની નીચે, બોરીવલી (પૂર્વ), સાંજે ૪થી ૬.

**હાલાઇ લોહાણા**

મેસવાણ નિવાસી હાલ કાંદિવલીના સ્વ.જમનાબેન જમનાદાસ મોરારજી કારિયાના પુત્રવધૂ. ગં.સ્વ.અનસૂયાબેન (ઉં. વ. ૮૦) ૨૩/૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે અશોક (રાજુ)-દીપ્તિ, માલતી મયંક, પ્રિતી કીર્તિ, સોનલ પરેશના માતુશ્રી. સ્વ.મથુરાદાસ-સ્વ.વસુમતિ, સ્વ.કૃષ્ણકાંત-સ્વ.માયાબેન, સ્વ.મધુસુદનભાઈ-સ્વ.સરલાબેન, ગીરીશભાઈ-સૌ.શોભાબેન, સ્વ.ગુણવંતિબેન જગજીવનદાસ, ગં.સ્વ.ગીતાબેન મથુરાદાસના ભાભી. પિયરપક્ષે જૂથળવાળા સ્વ.રતિલાલ, સ્વ.ચુનીલાલ, મહેન્દ્રભાઈ, નવીનભાઈ, અમૃતભાઈ, રમેશભાઈ, દિલીપભાઈ, ગં.સ્વ.જયાબેનના બહેન. ધ્રુમિલ, પરીન, નિવાહ, શ્રુતિ અનુજ દોશી, મોનીકા, આશી, ધ્વનિ, પાર્થ, ધ્રુવી તથા જશના બા. સર્વપક્ષની પ્રાર્થનાસભા ૨૫/૧/૨૫ના ૪ થી ૬. રઘુલીલા મોલ, ચોથે માળે, જસ્મીન હોલ, પોઇસર ડેપો પાછળ, કાંદિવલી વેસ્ટ.

**પંચાલ મિસ્ત્રી**

ઘોલવડ નિવાસી હાલ મુંબઇ અ. સૌ. અરુણાબેન અમૃતભાઇ મિસ્ત્રી (ઉં. વ. ૭૪) તે કૈલાસવાશી અમૃતભાઇ ઇચ્છારામ મિસ્ત્રીના ધર્મપત્ની. નિલેશ, નૈનેશ, દીપ્તીના માતુશ્રી. મયંગ, હર્શાના સાસુજી. કૈ. લક્ષ્મણ દુલ્લભ પંચાલ કૈ. સરસ્વતી લક્ષ્મણ પંચાલના દીકરી. કૈ. શશીકાન્તભાઇ ઇશ્વરભાઇ કૈ. કિશોરભાઇના બહેન. ભરતભાઇ, મનહરભાઇના ભાભી.

ગુરુવાર, તા. ૨૩-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૧-૨૫ના શનિવારે સાંજે ૪થી ૬. ઠે.સૂરજ બિલ્ડિંગ કમ્પાઉન્ડમાં રાખેલ છે. રૂમ નં. ૪૧/૨, ૪૫/૨, સૂરજ બિલ્ડિંગ, જગન્નાથ ભાતણકરમાર્ગ, એલ્ફિસ્ટન રોડ, પ્રભાદેવી-મુંબઇ-૧૩.

**વાડાસિનોર દશાનીમા વણિક**

કોકીલાબેન પ્રવીણચંદ્ર કડકીયા (ઉં. વ. ૯૧) તે પ્રવીણચંદ્ર પી. કડકીયા (વલ્લભઘેલા) ના પત્ની. રેખાબેન, નીતા, મીનળ, માધવી, રૂપલ, સુનીલ, મયુર, કોકેશ તથા અનિષ અને જમાઇશ્રી. કમલેશભાઇ કોઠારી, પરેશ મોદી, નીતીન પરીખ, રાજેશ નાયક અને રાજેશ કુશળે તથા વહુઓ - ગીતા, પારૂલ, સેજલ અને પ્રીતી તા. ૧૭-૧-૨૫ના શુક્રવારના અમેરિકા ખાતે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૫-૧-૨૫ના શનિવારના સાંજે ૫થી ૭. ઠે. પાટીદાર હોલ, ફ્રેન્ચ બ્રીજ, મુંબઇ ખાતે, સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભાવસાર**

અ. સૌ. ગીતાબેન જયંતીલાલ ભાવસાર (ઉં. વ. ૬૧) તા. ૧૭-૧-૨૫ના સ્વર્ગવાસી થયા છે. તે સ્વ. શારદાબેન ચંદુલાલ ભાવસારના સુપુત્રી. જયંતીલાલ પુરુષોતમભાઇ ભાવસારના પત્ની. નમ્રતાબેન, ચાંદનીબેન, સલોનીબેન, કેવલભાઇના મમ્મી. તુષારકુમાર, ગૌરવકુમાર, પાર્થકુમાર અને તનવીબેનના સાસુમા. શ્રીજા, વિહા, અને વ્યાપ્તીના નાનીમાં. પ્રાર્થનાસભા તા. ૨૬-૧-૨૫ના રવિવારના સાંજે ૪થી ૬. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, પારેખ લેન, એસ. વી. રોડ કોર્નર, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. મંજુલાબેન મનહરલાલ નરસિંહરામ માણેકના મોટા પુત્ર ઇલાબેનના પતિ હૃદયેશભાઇ (જીગુ) (ઉં. વ. ૬૪) તા. ૨૩-૧-૨૫ના રામશરણ પામેલ છે. તે શિખા અને પૃર્થીના પિતા. સ્વ. જમનાબેન શંકરલાલ જોબનપુત્રાના જમાઇ. તે હિતેશભાઇ, અ. સૌ. પ્રજ્ઞાબેન રાજેશભાઇ પંડિતપૌત્રા, અ. સૌ. ઇલાબેન જગદીશભાઇ વાઘાણીના ભાઇ. સ્વ. ચર્તુલક્ષ્મી મુળરાજ કોટક, દિલીપભાઇ, ઉર્મિલા દેવેન્દ્રભાઇ રેલન, પ્રતિભા ગીરીશભાઇ ઠક્કર, મૃદુલા રાજાભાઇ રવાસિયા, અંજના ઠક્કરના બનેવી. પ્રાર્થનાસભા તા. ૨૫-૧-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કાંદિવલી નિવાસી મથુરાદાસ અને કસ્તુરબા ઠક્કરના સુપુત્ર મધુસુદન (ઉં. વ. ૭૫) ગુરુવાર, તા.૨૩-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે પોરબંદરવાળા કમળાબેન જમનાદાસ ઠકરાર (ચોપડાવાળા)ના જમાઇ. તરલાબેનના પતિ. સુહૃદ, તૃપ્તિના પિતાશ્રી. ઉમંગ પારેખના સસરા. મંજુલાબેનના ભાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૭-૧-૨૫ના કાંદિવલી મહાજન વાડી, ૧લે માળે, સાંજે ૫થી ૭.

**દશા શ્રીમાળી વૈષ્ણવ**

દાદર નિવાસી હાલ ડોમ્બિવલી ભરતભાઇ મહેતા (ઉં. વ. ૭૯) તા. ૨૨-૧-૨૫ના બુધવારના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. કમળાબેન શાંતિલાલ મહેતાના સુપુત્ર. સ્વ. જસુબેન ધારશીભાઇ શેઠના જમાઇ. રેખા (રંજન)ના પતિ. વર્ષા અને જીનલના પિતા. અમીષ મહેન્દ્ર શાહના સસરા. સ્વ. હર્ષદભાઇ, સ્વ. હેમંતભાઇ, સ્વ. દિલીપભાઇ, સ્વ. ચિત્રલેખાબેન, સ્વ. ગીતાબેન, રાજુલાબેનના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાંચગામ વિશા ઝારોળા વણિક**

કુણઘેર નિવાસી હાલ મુંબઈ ગં.સ્વ. લતાબેન (ઉં.વ. ૮૬) તે સ્વ. હસમુખલાલ વાડીલાલ અમૃતલાલ શાહનાં પત્ની. મહેસાણા નિવાસી સ્વ. ચંદનબેન તથા સ્વ. કાલિદાસ નથુભાઈ શાહનાં દીકરી. તે અ.સૌ. હેતલના માતુશ્રી. અમિતકુમાર પ્રવીણચંદ્ર શાહના સાસુ. હીરલ અને દીપલનાં નાનીમા. સ્વ. નવીનભાઈ, કિશોરભાઈ, મહેશભાઈ, જયશ્રીબેન, વિણાબેન અને તરલાબેનના ભાભી. ગુરુવાર, તા. ૨૩-૧-૨૫નાં શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવ્યા છે.

**સુરતી દીંડુ વણિક માહેશ્વરી**

દ્રુશાન અમય એન્જિનિયર (ઉં. વ. ૩૦) તા. ૨૨-૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે નીપા તથા અમય એન્જિનિયરના પુત્ર. સ્વ. જગદીશભાઈ એન્જિનિયર તેમ જ જયશ્રીબેનના પૌત્ર. મીમાંશા મેહુલ કાપડિયાના ભત્રીજા. જશવંતલાલ રાવલ, શકુન્તલાબેન રાવલનો દોહિત્ર. બિશ્વેસ જશવંતલાલ રાવલ અને મનીષા રાવલના ભાણેજ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૫-૧-૨૫ના ૫ થી ૭. શ્રી બ્રજમંડળ બેંક્વેટ હોલ, ૨૯, ડૉ. આત્મારામ રાંગણેકર માર્ગ, ઑફ હ્યુજીસ રોડ, સ્ટારબક્સ કૉફીની સામે, ચોપાટી, મુંબઈ-૪૦૦૦૦૭.

**પરજીયા સોની**

મોટા ખુતાવડા નિવાસી હાલ અગાશી (વિરાર) અ.સૌ ગીતાબેન ધોરડા (ઉં. વ. ૭૫) તા.૨૨/૧/૨૫ને બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. ધીરજભાઈ પ્રભુદાસ ધોરડાના ધર્મપત્ની. સ્વ. તુલસીદાસ જબરાભાઈ સાગર (જેસર)ના દિકરી. સ્વ.ધીરજભાઈ, સ્વ.અરવિંદભાઈ, સ્વ.નટવરભાઈ, સ્વ.બાબુભાઈ, સ્વ.બાવલાભાઈ સાગરના બેન, સ્વ.નંદલાલભાઈ, સ્વ.માનુંભાઈ, સ્વ.નટવરલાલભાઈ, સ્વ.પ્રકાશભાઈ ધોરડા, નિર્મલાબેન કાંતિલાલ સતીકુંવરના ભાભી. વિપુલભાઈ તથા હિતેશભાઈના માતુશ્રી. તા ૨૨/૧/૨૦૨૫ શ્રીજીચરણ પામ્યા છે. તેમની સાદડી તા.૨૫/૧/૨૦૨૫ને શનિવાર ૪ થી ૬. પ્રેમ વલ્લભ હોલ,વિરાટ નગર, વિરાર વેસ્ટ.

**કપોળ**

રાજુલાવાળા હાલ બોરીવલી સ્વ.હર્ષાબેન અને પ્રવીણભાઈ ભવાનીદાસ શેઠનાં સુપુત્ર, નિકુંજભાઈ (ઉં. વ. ૪૭) દિનાંક ૨૧.૦૧.૨૫નાં મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે રીંકુનાં પતિ. શોર્યનાં પપ્પા. આશિષ અને હેમાલી હિતેશ કુમાર વોરાનાં ભાઈ, સ્વ.ઉષાબેન અને સ્વ.નરેન્દ્રભાઈ પરીખનાં જમાઈ. સર્વ પક્ષીય પ્રાર્થનાસભા દિનાંક ૨૬.૦૧.૨૫નાં રવિવારે ૪ થી ૬. પાવનધામ, પહેલે માળે, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**ખંભાત દશા શ્રીમાળી વણિક**

ખંભાતના વતની હાલ કલ્યાણ સ્વ.શારદાબેન અંબાલાલ શાહના પુત્ર દિનેશચંદ્ર શાહ (ઉં. વ. ૮૬) તે શ્રીમતી હેમલતાબેનના પતિ. ઉત્પલ અને કેયુરના પિતાશ્રી. સંગીતા અને ભાવિતાના સસરા. સ્વ.મહેન્દ્રભાઈ, સ્વ.નવીનભાઈ, સ્વ.બંસીલાલ, સ્વ.અરવિંદભાઈ, સ્વ.કિશોરભાઈ, ચંદ્રકાંતભાઈ, સ્વ.ભારતીબેન મહેશકુમાર શાહના ભાઈ. સ્વ.ચંપાબેન ગાંડાલાલ શાહના જમાઈ. તા.૨૪.૧.૨૫ શુક્રવારના શ્રીજી ચરણ પામેલ છે, લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

વિંછીયાવાળા હાલ મુંબઈ નિવાસી નિતાબેન સલ્લા (ઉં. વ. ૭૦), તે સ્વ. અનિલ બાબુલાલ સલ્લાના ધર્મપત્ની. તે રાધાબેન જીવરાજભાઈ ધોરડાના દિકરી. તે શ્રદ્ધા, પરીન (મોટું) અને ગ્રીષ્માના મમ્મી. તે ક્રિષ્ણા અને કિયારાના દાદી. ગુરૂવારે તા. ૨૩-૦૧-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલા છે. પ્રાર્થનાસભા અને લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

# પારસી મરણ

ફ્રેની જાલ ગીમી તે મરહુમ જાલ એફ. ગીમીના વિધવા. તે મરહુમો ગુલ તથા લવજી લવંગીયાના દીકરી. તે શાહરૂખ જાલ ગીમીના મમ્મી. તે મરહુમ બરજોર લવજી લવંગીયાના બહેન. તે મરહુમ ખોરશેદ તથા ફ્રામરોઝ ગીમીના વહુ (ઉં. વ. ૮૨) રે. ઠે.: ૩૪૭/ સી યુનાઈટેડ ચેમ્બર્સ, ફ્લેટ નં. ૫૦, ગ્રાન્ટરોડ પૂર્વ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૬-૦૧-૨૦૨૫ને બપોરે ૦૩.૪૫ વાગે, ગ્રાન્ટરોડ મધ્યે કામાબાગ અગિયારીમાં.

માલકમ પુરવીશ સોલીના તે નફીસા એમ. સોલીનાના ખાવિંદ. તે મરહુમો નરગીશ તથા પુરવીશના દીકરા. તે શીરાઝદ એમ. સોલીનાના પપ્પા. તે તાહાના ફુવા. તે રશીદા તથા મરહુમ ઝાકીયુદીન મદ્રાશવાલાના જમઈ. તે જોરીશના બ્રધન ઈન લો (ઉં. વ. ૫૭) રે. ઠે.: પ્લોટ નં. ૪૫, ડીનડોશી હિલ બિલ્ડિંગ, ફ્લેટ નં. જી-૨, ૧૫મો રોડ, ખાર જીમખાનાની સામે, મુંબઈ-૪૦૦૦૫૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૬-૦૧-૨૦૨૫ને બપોરે ૦૩.૪૦ કલાકે માહિમ મધ્યે માહિમ અગિયારીમાં.

વિલિ દાદીબા ભાથેના, તે દાદીબા હોરમસજી ભાથેનાના પત્ની. તે બહાદુર જહાંગીર વઝીર અને ફ્રૂમી બહાદુર વઝીરના પુત્રી. તે ફરીદા અને ગુલરૂખના માતા. તે સિલૂનાં બહેન. તે બાનુ અને હોરમસજીના સાસુ. રે. ઠે. ૨૧૦૨-એ, વીડિયોકોન ટાવર્સ, ઠાકુર કોમ્પ્લેક્સ, કાંદિવલી-ઇસ્ટ, મુંબઇ-૪૦૦૧૦૧.

અસ્પી પેસ્તનજી તવડિયા તે ઝરીન એ. તવડિયાના ખાવીંદ. તે મરહૂમો માણેક તથા પેસ્તનજીના દીકરા. તે ફરઝાના એ. તવડિયા ને રૂઝબેહ એ. તવડિયાના પપ્પા. તે મરહૂમો જાલ ને સરોશના ભાઈ. તે મરહૂમો ગુલામાય તથા હોરમસજી બુહારીવાલાના જમાઈ. તે મરહૂમો ફ્રેની, મેહરૂ, ફ્રસી ને દારાના બનેવી. (ઉં.વ. ૯૨) રે.ઠે: ફ્લેટ નં. ૨૦૪, હોમ કોર્ટ, લોખંડવાલા કોમ્પ્લેક્સ, અંધેરીની સામે, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૫-૧-૨૦૨૫ને બપોરે ૩.૪૦ કલાકે બાન્દ્રા મધે તાતા અગ્યારીમાં.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમરેલી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ધનકુંવરબેન ધીરજલાલ દેમાણીના સુપુત્ર સ્વ. જગદીશચંદ્રના ધર્મપત્ની હંસાબેન (ઉં. વ. ૮૧) તા. ૨૩-૧-૨૫ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે અ. સૌ. મનિષા, પ્રજ્ઞેશ (પરેશ), ભાવેશના માતુશ્રી. તે નિલેશભાઇ, ચેતના (પીંકી), હેતલના સાસુ. તે જીનલ, સ્મિતના દાદી. કરણ, સલોનીના નાની. તે વેરાવળ હાલ ઘાટકોપર સ્વ. શાંતાબેન કાન્તિલાલ શાહના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડીયાના સ્વ. મોતિલાલ ભચુ જીવરાજ ગાલા (કાચ્છી) (ઉં. વ.૭૮) બુધવાર તા. ૨૨-૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી નાથીબેન ભચુના સુપુત્ર. રંજનબેનના પતિ. ગીતા, મુકેશ, રાજેશ, સ્વ. કેતનના પિતાશ્રી. ભાવના, મનિષા, સ્વ. રસીક પદમશી છાડવાના સસરા. વિનિત, પ્રિયાંશી, વીર, ધ્વની, માનવના દાદા. લાકડીયાના માતુશ્રી રાજીબેન દેવજી રાયશી છેડાના જમાઇ. પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૫-૧-૨૫ના ૧૦.૩૦થી ૧૨. ઠે. એફ/૧૦૨, યોજના સોસાયટી, નટવર નગર રોડ નં.૫, જોગેશ્વરી (ઇસ્ટ).

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મોટી પાનેલી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. પદ્માબેન તથા સ્વ. હસમુખરાય ફુલચંદ શાહના પુત્રવધૂ હેમા નિતેશ શાહ (ઉં.વ. ૪૬) તા. ૨૩-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે બેલા હિતેષ શાહના દેરાણી. કેતના ચેતન વસાના ભાભી. કરિશ્મા આકાશ અમલ તથા નિધિ જય છેડાના કાકી. પિયર પક્ષે હસુમતીબેન રમણીકભાઈ કોઠારીની સુપુત્રી. તે પ્રતિભાબેન, કિંજલબેન, અનીતાબેન અને ચિંતનના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાવણી નિવાસી હાલ મીરારોડ ગં.સ્વ. લાભુબેન ભગવાનજી ગાઠાણીના સુપુત્ર કિશોરભાઈ (ઉં.વ. ૭૫) તે સ્વ. ઉર્મિલાબેનના પતિ. ચિ. તુષાર, અ.સૌ. શીતલ તથા અ.સૌ. જસ્માના પિતાશ્રી. દિપાલી ગાઠાણી, નિલેશ પંચમિયા તથા કેતન હરિયાનાં સસરા. સ્વ. વિનોદરાય, શશિકાંત, દિનેશ, ગં.સ્વ. સરોજ નરેન્દ્ર સરવૈયા, અનિલા રિપુન રૂપાણી, પ્રતિભા અતુલ ભરવાડા તથા નયના યતીન ઘેલાણીના મોટાભાઈ. વિભા, માલતી અને ચંદ્રિકાના જેઠ. સ્વ. પ્રાણલાલ હરજીવન શેઠના જમાઈ. તા. ૨૩-૧-૨૫નાં અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના મણીબેન (પાનબાઈ) લક્ષ્મીચંદ કેશવજી દેઢિયા (ઉં. વ. ૮૮) તા. ૨૩-૧-૨૫ના દેવલોક પામ્યા છે. માતુશ્રી કલ્યાણબાઈ કેશવજીના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીચંદભાઈના ધર્મપત્ની. સ્વ. મહેશ, ચેતનાના માતુશ્રી. કોટડા (રોહા)ના (ખેતબાઈ) લક્ષ્મીબાઈ હીરજી હેમરાજ ગાલાના દીકરી. કોટડા (રો.) વાસંતી સતીષ, જ્યોતિ મહેન્દ્ર, પુષ્પા કાંતિ, ગઢશીશાના પુષ્પા મોરારજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ભૂમિત મહેશ દેઢિયા, વીંગ ૧૨ ફ્લેટ નં. ૪૨, વિજય વિલાસ ટોરસ કાવેસર, ઘોડબંદર રોડ, થાણા-૪૦૦૬૧૫.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

ધોરાજી નિવાસી હાલ ભાયંદર સ્વ.મહેન્દ્રભાઈ અમૃતલાલ શાહના ધર્મપત્ની ગં.સ્વ. ભારતીબેન (ઉં. વ. ૭૬) તે અમી દિપક શાહ, આરતી અર્જુન ઘોગળેના માતુશ્રી. સ્વ.ગોકળદાસ, સ્વ.રસિકલાલ, સ્વ.હરિલાલ, સ્વ.ચંદુલાલ, સ્વ. વિનોદભાઈ, સ્વ.ભુપતભાઇ, સ્વ.મુક્તાબેન, સ્વ.કાંતાબેનના ભાભી. પિયરપક્ષે સ્વ.બાબુલાલ તારાચંદ દોશીના દીકરી. સ્વ.હસમુખભાઈ, સ્વ.ધીરજલાલના બહેન. ૨૨/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સાત સાહસિક બહેનોના મેઘધનુષ સમી ફિલ્મ 'ઉંબરો'ની ટીમ 'મુંબઈ સમાચાર'માં




ગઈ કાલે ગુજરાતી ફિલ્મ 'ઉંબરો' રીલિઝ થઈ હતી અને એ જ ફિલ્મની ટીમે ગઈ કાલે 'મુંબઈ સમાચાર'ના કાર્યાલયની મુલાકાત પણ લીધી હતી. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હવે નિયમિત નીત અવનવી ફિલ્મો ઈન્ડસ્ટ્રીમાં આવતી રહે છે, જેમાં મોટા ભાગની ફિલ્મો લોકોને પસંદ પડવા લાગે છે. આ વખતે ઈન્ડસ્ટ્રીમાં નવી ફિલ્મે એન્ટ્રી કરી છે અને ફિલ્મનું નામ છે ઉંબરો. શુક્રવારે ફિલ્મને રિલીઝ કરવામાં આવી ત્યારે 'ઉંબરો' ફિલ્મની ટીમના કલાકારોએ 'મુંબઈ સમાચાર'ની મુલાકાત લીધી હતી.

ફિલ્મના અનુભવો અંગે વાત કરતા નિર્દેશક અભિષેક શાહે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે આ એક ટ્રાવેલ ફિલ્મ છે, જેમાં મુખ્ય નવ કલાકાર છે. બે કલાકને પંદર મિનિટની ફિલ્મમાં નવેનવ કલાકારોએ સરખી ભૂમિકા ભજવી છે, જ્યારે તમામ લોકોએ દમદાર અભિનય કર્યો છે. અલબત્ત, ૨૧ દિવસમાં પૂરી કરેલી ફિલ્મનું શૂટિંગ ૯૫ ટકા ફિલ્મ લંડનમાં કર્યું હતું, જે એક જોરદાર અનુભવ છે. જોકે, વિદેશમાં ફિલ્મોના શૂટિંગના અનુભવના સવાલના જવાબમાં અભિષેકે કહ્યું હતું કે સનરાઈઝથી શરૂ કરીને સનસેટ સુધીમાં અમારે ફિલ્મનું શૂટિંગનું પેકઅપ કરતા અને મુશ્કેલી થતી. જોકે, હવામાનના અનેક પડકારો વચ્ચે પણ અમે બધા કુશળ એકસાથે રહીને સફળતાપૂર્વક ફિલ્મ પૂરી કરી હતી એનો આનંદ છે.

આ ફિલ્મમાં સરિતાબેન સોલંકીનું પાત્ર ભજવનાર તેજલ પંચાસરાએ ફિલ્મના કલાકારોથી લઈને મ્યુઝિક અંગે વાત કરતા કહ્યું હતું કે ફિલ્મમાં મ્યુઝિક મેહુલ સુરતીએ આપ્યું છે. ફિલ્મમાં સાવ અંતરિયાળ વિસ્તારમાં રહેતી મહિલા છેક લંડન પહોંચે છે, જે એક સિદ્ધિ સાથે સસ્પેન્સની બાબત છે. મારા ઉપરાંત ફિલ્મમાં અન્ય અભિનેત્રીઓએ પણ આગવી ભૂમિકા ભજવી છે.

દરમિયાન ફિલ્મના અભિનેતા આર્જવ ત્રિવેદીએ ફિલ્મ અંગે કહ્યું હતું કે ફિલ્મમાં સાત સાહિસક બહેનોની ભૂમિકા મેઘધનુષ સમાન છે. ફિલ્મના ટાઈટલ અંગે વાત કરતા કહ્યું હતું કે વાસ્તવમાં આ ફિલ્મનું નામ ઉંબરો છે, જે એક તહેવાર સમાન છે. ફિલ્મમાં કીર્તિનો અભિનય કરનારા સંજય ગલસર 'મુંબઈ સમાચાર' સાથે કરતા કહ્યું હતું કે મહિલાઓએ જે ટ્રાવેલ કરે છે એ પહેલી વાર લંડનમાં એકલા ટ્રાવેલ કરે છે.

કિરણ અને કીર્તિ સાથે મળીને ટ્રાવેલ એજન્સી ચલાવે છે, જ્યારે ગુજરાતના અલગ અલગ ખૂણામાંથી સાત મહિલાઓ એક ટૂર કંપની દ્વારા લંડન પહોંચી છે, જ્યાં અનેક અવરોધો આવવા છતાં તેઓ તમામ મર્યાદાઓ તોડે છે. ઉંબરો ઓળંગીને એકલા ટ્રાવેલ કરીને સફળતાનો શિખરો સર કરે છે, જે ચોક્કસ લોકોને પસંદ એવી સ્ટોરી છે. ફિલ્મની ટીમમાંથી નિર્દેશક અભિષેક શાહની સાથે અભિનેતા આર્જવ ત્રિવેદી, સંજય ગલસર અને અભિનેત્રી તેજલ પંચાસરાએ 'મુંબઈ સમાચાર'ની મુલાકાત લીધી હતી. મુંબઈ સમાચારના ભવ્ય વારસાને જોઈને ટીમે ખુશી વ્યક્ત કરી હતી.

તમારી જાણ ખાતર જણાવી દઈએ કે નેશનલ એવોર્ડ વિનિંગ ફિલ્મ 'હેલ્લારો'નો નિર્દેશક અભિષેક શાહ દ્વારા વધુ એક 'ઉંબરો' ફિલ્મનું નિર્દેશન કરવામાં આવ્યું છે. ફિલ્મમાં સાત સાહસિક અભિનેત્રિમાં વંદના પાઠક, કાજલ ઓઝા વૈદ્ય, તેજલ પંચાસરા, તર્જની ભાડલા, વિનીતા જોશી, જ્યારે અભિનેતામાં આર્જવ ત્રિવેદી, સંજય ગલસર સહિત અન્ય કલાકારોએ કામ કર્યું છે. ■

# સૈફની બિલ્ડિંગના સીસીટીવીમાંનો આરોપી શરીફુલ જ હોવાની ખાતરી કરવા માગે છે પોલીસ

## શરીફુલનું ફેશિયલ રેકગ્નિશન કરવામાં આવશે: કોર્ટે તેને પાંચ દિવસની કસ્ટડીમાં સોંપ્યો

મુંબઈ: બોલીવૂડના સ્ટાર સૈફ અલી ખાન પર છરીથી હુમલો કર્યા પછી બિલ્ડિંગના સીસીટીવી કૅમેરામાં દેખાયેલો શકમંદ શરીફુલ ફકીર જ હોવાની પોલીસ ખાતરી કરવા માગે છે. આ માટે ધરપકડ કરાયેલા આરોપી શરીફુલ ફકીરનું ફેશિયલ રેકગ્નિશન કરવામાં આવશે, એવી માહિતી પોલીસે કોર્ટમાં આવી હતી.

બાન્દ્રાના ફ્લૅટમાં ચોરીને ઇરાદે ઘૂસી સૈફ પર છરીથી હુમલો કરવાના કેસમાં પોલીસે ઘોડબંદર રોડ પરના મૅન્ગ્રોવ્ઝમાંથી શનિવારની મધરાતે આરોપી શરીફુલ ઈસ્લામ શેહઝાદ મોહમ્મદ રોહિલ્લા અમીન ફકીર (૩૦)ની ધરપકડ કરી હતી. પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી તેને શુક્રવારે ફરી બાન્દ્રા કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. કોર્ટે તેને ૨૯ જાન્યુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. આરોપીની વધુ કસ્ટડીની માગતાં કરતાં પોલીસે કોર્ટમાં જણાવ્યું હતું કે તપાસમાં નોંધપાત્ર પ્રગતિ થઈ રહી છે અને આ કેસમાં મહત્ત્વપૂર્ણ પાસાઓ પર આરોપીની પૂછપરછ કરવાની બાકી છે.

સરકારી વકીલ કે. એસ. પાટીલ અને પ્રસાદ જોશીએ દલીલ કરી હતી કે સૈફની બિલ્ડિંગમાંથી તાબામાં લેવાયેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં નજરે પડતો શકમંદ શરીફુલ જ છે તેની ખાતરી કરવા તેનું ફેશિયલ રેકગ્નિશન કરવું જરૂરી છે.

સીસીટીવી ફૂટેજમાં દેખાયેલો આરોપી પોતાનો પુત્ર ન હોવાનો દાવો શરીફુલના પિતાએ કર્યા બાદ પોલીસે ફેશિયલ રેકગ્નિશનનો નિર્ણય લીધો હોવાનું કહેવાય છે. તેના પિતાએ આક્ષેપ કર્યો હતો કે અમુક સમાનતાઓને કારણે શરીફુલને આ કેસમાં સંડોવવામાં આવ્યો છે.

મૅજિસ્ટ્રેટ કે. સી. રાજપૂતે ગુનાનો પ્રકાર અને તપાસની પ્રગતિ જોતાં આરોપીની કસ્ટડી વધારવાની જરૂર હોવાનું નોંધ્યું હતું.

સૈફના ઘરમાંથી મળેલાં શૂઝનાં નિશાન અને આરોપીના ફૂટપ્રિન્ટ્સની પોલીસ તપાસ કરી રહી છે. આરોપીએ હુમલા સમયે પહેરેલાં શૂઝ હજુ હસ્તગત કરી શકાયાં નથી. એ સિવાય સૈફની પીઠ પર જે છરીથી હુમલો કરાયો હતો તેનો એક ટુકડો હજુ મળ્યો નથી અને આરોપી તપાસમાં સહકાર આપતો નથી, એમ અધિકારીએ કોર્ટમાં જણાવ્યું હતું.

કોર્ટમાં એવું પણ જણાવાયું હતું કે આરોપીનું બાંગ્લાદેશનું ડ્રાઈવિંગ લાઈસન્સ મળી આવ્યું છે, જેના પરથી ખાતરી થાય છે કે તે બાંગ્લાદેશનો વતની છે.

આરોપી ભારતમાં વિજય દાસ નામે રહેતો હતો. આ માટે તેને બનાવટી આધાર કાર્ડ અને પૅન કાર્ડ બનાવી આપવામાં મદદ કરનારાની પણ તપાસ કરવી જરૂરી છે, એવું સરકારી વકીલે જણાવ્યું હતું.

શરીફુલના વકીલ દિનેશ પ્રજાપતિ અને સંદીપ શેરકાન્હેએ પોલીસની અરજીનો વિરોધ કર્યો હતો અને ઘટનાની વિશ્વસનીયતા પ્રત્યે શંકા વ્યક્ત કરી હતી. તેમણે દલીલ કરી હતી કે સૈફ પાસે પૂરતો સમય હતો છતાં તેણે મદદ માટે પોલીસને બોલાવી નહોતી. પોલીસ કહે છે તેમ ચાકુનો ટુકડો શોધવા માટે આરોપીની કસ્ટડી વધારવાનું આવશ્યક નથી. તેને અદાલતી કસ્ટડીમાં મોકલી આપવાની દલીલ તેમણે કરી હતી. (પીટીઆઈ)■

## હું ને કરીના બેડરૂમમાં હતાં ત્યારે જેહની નૅનીની ચીસાચીસ સંભળાઈ...

### સૈફે પોલીસને નોંધાવેલા નિવેદનમાં સિલસિલાબંધ વિગતો જણાવી

મુંબઈ: સૈફ અલી ખાન પરના હુમલાના કેસમાં પોલીસે ગુરુવારે તેનું નિવેદન નોંધ્યું ત્યારે સૈફે ઘટના સમયે ખરેખર શું બન્યું હતું તેની સિલસિલાબંધ વિગતો જણાવી હતી. સૈફના કહેવા મુજબ તે કરીના સાથે બેડરૂમમાં હતો ત્યારે પુત્ર જેહની નૅનીની ચીસાચીસ સંભળાઈ અને પછી તે મદદ માટે દોડી આવ્યો હતો.

બાન્દ્રા પોલીસ સ્ટેશનના અધિકારીઓની એક ટીમ ગુરુવારે સૈફનું નિવેદન નોંધવા તેના નિવાસસ્થાને ગઈ હતી. હૉસ્પિટલમાં સારવાર પછી ડિસ્ચાર્જ મેળવ્યાના બે દિવસ પછી સૈફે તેની સાથે બનેલી ઘટનાને ફરી યાદ કરી હતી.

સૈફે નિવેદનમાં જણાવ્યું હતું કે સતગુરુ શરણ બિલ્ડિંગના ૧૧મા માળે આવેલા ફ્લૅટના બેડરૂમમાં તે પત્ની કરીના સાથે હતો. મળસકે અઢી વાગ્યાની આસપાસ અચાનક નાના પુત્ર જેહની નૅની એલિયામા ફિલિપ્સનની ચીસો સંભળાઈ હતી. તે તરત બેડરૂમની બહાર નીકળીને પુત્રની રૂમ તરફ દોડ્યો હતો.

સૈફના કહેવા મુજબ તેણે ફ્લૅટમાં ઘૂસેલા યુવાનને રોકવાનો પ્રયાસ કરી બળપ્રયોગ કર્યો હતો, પરંતુ હુમલાખોરે તેના પર છરીથી હુમલો કર્યો હતો. આ હુમલામાં સૈફ ગંભીર રીતે ઘવાયો હતો. સારવાર માટે તેને લીલાવતી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. આ કેસમાં પોલીસે અગાઉ સૈફની અભિનેત્રી પત્ની કરીના કપૂર અને ઘરમાં કામ કરનારા સ્ટાફનાં નિવેદન નોંધ્યાં હતાં.

સૂત્રોના જણાવ્યા મુજબ સૈફે પણ હુમલાખોરને ઓળખી કાઢ્યો હતો. સૈફના પરિવારના સભ્યો સિવાય પોલીસે જખમી અવસ્થામાં સૈફને લીલાવતી હૉસ્પિટલ લઈ જનારા રિક્ષા ડ્રાઈવરનું પણ નિવેદન નોંધ્યું હતું. ઉલ્લેખનીય છે કે ૧૬ જાન્યુઆરીના મળસકે અઢી વાગ્યાની આસપાસ સૈફ પર તેના જ ફ્લૅટમાં ઘૂસેલા આરોપીએ છરીથી હુમલો કર્યો હતો. (પીટીઆઈ) ■

# ઓપરેશન ધનુષ્ય-બાણ શરૂ?

## ઉદ્ધવ ઠાકરેને મોટો ફટકો, ૪૦ વર્ષથી સાથે રહેલા વરિષ્ઠ નેતાનું રાજીનામું

રત્નાગિરી: ઠાકરે જૂથના વડા ઉદ્ધવ ઠાકરેને રત્નાગિરીમાં મોટો આંચકો લાગ્યો છે. ૪૦ વર્ષથી પાર્ટી સાથે રહેલા ભૂતપૂર્વ જિલ્લા પ્રમુખ સચિન કદમે પાર્ટી છોડી દીધી છે. ભૂતપુર્વ જિલ્લા પ્રમુખ સચિન કદમે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને 'જય મહારાષ્ટ્ર' કરી દીધા છે. સચિન કદમે કહ્યું છે કે તેમણે વ્યક્તિગત કારણોસર તેમના પદ અને પાર્ટીમાંથી રાજીનામું આપ્યું છે. ભાસ્કર જાધવ અને સચિન કદમ વચ્ચેનો સંઘર્ષ જાહેરમાં આવ્યો છે.

દરમિયાન સચિન કદમના અચાનક રાજીનામાથી રત્નાગિરીમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં ખળભળાટ મચી ગયો છે. શિવસેનામાં ચાલીસ વર્ષ સક્રિય કાર્ય કર્યા પછી, સચિન કદમે પાર્ટીને અલવિદા કરી દીધું છે. સચિન કદમ અનંત ગીતે અને વિનાયક રાઉતના વિશ્વાસુ કાર્યકર તરીકે જાણીતા છે. રાજકીય વર્તુળો સચિન કદમની આગામી ભૂમિકા પર ધ્યાન આપી રહ્યા છે.

આ દરમિયાન, સચિન કદમે જવાબ આપ્યો છે કે તેઓ હાલમાં ક્યાંય જવાના નથી. રત્નાગિરી જિલ્લામાં સચિન કદમ શિંદેની સેનામાં જોડાશે તેવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જોકે, સચિન કદમે કહ્યું છે કે તેઓ હાલમાં કોઈ પણ પક્ષમાં જોડાશે નહીં.

નેતાઓ અને વિધાનસભ્યો ઠાકરેની પાર્ટી છોડશે તેવી ચર્ચા વચ્ચે જિલ્લા પ્રમુખો અને સંપર્ક વડાઓની બેઠકમાં ઉદ્ધવ ઠાકરેએ એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. હું બાળાસાહેબને એક પિતા અને પક્ષના નેતા તરીકે જાણતો હતો. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે હું પણ એ જ રીતે લડીશ જે રીતે તેઓ લડ્યા હતા, હું આ લડાઈ અધવચ્ચે છોડીને મેદાન છોડી દેવાનો નથી.

# એલ્ગાર કેસના બે આરોપીને છ વર્ષે જામીન મળ્યા

મુંબઈ: સંશોધક રોના વિલ્સન અને એલ્ગાર પરિષદ - માઓવાદી સાઠગાંઠ કેસના આરોપી સુધીર ઢવળેની ધરપકડ થયાના છ વર્ષથી વધુ સમય બાદ શુક્રવારે નવી મુંબઈની જેલમાંથી બંનેને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા.

બોમ્બે હાઈકોર્ટ દ્વારા જામીન મળ્યા એના એક પખવાડિયા પછી આ કેસની અધ્યક્ષતા કરી રહેલી વિશેષ એનઆઈએ કોર્ટ સમક્ષ જામીનની ઔપચારિકતાઓ પૂર્ણ થયા પછી બપોરે લગભગ દોઢ વાગ્યે બંને નવી મુંબઈની તળોજા જેલમાંથી બહાર નીકળ્યા હતા. હાઇકોર્ટે વિલ્સન અને ઢવળેને ૮ જાન્યુઆરીએ જામીન આપ્યા હતા અને નોંધ્યું હતું કે બંને ૨૦૧૮થી જેલમાં છે અને આ કેસની સુનાવણી હજી શરૂ નથી થઈ.

હાઈકોર્ટે તેમને રાહત આપતી વખતે અવલોકન કર્યું હતું કે 'વિલ્સન અને ઢવળે ૨૦૧૮થી જેલમાં છે. આ કેસમાં તો હજી આરોપો પણ નથી ઘડવામાં આવ્યા. ફરિયાદ પક્ષે ૩૦૦થી વધુ સાક્ષી ટાંક્યા હોવાથી નજીકના ભવિષ્યમાં સુનાવણી પૂર્ણ થવાની કોઈ સંભાવના નથી.' ફોજદારી કેસમાં આરોપો ઘડ્યા પછી સુનાવણી શરૂ થાય છે.આ કેસમાં ઢવળે અને વિલ્સન ઉપરાંત અન્ય ૧૪ કાર્યકરો અને શિક્ષણવિદોની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ) ■





**તૈયારી પરેડની:** આવતી કાલે રવિવારના પ્રજાસત્તાક દિન નિમિત્તે સશસ્ત્ર દળો અને પોલીસ દ્વારા દેશભરમાં પરેડ યોજવામાં આવશે અને તેની તૈયારીઓ ઘણા સમયથી ચાલી રહી છે. આ પરેડ માટે શિવાજી પાર્કમાં રિહર્સલ કરી રહેલી મુંબઈ પોલીસ જ્યારે મહિલા પોલીસને તલવાર મ્યાનમાં કઈ રીતે રાખવી એની શીખ આપી રહેલી વરિષ્ઠ અધિકારી. (જયપ્રકાશ કેળકર, અમય ખરાડે)

# વસઈ-વિરાર સોલિડ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે ભંડોળ કેમ નથી ફાળવ્યું?

## મહારાષ્ટ્ર સરકારને ઝાટકી સુપ્રીમ કોર્ટે

મુંબઈ: નિયમોનો અમલ ન થયો હોવાથી નારાજ થયેલી સુપ્રીમ કોર્ટે શુક્રવારે વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે ભંડોળ ફાળવવામાં નિષ્ફળ રહેવા બદલ મહારાષ્ટ્ર સરકારની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે પર્યાવરણની સુરક્ષા માટે રાજ્યની ફરજ છે.

ન્યાયમૂર્તિ અભય એસ. ઓકા અને ઉજ્જ્વલ ભુયાનની ખંડપીઠે આવશ્યક પ્રોજેક્ટ્સ માટે કોઈ ભંડોળ ઉપલબ્ધ નથી એવા મહારાષ્ટ્રના અગાઉના વલણ બદલ તીવ્ર નારાજગી વ્યક્ત કરી હતી.

ખંડપીઠે રાજ્યને એક વિગતવાર સોગંદનામું રજૂ કરવા નિર્દેશ આપ્યો હતો. આ સોગંદનામામાં ભંડોળ ક્યારે ફાળવવામાં આવશે તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ, ૨૦૧૬નું પાલન કરતી મહારાષ્ટ્રની પાલિકાની સંખ્યાનો ઉલ્લેખ કરવા જણાવવાનું રહેશે. સોગંદનામું ૨૧ ફેબ્રુઆરી સુધીમાં દાખલ કરવામાં આવશે.

અધિકારીએ ખંડપીઠને ખાતરી આપી હતી કે આગામી નાણાકીય વર્ષમાં ભંડોળ ફાળવવામાં આવશે અને બંને વિગતવાર પ્રોજેક્ટ અહેવાલોને એપ્રિલ ૨૦૨૪ સુધીમાં મંજૂરી આપવામાં આવશે.

જોકે, ખંડપીઠે કહ્યું હતું કે ખાતરી શરતી છે અને તેમાં સ્પષ્ટતાનો અભાવ છે અને કહ્યું હતું કે સોગંદનામામાં સંકેત આપવામાં આવ્યો છે કે ભંડોળની ફાળવણી અન્ય પ્રોજેક્ટ્સ અથવા બચતને રદ કરવા પર આધારિત છે. સુપ્રીમ કોર્ટ પુણેમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના આદેશ સામે વસઈ વિરાર સિટી મ્યુનિસિપલ કોર્પોરેશનની ૨૦૨૩ની અપીલની સુનાવણી કરી રહી હતી. ■

# મહારાષ્ટ્ર કોંગ્રેસે દાવોસમાં ફડણવીસે કરેલા રોકાણ પ્રસ્તાવો પર શ્વેતપત્રની માગણી કરી

મુંબઈ: મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ નાના પટોલેએ રાજ્યમાં રોકાણનું સ્વાગત કરતા કહ્યું કે લોકોને દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દરમિયાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા હસ્તાક્ષર કરાયેલા પ્રસ્તાવો (એમઓયુ) અને તેના દ્વારા રાજ્યમાં નિર્માણ થનારા રોજગારના દાવા પાછળની વાસ્તવિકતા જાણવાનો અધિકાર છે

પત્રકાર પરિષદને સંબોધતા પટોલેએ કહ્યું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે દાવો કર્યો હતો કે, સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દરમિયાન ૬૧ કંપનીઓ સાથે કરાયેલા કરારોથી ૧૫.૭૦ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થશે અને ૧૫.૯૫ લાખ નોકરીઓનું સર્જન થશે. રાજ્યમાં નોંધપાત્ર રોકાણ આવકાર્ય છે, પરંતુ જનતાને આ કરારોની વિશિષ્ટતાઓ અને તેની પાછળની વાસ્તવિકતા જાણવાનો અધિકાર છે કારણ કે ભૂતકાળમાં પણ આવી જ મોટી જાહેરાતો કરવામાં આવી હતી, એમ તેમણે જણાવ્યું હતું. તેથી, મહાયુતિ સરકારે દાવોસ મુલાકાતો દરમિયાન થયેલા અગાઉના સોદાઓમાંથી સર્જાયેલા રોકાણો અને નોકરીઓ પર શ્વેતપત્ર બહાર પાડવો જરૂરી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

પટોલેએ નિર્દેશ કર્યો હતો કે, દાવોસમાં જે ૬૧ કંપનીઓ સાથે કરાર કરવામાં આવ્યા હતા અને તેમાંથી ૫૧ ભારતમાં સ્થિત છે, જેમાંથી ૪૩ મુંબઈ અને પુણેની છે. ફક્ત ૧૦ કંપનીઓ વિદેશી છે. આમાંથી, કોલ્ડપ્લેની ટિકિટોના કાળાબજાર માટેના ઓનલાઈન પ્લેટફોર્મની મુંબઈ પોલીસ તપાસ કરી રહી હોવા છતાં આ કંપની બુકમાયશો અને સિડકો વચ્ચે ૧,૫૦૦ કરોડ રૂપિયાનો સોદો થયો હતો. વધુમાં, પવઈના જય ભીમ નગરમાં ડિમોલિશન પ્રવૃત્તિઓ સંબંધિત નકલી દસ્તાવેજો તૈયાર કરવા અને ઈપીએફઓ કૌભાંડ માટે સીબીઆઈની તપાસ હેઠળ રહેલી કંપની, હિરાનંદાની સાથે કરાર કરવામાં આવ્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું અને પૂછ્યું હતું કે શું સરકાર આવી કંપનીઓ સાથે સહયોગ કરીને કાળાબજારને પ્રોત્સાહન આપી રહી છે.

પટોલેએ દારૂ ઉત્પાદકો સાથે કરાર કરવા બદલ સરકારની પણ ટીકા કરી હતી - હેઈનકેન સાથે ૭૫૦ કરોડ રૂપિયાનો સોદો કરવામાં આવ્યો હતો, અને બીયર ઉત્પાદક એબી ઇનબેવ સાથે ૧,૫૦૦ કરોડ રૂપિયાનો બીજો સોદો કરવામાં આવ્યો હતો. બંધારણમાં રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો (ડીપીએસપી)ની કલમ ૪૭ જણાવે છે કે રાજ્યે ઔષધીય હેતુઓ સિવાય સ્વાસ્થ્ય માટે હાનિકારક નશાકારક પીણાં અને દવાઓના વપરાશ પર પ્રતિબંધ મૂકવા માટે કામ કરવું જોઈએ. 'દારૂની કંપનીઓ સાથે કરાર કરીને, શું ભાજપ સરકાર મહારાષ્ટ્રને 'દારૂ રાજ્ય'માં ફેરવવા માગે છે?' એમ પટોલેએ પૂછ્યું હતું. ■

## દાવોસ સુધી લાંબા શું કામ થયા, અહીં જ મૅગ્નેટિક મહારાષ્ટ્ર યોજતે: ફડણવીસને ઝાટક્યા આદિત્યએ

મુંબઈ: શિવસેનાના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની દાવોસની મુલાકાતની ટીકા કરી છે. ફડણવીસ કહી રહ્યા છે કે મહારાષ્ટ્રમાં મોટા પાયે રોકાણ કરવામાં આવશે. તેમણે કરેલા ૫૪ એમઓયુમાંથી ૧૧ વિદેશી કંપની છે અને ૪૩ ભારતની છે અને ૩૩ તો મહારાષ્ટ્રની છે. જો આટલી બધી કંપનીઓ ભારતની જ હોય તો મેગ્નેટિક મહારાષ્ટ્ર કાર્યક્રમનું આયોજન કેમ ન કર્યું? એવો સવાલ કરી આદિત્ય ઠાકરેએ સીએમ પર પ્રહાર કરતા કહ્યું હતું કે ખાસ બરફના વાતાવરણ માટેના કપડાં પહેરીને ફોટા પડાવવા કરતા સહ્યાદ્રી કે મેગ્નેટિક મહારાષ્ટ્રનો કાર્યક્રમ આયોજિત કર્યો હોત તો ઓછા ખર્ચે થઈ જાત.ટીકાનો દોર આગળ ચલાવી આદિત્ય ઠાકરેએ કહ્યું કે શહેરી વિકાસ પ્રધાન એકનાથ શિંદે તેમના ગામમાં હતા અને તેમના લાડકા પ્રધાન સીએમ સાથે હતા. તેમના ખાતાના કરાર પર મુખ્ય પ્રધાને સહીસિક્કા કર્યા. શહેરી વિકાસ વિભાગના અધિકારીઓ દાવોસમાં છે અને પ્રધાન ગામમાં છે. તેમને આમંત્રણ આપ્યું હતું કે નહીં? તેમને સાથે કેમ ન લઈ ગયા? નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના ચહેરા પર તે નારાજગી દેખાઈ રહી હતી એમ પણ આદિત્ય ઠાકરેએ કહ્યું હતું. ■

# 'એડવાન્ટેજ વિદર્ભ'માં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના સમજૂતીના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે: નીતિન ગડકરી

નાગપુર: કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ એવી જાહેરાત કરી હતી કે નાગપુરમાં 'એડવાન્ટેજ વિદર્ભ' કાર્યક્રમમાં આવતા મહિને ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. આ કાર્યક્રમમાં એક મોટો ઓટોમોબાઈલ પ્લાન્ટ અને અનેક સ્ટીલ યુનિટ સ્થાપિત કરવામાં આવશે. વધુમાં, દસોલ્ટ રિલાયન્સ એરોસ્પેસ બે વર્ષમાં ૨૬-૨૭ ફાલ્કન જેટ એસેમ્બલ કરવાની યોજના ધરાવે છે. નાગપુરમાં એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે એક ઓટોમોબાઈલ કંપની ત્યાં એક પ્લાન્ટ સ્થાપશે, જ્યારે ગઢચિરોલી જિલ્લામાં અનેક સ્ટીલ યુનિટ સ્થાપિત કરવામાં આવશે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીએ એવી પણ માહિતી આપી હતી કે આગામી બે વર્ષમાં અહીંના દસોલ્ટ રિલાયન્સ એરોસ્પેસ પ્લાન્ટમાં ૨૬-૨૭ ફાલ્કન બિઝનેસ જેટ સંપૂર્ણપણે એસેમ્બલ કરવામાં આવશે. 'મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા ૭ થી ૯ ફેબ્રુઆરી દરમિયાન યોજાનારા 'એડવાન્ટેજ વિદર્ભ' કાર્યક્રમમાં એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવશે,' એમ ગડકરીએ પત્રકારોને જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# રાજ્યના તમામ જિલ્લા કલેક્ટર કચેરીઓમાં 'મુખ્યમંત્રી તબીબી સહાય ભંડોળ સેલ' શરૂ કરાશે

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના માર્ગદર્શન હેઠળ ચાલતા 'મુખ્યમંત્રી તબીબી સહાય ભંડોળ સેલ' મહારાષ્ટ્રમાં જરૂરતમંદ દર્દીઓને આરોગ્યસંભાળ સેવાઓ અને નાણાંકીય સહાય પૂરી પાડવા માટે કાર્યરત છે. દર્દીઓ અને તેમના સંબંધીઓ દ્વારા આ કક્ષમાં સબમિટ કરાયેલી અરજીઓનો ફોલોઅપ લેવા માટે મંત્રાલયમાં આવે છે. આ સેવાઓ નાગરિકોને તેમના પોતાના જિલ્લામાં સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે, રાજ્યના તમામ જિલ્લા કલેક્ટર કચેરીઓમાં 'મુખ્યમંત્રી સહાયતા કોષ' શરૂ કરવામાં આવશે. આ સંદર્ભમાં બાવીસ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ એક સરકારી નિર્ણય જારી કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી, નાગરિકો પોતાના જિલ્લામાં મુખ્યમંત્રી રાહત ભંડોળના કેસોની માહિતી મેળવી શકશે. આનાથી નાગરિકોનો સમય અને નાણાંનો બગાડ ટાળવામાં મદદ મળશે. ■



પ્રકરણઃ ૨૨

# ચહેરા મહોરા

આ બાપુ તેનો સંપૂર્ણ ભૂતકાળ જાણવા માગતા હશે? હા, દરેક માણસનો એક અતીત હોય છે જે હંમેશાં તેનો પડછાયો બનીને તેની સાથે જ રહેતો હોય છે!



પ્રફુલ્લ કાનાબાર

ઊંડો શ્વાસ લઈ બાપુએ સોહમની ધારણા બહારની વાત કરી :

'વત્સ, હું તારો સંપૂર્ણ ભૂતકાળ જાણવા માંગું છું.'

'મારો ભૂતકાળ ?'

'હા..વત્સ હું તારો ભૂતકાળ જાણવા માગું છું ..પણ અત્યારે નહીં. પહેલાં તું ફ્રેશ થઇ જા..'

'બાપુ, હું સમજ્યો નહી.'

વત્સ, તારા માટે 'રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે' ત્યાં જઈને મુસાફરીનો થાક ઉતારી લે. લગભગ કલાક પછી ભોજન તારા રૂમ પર જ આવી જશે. આજે રાત્રે બાર વાગે મારો પટ્ટ શિષ્ય વિષ્ણુ તારા ઉતારે આવશે. એ તને મારા ખંડ સુધી પહોંચાડશે. બાપુએ વિગતે જણાવ્યું.

'રાત્રે બાર વાગે?' સોહમને નવાઈ લાગી.

'હા વત્સ, બાર વાગે એટલા માટે કે આશ્રમમાં તમામ લોકો નિંદ્રાધીન થઇ ગયા હોય. આપણે વહેલી સવાર સુધી જાગવાનું થશે. અત્યારે બરોબર આરામ કરી લેજે.'

બાપુએ સાઈડમાં રાખેલી કોર્ડલેસ સ્વીચ દબાવી. બહાર બેલ વાગી. એક યુવાન લગભગ દોડીને અંદર આવ્યો. 'આ વિષ્ણુ છે.' બાપુએ પરિચય કરાવ્યો. સોહમે જોયું કે એ દેખાવડો યુવાન માંડ ચોવીસેક વર્ષનો હતો. વિષ્ણુ સામે જોઇને સોહમે સ્મિત કર્યું. વિષ્ણુના નિર્દોષ ચહેરા પર બાપુ પ્રત્યેનો અહોભાવ છલકાતો હતો. બાપુ આગળ શું કહે છે તે સાંભળવા માટે આજ્ઞાંકિત શિષ્યની જેમ જ તે ઊભો હતોઃ

'વિષ્ણુ, મહેમાનને તેમના ઉતારે લઈ જા.'

સોહમે નોંધ્યું કે બાપુએ તેનું નામ લેવાનું ટાળ્યું હતું. આમ પણ બાપુએ સોહમ આવ્યો ત્યારથી તેને વત્સ કહીને જ સંબોધન કર્યું હતું. દાદરો ઉતરીને નીચે આવ્યા બાદ વિષ્ણુએ સૌથી પહેલું કામ પ્રભાસ પાસેથી ચાવી લઈને પેલા ખાનામાંથી સોહમની બેગ બહાર કાઢવાનું કર્યું. 'ચાલો..' બોલીને વિષ્ણુ બેગ પોતાના હાથમાં જ રાખીને બિલ્ડિંગના પાછળના ભાગ તરફ ચાલવા માંડયો. સોહમ તેની પાછળ દોરવાયો. આશ્રમના સંકુલમાં જ પાછળના ભાગમાં બે માળનું એક બીજું બિલ્ડિંગ હતું. બંને ચાલતા ચાલતા એ બિલ્ડિંગમાં ઉપરના માળે એક બંધ રૂમ પાસે આવીને અટકયા. વિષ્ણુએ બેગ નીચે મૂકીને બીજા હાથમાં રાખેલી ચાવી વડે રૂમ ખોલ્યો. અંદરની બારી પણ ખોલી જે પાછળના ખુલ્લા મેદાન તરફ પડતી હતી. બહારથી આવતા ઠંડા પવનની લહેરખી સોહમને સ્પર્શી ગઈ. સોહમથી અનાયાસે જ બોલાઈ ગયું વાહ..

વિષ્ણુ બોલ્યો 'આ આખા બિલ્ડિંગમાં આ રૂમ સૌથી સારા લોકેશન વાળો છે. એ ગેસ્ટ માટે જ રાખવામાં આવ્યો છે. બાપુ કાયમ કહે છે.. 'અતિથી દેવો ભવ.' અતિથી તો ભગવાનનું સ્વરૂપ કહેવાય તેમની આગતા સ્વાગતા હંમેશાં ઉત્તમ રીતે જ થવી જોઈએ.'

વિષ્ણુ ગયો એટલે સોહમે રૂમનો દરવાજો બંધ કરી દીધો. એટેચ્ડ બાથરૂમમાં ગિઝરની સગવડ પણ હતી. સોહમે પહેલું કામ હુંફાળા પાણીથી સ્નાન કરવાનું કર્યું. ન્હાઈને બહાર નીકળ્યો ત્યાં જ વિષ્ણુ હાથમાં ચાના કપ સાથે હાજર હતો. 'તમે ચા પી લો..જમવાને હજૂ કલાકની વાર છે.' સોહમ રકાબીમાં ચા કાઢીને અડધી ચા વિષ્ણુને આપતાં બોલ્યો..'વિષ્ણુ, મને કંપની આપ.'

વિષ્ણુએ નમ્રતાપૂર્વક કહ્યું 'હું તો નીચે ચા પી ને જ આવ્યો છું. આ તમારા માટે જ છે.'

સોહમના મનમાં આશ્રમ વિશેના અનેક સવાલો હતા. તે ચા પીતાં પીતાં વિષ્ણુને પૂછવા માગતો હતો પણ જે રીતે વિષ્ણુ તેનાથી અતડો રહેતો હતો એ જોઇને સોહમને તેની સાથે એ બાબતે વાત કરવાની ઉતાવળ કરવાનું મુનાસિબ ન લાગ્યું. સોહમના મનમાં હવે એક જ મુખ્ય પ્રશ્ન ઘુમરાતો હતો..'શા માટે તુલસીદાસ બાપુ તેનો સંપૂર્ણ ભૂતકાળ જાણવા માંગતા હશે? દરેક માણસનો એક અતીત હોય છે જે હંમેશાં તેનો પડછાયો બનીને તેની સાથે જ રહેતો હોય છે!' સોહમ પણ મનથી ભલે નિર્ધાર કરી ચૂક્યો હતો કે હવે ભૂતકાળ ભૂલીને નવેસરથી જિંદગી શરૂ કરવી છે..પણ એમ ભૂતકાળ ભૂલવો તેના માટે ક્યાં સહેલો હતો? સોહમે મનોમન પોતાના વિશેની તમામ વાત બાપુને સાવ સાચી જ કહી દેવાનું નક્કી કરી નાખ્યું.

સાંજે સાડા સાત વાગે વિષ્ણુ રૂમ પર જમવાનું મૂકી ગયો. સોહમે ભરપેટ જમીને બેડ પર લંબાવ્યું. સોહમને ક્યારે ઊંઘ ચડી ગઈ તેનો તેને ખ્યાલ જ ન રહ્યો. મોડી રાત્રે સોહમના રૂમનો દરવાજો ખખડયો. સોહમે નાઈટ લેમ્પના આછા અજવાળામાં ઓશીકાની બાજૂમાં રાખેલા સેલફોનમાં સમય જોયો. બરોબર બાર વાગ્યા હતા. સોહમે દરવાજો ખોલ્યો. સામે વિષ્ણુ ઉભો હતો. સોહમ મોઢું ધોઇને બહાર આવ્યો એટલે વિષ્ણુએ રૂમના દરવાજાને લોક કરી દીધું.

વિષ્ણુ અને સોહમ અવાજ ન થાય તે રીતે પગથીયા ઉતરીને આગળના બિલ્ડિંગ તરફ ચાલવા લાગ્યા. શુક્લ પક્ષના ચન્દ્રમાનું અજવાળું રેલાઈ રહ્યું હતું. વિષ્ણુના હાથમાં ટોર્ચ હતી પણ તેનો ઉપયોગ કરવાની જરૂર તેને લાગી નહીં. તમરાંનો અવાજ રાત્રિની નીરવ શાંતિનો ભંગ કરી રહ્યા હતા. દૂર દૂર ખેતરમાંથી શિયાળ રડતું હોય તેવો અવાજ સંભળાઈ રહ્યો હતો.

વિષ્ણુની પાછળ દોરવાતો સોહમ તુલસીદાસ બાપુના ખંડમાં પ્રવેશ્યો. સાંજે સભાખંડમાં એર ફ્રેશનરના ગુલાબના સ્પ્રેની જે સુવાસ આવતી હતી એ જ સુવાસ બાપુના ખંડમાં પણ અત્યારે પ્રસરી રહી હતી. તુલસીદાસ બાપુનો ખંડ ખાસ્સો મોટો હતો. તેમાં દસ બાય દસનો નાનકડો બીજો રૂમ પણ એટેચ્ડ હતો. સોહમને આંખ વડે જ આવકાર આપીને બાપુ પલંગ પરથી ઊભા થઈને સોફા પર બેઠા. સામેની નેતરની ખુરશી પર સોહમ બેઠો. વિષ્ણુ બાજૂના રૂમમાં જઈને ગેસ પર ચા બનાવવા લાગ્યો. પાંચ મીનીટમાં જ વિષ્ણુ ચાના બે કપ ટેબલ પર મૂકી ગયો.

'વિષ્ણુ હવે તું આરામ કર.' બાપુના સૂરમાં આદેશ હતો. વિષ્ણુ ખંડનો દરવાજો ધીમેથી બંધ કરીને બહાર નીકળી ગયો. બાપુએ ઊભા થઈને ખંડનો દરવાજો અંદરથી બંધ કરી દીધો. હવે ખંડમાં બાપુ અને સોહમ એકલા જ હતા. બાપુએ ઈશારા વડે જ સોહમને ચા પીવાનું કહ્યું. સોહમની સાથે બાપુએ પણ ચાની પહેલી ચૂસકી લીધી.

'સોહમ, આપણે આગળ કોઈ પણ પગલું ભરીએ તે પહેલાં મેં અગાઉ કહ્યું તેમ હું તારો સંપૂર્ણ ભૂતકાળ જાણવા માંગું છું.' સોહમે નોંધ્યું કે તુલસીરામ બાપુએ પહેલી વાર અત્યારે તેને નામથી બોલાવ્યો હતો.

'જી બાપુ.' સોહમ હાથમાં ગરમ ચા ના કપ સાથે અતીતમાં ખોવાઈ ગયો. ચાના કપમાંથી નીકળી રહેલી વરાળમાંથી જાણે કે સોહમની જિંદગીના જિવાઈ ગયેલા અતીતના એ વર્ષો ધૂમાડો બનીને નજર સમક્ષ તરી રહ્યા હતા. અમદાવાદના નરોડા વિસ્તારની લોઅર મિડલ ક્લાસની ચાલી..ભારે ગરીબીમાં વીતેલું બાળપણ.. બારમા ધોરણ સુધીનો સરકારી સ્કૂલમાં કરેલો અભ્યાસ..પિતાની નોકરી છૂટી જવાથી દારૂની લતે ચડી જવું.. માનો પારકા કામ કરીને ઘર ચલાવવાનો આકરો સંઘર્ષ..દારૂ માટે જ મા પાસેથી પૈસા પડાવવાના પિતાના રોજબરોજના ઝઘડા...વિગેરે વિગેરે સોહમ બોલતો રહ્યો અને તેના વાણી પ્રવાહમાં તુલસીરામ બાપુ તણાતા રહ્યા.



ઉત્તમ વક્તા કહેવાતા તુલસીરામ બાપુ આજે ખુદ ઉત્તમ શ્રોતા બની ગયા હતા! તુલસીરામ બાપુએ સોહમના અવાજમાં સચ્ચાઈનો રણકાર અનુભવ્યો. જોકે તમામ બાબત સાવ સાચી બોલનાર સોહમે કિશોરાવસ્થામાં તેના પ્રથમ પ્રેમ શિવાની વિષેનો ઉલ્લેખ કરવાનું ટાળ્યું હતું. સોહમ અટક્યો એટલે બાપુ બોલ્યા 'હવે મુખ્ય વાત માંડીને કર.'

'મુખ્ય વાત? કઈ વાત?'

'તેં કરેલા ખૂનની વાત જેની તેં સજા ભોગવી.'


'હા એક દિવસ હું બહારથી ઘરે આવ્યો અને મેં જોયું કે મારો બાપ પૈસા માટે મારી માને મારી રહ્યો હતો. એ જ સમયે આવેશમાં આવી જઈને મેં તેને પતાવી દીધો.' સોહમે ધડાકો કર્યો.

તુલસી રામ બાપુ ચમક્યા. 'ઓહ તેં તારા બાપને જ મારી નાખ્યો હતો?'

'એ ક્યાં મારો સગો બાપ હતો?' સોહમ બોલવા ગયો પણ એ વાક્ય તરત જ મનમાં ગળી ગયો. તુલસીરામ બાપુને એ વાત કરવાની સોહમને જરૂર જણાઈ નહીં. સોહમને મૌન થઇ ગયેલો જોઇને બાપુએ હવે વાતનો દોર પોતાના હાથમાં લેતા કહ્યું 'હું તને એવી જગ્યાએ મોકલવા માગું છું, જ્યાં તું ઓછામાં ઓછા ત્રણ હજાર કરોડ રૂપિયાની સંપતિનો માલિક બની જઈશ.'

સોહમની આંખો આશ્ચર્યથી પહોળી થઇ ગઈ.

(ક્રમશઃ)■



## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પૂર્વજ | પૂંછડી |
| પુષ્ટિ | ઢગલો |
| પુંજ | સમર્થન |
| પુંજી | વડવા |
| પુચ્છ | મૂડી |

### ઓળખાણ પડી?



રાજવંશની ગાથા ગાતો ઉજ્જયન્તા મહેલ કયા રાજ્યમાં સ્થિત છે એ જણાવો. મહેલની આસપાસ બગીચા અને મંદિરો છે.

અ) આસામ બ) રાજસ્થાન ક) ત્રિપુરા ડ) તેલંગાણા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ બૃ | હ | ૨ સ્પ | તિ | ■ | ૩ શુ | ક્ર | ૪ ચા | ર્ય | ■ |
| હ | ■ | ષ્ટ | ■ | ૫ આ | ભ | ■ | ક | ■ | ૬ ગ |
| ૭ દ | ૮ ક્ષ | તા | ■ | પા | ■ | ૯ ભ | ર | થા | ર |
| ■ | ણ | ■ | ૧૦ ત | ત્કા | ૧૧ લ | ■ | ણ | ■ | મા |
| ૧૨ અ | ભં | ગ | ■ | ૧૩ લી | ગ | ૧૪ લ | ■ | ૧૫ પુ | ળો |
| ૧૬ મા | ગુ | ■ | ૧૭ સા | ન | ■ | ગી | ■ | ણ્ય | ■ |
| ૧૮ ન | ર | ૧૯ બં | કા | ■ | ૨૦ ક | ર | ૨૧ મ | ■ | ૨૧અ ત |
| ત | ■ | ૨૨ બા | ર | ૨૩ કો | ડ | ■ | ૨૪ જા | ૨૫ સૂ | દ |
| ■ | ૨૬ વાં | કા | ■ | ૨૭ ક | વ | ન | ■ | ૨૮ ત | રુ |
| ૨૯ અ | સ | ર | કા | ર | ક | ■ | ૩૦ સા | ર | પ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ | ■ |
| | ■ | | ■ | ૬ | | | ■ | ૭ | ૮ |
| | ■ | ૯ | | | ■ | ૧૦ | | ■ | |
| ૧૧ | | | ■ | ■ | ૧૨ | | ■ | ૧૩ | |
| | ■ | ■ | ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | ■ | |
| ■ | ૧૭ | ૧૮ | | | ■ | ૧૯ | | | ■ |
| ૨૦ | ■ | ૨૧ | | ■ | ૨૨ | | ■ | ■ | ૨૩ |
| ૨૪ | ૨૫ | ■ | ■ | ૨૬ | | | ■ | ૨૭ | |
| ૨૮ | | | ૨૯ | | ■ | ૩૦ | ૩૧ | | |
| ૩૨ | | ■ | | ■ | ૩૩ | | | ■ | |

**આડી ચાવી**

૧. દાન કરવામાં શૂરો (૪)
૩. રાજ્યભિષેક (૪)
૬. --- ગગન વિશાળ (૩)
૭. જરૂર (૨)
૯. બીજ વાવવું તે (૩)
૧૦. ઘઉંના ફાડાની વાનગી (૨)
૧૧. મસાણ (૩)
૧૨. દેશ (૨)
૧૩. વેઈટરને --- આપવી પડે (૨)
૧૪. રખડેલ (૩)
૧૭. અણિયાળું (૪)
૧૯. શ્રદ્ધા ધરાવનાર (૩)
૨૧. સર્વ, બધું (૨)
૨૨. વારો, લાગ, મુક્તિ (૨)
૨૪. અફસોસ (૨)
૨૬. બ્રાહ્મણ (૩)
૨૭. --- કાપવું એટલે કમંક લગાડવું (૨)
૨૮. પંદર દિવસનો સમૂહ (૫)
૩૦. સો પાંખડીવાળું (કમળ) (૪)
૩૨. દશરથનંદન (૨)
૩૩. વ્યક્તિના ચારિત્ર્ય ગુણો (૩)

**ઊભી ચાવી**

૧. સમજુ શત્રુ (૨,૩)
૨. તેજસ્વી, પરાક્રમી, બળવાન (૪)
૩. તડકો, તેજ (૨)
૪. પારસી ધર્મના સ્થાપક (૪)
૫. ઉપદેશ, સલાહ (૨)
૬. ઓછી (૨)
૮. રિવાજ, રૂઢિ (૪)
૧૨. રાજમાન રાજશ્રી (૧,૧)
૧૪. સલામ, વિવેક (ઉ.) (૩)
૧૫. ઘા (૨)
૧૬. અતૂટ વિશ્વાસ (૨)
૧૮. તમને ધર્મમાં --- છે? (૨)
૧૯. સાંભળવાની શક્તિ (૫)
૨૦. રૂઢિ (૪)
૨૨. ભાવ, કિંમત (૨)
૨૩. મહાભારતનો તિરંદાજ આદિવાસી (૪)
૨૫. ઘા (૩)
૨૬. ભીંડીનો સાંઠો (૨)
૨૭. અવાજ, ધ્વનિ (૨)
૨૯. શરીર, તન (૨)
૩૧. સાર, રહસ્ય, અસલ રૂપ (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતનાં માણવા લાયક સ્થળોમાં ડુમસના દરિયા કિનારાનું આગવું આકર્ષણ છે. કયા શહેરથી સાગર તટ નજીક પડે?

અ) વડોદરા બ) મોરબી ક) કલોલ ડ) સુરત

### જાણવા જેવું

ઊંચે આકાશમાં રજકણોની સંખ્યા બહુ ઓછી હોવાથી કેટલાક ભૌતિકશાસ્ત્રીઓ એવા નિર્ણય પર આવ્યા કે ધૂળ એકલી જ આકાશના વાદળી રંગનું કારણ હોઈ શકે નહિ. હવાના અણુઓમાં જ એવો ગુણ છે કે જેથી પ્રકાશનું પરિવર્તન થઈને વાદળી રંગ ઉત્પન્ન થઈ શકે.

### સુડોકુ-૭૦૯૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૬ | ૪ | ૭ | ૫ | ૨ | | |
| | ૭ | | | | ૨ | | | ૪ |
| | | | ૧ | | ૬ | | | ૫ |
| ૭ | | ૧ | | ૬ | | | ૫ | |
| | | ૯ | | | | ૬ | | |
| | ૬ | | | ૫ | | ૯ | | ૭ |
| ૬ | | | ૫ | | ૩ | | | |
| ૪ | | | ૬ | | | | ૨ | |
| | | ૩ | ૮ | ૨ | ૪ | ૫ | ૭ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૯૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૬ | ૨ | ૩ | ૪ | ૯ | ૮ | ૫ |
| ૪ | ૩ | ૯ | ૮ | ૧ | ૫ | ૨ | ૭ | ૬ |
| ૨ | ૫ | ૮ | ૯ | ૭ | ૬ | ૪ | ૧ | ૩ |
| ૫ | ૮ | ૩ | ૬ | ૨ | ૯ | ૭ | ૪ | ૧ |
| ૯ | ૬ | ૭ | ૪ | ૫ | ૧ | ૮ | ૩ | ૨ |
| ૧ | ૨ | ૪ | ૩ | ૮ | ૭ | ૫ | ૬ | ૯ |
| ૬ | ૭ | ૨ | ૧ | ૯ | ૮ | ૩ | ૫ | ૪ |
| ૩ | ૪ | ૫ | ૭ | ૬ | ૨ | ૧ | ૯ | ૮ |
| ૮ | ૯ | ૧ | ૫ | ૪ | ૩ | ૬ | ૨ | ૭ |

### ચતુર આપો જવાબ

મધ્ય પ્રદેશનું કયું શહેર ૨૦૦૦ની સાલમાં રાજ્યનું વિભાજન થયા પછી નવ સર્જિત છત્તીસગઢમાં ચાલ્યું ગયું એ કહી શકશો?

માથું ખંજવાળો

અ) કટની
બ) જબલપુર
ક) રાયપુર
ડ) ખંડવા

### નોંધી રાખો

લોકોની ટીકાથી અકળાઈ જઈ તમારો માર્ગ બદલી નહીં નાખતા કારણ કે, સફળતા શરમથી નહીં સાહસથી જ મળશે!

### માઈન્ડ ગેમ

ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ભારત વતી પ્રથમ હાફ સેન્ચુરી નોંધાવનાર ખેલાડી કોણ હતો એ વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) લાલ સિંહ બ) નાઝિર અલી
ક) અમર સિંહ ડ) સી. કે. નાયડુ

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| સત્વર | જલદી |
| સદન | ઘર |
| સદંતર | પૂર્ણપણે |
| સદૈવ | કાયમ |
| સનદ | પરવાનો |

ગુજરાત મોરી મોરી રે
વેરાવળ

ઓળખાણ પડી
અલપ્પુઝા

માઈન્ડ ગેમ
ઈંગ્લેન્ડ - ઓસ્ટ્રેલિયા

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ઘોઘા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) નિતીન બજરિયા (૯) ભારતી બુચ (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) સુભાષ મોમાયા (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) મહેશ દોશી (૧૯) નુતન વિપીન (૨૦) તાહેર ઔરંગાબાદવાલા (૨૧) શીરીન ઔરંગાબાદવાલા (૨૨) મીનળ કાપડિયા (૨૩) રમેશ દલાલ (૨૪) હિના દલાલ (૨૫) ઈનાક્ષી દલાલ (૨૬) જ્યોત્સના ગાંધી (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અશોક સંઘવી (૨૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૦) કલ્પના આશર (૩૧) અરવિંદ કામદાર (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) નીતા દેસાઈ (૩૪) વિણા સંપટ (૩૫) જયવંત પદમશી ચિખલ (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) ભાવના કર્વે (૩૮) જગદીશ ઠક્કર (૩૯) અંજુ ટોલિયા (૪૦) પ્રવીણ વોરા (૪૧) સુરેખા દેસાઈ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) અબ્દુલ્લા એફ મુનીમ

# વીક એન્ડ



## પુરાતત્ત્વ વિભાગના કાયદા શું કહે છે ?


- દેશના કાયદા અનુસાર ૧૦૦ કે એથી વર્ષ જૂની-પ્રાચીન મૂર્તિઓ, ઈત્યાદિ જો કોઈ ધરાવતું હોય તો એની સત્તાવાર નોંધણી ફરજિયાત છે.
- આવી કલાકૃતિઓને દેશ બહાર લઈ જવા પર પ્રતિબંધ છે. કોઈ પાસે ૭૫ વર્ષથી જૂની ઐતિહાસિક- સાહિત્યિક કે વૈજ્ઞાનિક હસ્તપ્રત હોય તો એના નિકાસ પર પણ નિષેધ છે.

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

## લાપતા ઍન્ટિક્સની કેવીક છે અધધધ માર્કેટ.. બનાવટી કળાકૃતિઓનું કેવુંક છે ફરેબી જગત?

**છેલ્લાંમાં છેલ્લાં 'યુનેસ્કો' ના અહેવાલ મુજબ વિશ્વભરમાં ગુમ થતી- ચોરાતી પ્રાચીન પ્રતિમાઓની ૫૦ અબજ ડોલર (૫૦ હજાર કરોડ રૂપિયા)ની તગડી માર્કેટ છે તો બીજી તરફ, કળા-સંસ્કૃતિના સંગ્રાહકોને 'પ્રાચીન' કહીને પકડાવી દેવામાં આવતી બનાવટી ઍન્ટિકસની તરકટી દુનિયાનો ક્લોઝ-અપ પણ એટલો જ ચોંકાવનારો છે!**





આપણા કોઈ સ્વજન કે મિત્રોને ત્યાં નવા શો-રૂમનું ઉદ્‌ઘાટન કે પછી નવા ઘરનું વાસ્તુ-ગૃહ-પ્રવેશ જેવો શુભ અવસર હોય તો પ્રસન્નતા વ્યકત કરવા આપણે મોટાભાગે વિઘ્નહર્તાની નાની મૂર્તિ ભેટ લઈ જઈએ.

આ જ રીતે એક રાષ્ટ્રના વડા બીજા દેશમાં સદભાવના પ્રવાસે જાય ત્યારે ત્યાંના શાસકોને ભેટ આપવા માટે પોતાના દેશની કળા-સંસ્કૃતિ દર્શાવતી મૂલ્યવાન સોગાદ સાથે લઈ જાય છે. આવી અનેક કિમતી ભેટ પાછળથી રાજ્યના ખજાનામાં જમા થાય અને એને સંગ્રહરૂપે પ્રદર્શિત કરવામાં આવે. આ પ્રકારની ભેટ-સોગાદનો શાહી ખજાનો 'તોશાખાના' તરીકે ઓળખાય છે.

આવા રાષ્ટ્રીય તોશાખાનાની સામગ્રીનું જાહેર વેચાણ શરૂ થાય ત્યારે કલાકૃતિના ચાહકો પોતાના શોખ માટે અહીંથી વેંચાતી લે, જેને પોતાના નિવાસસ્થાનમાં ગોઠવે. તોશાખાનામાંથી ખરીદી કરનારો એક બીજો વર્ગ પણ છે, જે ઐતિહાસિક લાગતી વસ્તુ અહીંથી ખરીદે ને પાછળથી દેશ-વિદેશના કળાકૃતિના સંગ્રાહકોને ઊંચા દામે વેંચે, જે કાળક્રમે પ્રાચીનના નામે વિદેશની ઍન્ટિક માર્કેટમાં સરકી જાય. આનું દેશ-વિદેશમાં એક વ્યવસ્થિત નેટવર્ક છે,જેમાં જગતનાં અનેક જાણીતાં મ્યુઝિયમ પણ આડકતરી રીતે સંડોવાયેલાં હોય છે.

આવાં નેટવર્કમાં પ્રાચીન પ્રતિમા-મૂર્તિઓ-સિક્કા- પેઇન્ટિંગ્સ- આભૂષણ -બાબા આદમના જમાનાની મોટર કાર- ઘડિયાળ -ગાલીચા ઉપરાંત રાજવી ઘરાનાનાં તલવાર-ભાલો-બરછી-બખ્તર જેવાં યુદ્ધનાં શસ્ત્રોની માગ વધુ છે. આવી પ્રાચીન વસ્તુઓના રાજવી વારસદારો એમાંથી તગડી રકમ કમાય છે.

આવા ગેરકાયદે વેચાણ ઉપરાંત આપણાં દૂર દૂરના દુર્ગમ-નિર્જન વિસ્તારોમાં આવેલાં પ્રાચીન મંદિરોમાંથી પણ ઐતિહાસિક ગણી શકાય એવી મૂર્તિઓ પણ બારોબાર ચોરાઈને વિદેશોમાં પગ કરી જાય છે.

આવો અમૂલ્ય વારસો દેશની બહાર સરકી જાય છે એનું બીજું કારણ છે દેશના નબળા કાયદા અને આપણા સત્તાવાળાની એના પાલન માટેની ઉદાસીનતા અને એટલે જ આપણા સહિત એશિયાના અનેક દેશોમાંથી ખંડિત છતાં ઐતિહાસિક પ્રતિમાઓની દાણચોરીનું પ્રમાણ ઘણું વધારે છે.

થોડા વર્ષ પૂર્વે તમિળનાડુના અનંતમંગલમમાં રામ હનુમાનનાં બહુ જાણીતાં મંદિરમાં છે. ત્યાં પાંચ સદીઓથી સ્થાપિત ભગવાન રામની મૂર્તિ રાતોરાત ગુમ થઈ ગઈ હતી. ઘણી શોધખોળ પછી પણ વર્ષો સુધી એનો અત્તોપત્તો ન મળ્યો અને અચાનક એ પ્રતિમા બ્રિટિશ સત્તાવાળા તરફથી આપણી સરકારને ભેટ રૂપે પરત મળી. અનંતમંગલમમાંથી રામનું 'અપહરણ' કરીને એમને લંડન પહોંચાડી દીધા હતા !

દેશમાંથી ગુમાયેલી- ચોરાયેલી-લાપતા થયેલી પ્રાચીન પ્રતિમાઓ તથા અન્ય કળાકૃતિઓની ઘરવાપસી કરાવવા માટે આપણો પુરાતત્વ વિભાગએ 'ઈન્ડિયા પ્રાઈડ પ્રોજેકટ'ની ઝુંબેશ શરૂ કરી છે. અહીં નવાઈ પમાડે એવી વાત એ છે કે છેક ૧૯૯૭થી ૨૦૧૪ સુધી આપણને માત્ર ૧૩ જેટલી જ ચોરાયેલી પ્રાચીન કળાકૃતિ પાછી મળી હતી, પણ આ 'ભારત ગૌરવ પ્રોજેક્ટ'ના પ્રયાસોથી ઘણી વાર ચોરાઈને દાણચોરીથી ખાનગી સંગ્રાહકો સુધી પહોંચી ગયેલી પ્રાચીન દેવી-દેવતા જેવી કળાકૃતિઓ વિદેશી સરકારોના સહયોગથી આપણને પરત મળી પણ જાય છે. છેલ્લાં ૧૨-૧૩ વર્ષ દરમિયાન અમેરિકા-કેનેડા-ફ્રાન્સ -ઓસ્ટ્રેલિયા અને હોલેન્ડ જેવા દેશ તરફથી આપણા અમૂલ્ય ખજાના એવી ચોરાયેલી ૬૪૩થી વધુ ઐતિહાસિક કળાકૃતિઓ આપણને પરત મળી છે.

હવે તો વિભિન્ન રાષ્ટ્રો વચ્ચે વણલખ્યો એવો પ્રોટોકોલ -શિરાસ્તો થઈ ગયો છે કે કોઈ પણ દેશના વડા અન્ય દેશની મુલાકાતે જાય ત્યારે એ યજમાન દેશની ચોરાયેલી પ્રતિમા, ઈત્યાદિ કળાકૃતિ પોતે જ રૂબરૂ પરત કરી દે. ઓસ્ટ્રેલિયાના તત્કાલીન વડા પ્રધાન ટોની એબોટે ભારત યાત્રા વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આપણે ત્યાંથી ચોરાયેલી નટરાજની પ્રતિમા પરત આપી હતી. ૯૦૦ વર્ષ પ્રાચીન આ નટરાજની કિમત આજે ૬૦ લાખ ડોલર જેટલી આંકવામાં આવે છે! (આજે ૧ ડોલર બરાબર આપણા ૮૭ રૂપિયા!) ઓસ્ટ્રેલિયા તરફથી આપણને આ પ્રકારની ૩૫થી વધુ પ્રતિમા પાછી મળી છે...

અમેરિકા પણ આપણી ચોરાયેલી ૧૦ મિલિયન ડોલર કિંમતની ૧૪૦૦થી વધુ નાની-મોટી આવી કળાકૃતિ ભારતને સુપરત કરવાની છે, જેમાંથી ૨૯૭ તો વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકાની છેલ્લી મુલાકત વખતે જ પરત કરવામાં આવી હતી. બાકીની તબક્કાવાર આપણને પહોંચતી થશે.. આવી ચોરી-ચપાટી થઈને અન્ય દેશની ધરતી પર પહોંચી જતી કળાકૃતિનો બે-નંબરી વેપાર વ્યાપ કલ્પી ન શકાય એવો છે. છેલ્લાં 'યુનેસ્કો'ના અહેવાલ મુજબ વિશ્વભરમાં ગુમ થતી- ચોરાતી પ્રાચીન પ્રતિમાઓની ૫૦ અબજ ડોલર એટલે કે ૫૦ હજર કરોડ રૂપિયાની જબરી માર્કેટ છે!

વિદેશી શાસક બીજા રાષ્ટ્ર પર આક્રમણ કરે ત્યારે એ બીજા દેશની સંપત્તિની લૂંટે ઉપરાંત એને કળા-સંસ્કૃતિથી પણ જરૂર પાયમાલ કરી નાખે શહેનશાહ નેપોલિયન પણ આવી ચોરી-ચપાટીમાંથી બાકાત નહોતો. એની એક જબરજસ્ત મહેચ્છા હતી કે એના પેરિસના લૂર્વે (ફ્રેન્ચ ઉચ્ચાર લૌવર) મ્યુઝિયમમાં વિશ્વના બધા જ દેશોની શ્રેષ્ઠ કલાકૃતિઓ હોવી જ જોઈએ આ ઈચ્છા પૂરી કરવા એણે પરાજિત કરેલા દેશોમાં લૂંટફાટ મચાવીને કલાકૃતિઓ એકઠી કરી પેરિસના લૂર્વે મ્યુઝિયમમાં જમા કરાવી હતી. આમ વિશ્વવિજેતા નેપોલિયને એના જીવનકાળમાં ૮૦૦થી વધુ ઐતિહાસિક ચિત્રો- મૂલ્યવાન શિલ્પો, વગેરે લૂંટ્યાં. અલબત્ત, પાછળથી ફ્રાન્સ સરકારે આમાંથી ઘણીખરી વસ્તુઓ મૂળ દેશોને પરત પણ કરી છે.

આમ જુવો તો વિશ્વભરમાં ઍન્ટિક્નું જેટલું જબરજસ્ત માર્કેટ છે એથીય જબરું તો એમાં તરક્ટ ખેલાય છે. એક અહેવાલ મુજબ, કોરોનાને કારણે પ્રાચીન- અર્વાચીન કળાકૃતિઓનું એકલું ઓનલાઈન વેચાણ ૬ અબજ ડોલરમાંથી અધધધ વધીને આશરે ૧૨ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે! (૧ ડોલર= ૮૭ રૂપિયા)

આ તો સત્તાવાર જાહેર થયેલા ઓનલાઈન વેંચાણના આંકડા છે. હવે તો વર્ચ્યુલ ક્રિપ્ટો કરન્સીની માર્કેટ પણ ખુલી ગઈ છે એટલે આવા આભાસી નાણાંથી બે નંબરી સોદાના આંકડા તો આપણે માત્ર કલ્પી જ લેવાના!

ફરેબથી ભરપૂર આ ઍન્ટિક દુનિયાની આ એક ચોંકાવનારી ઘટના પણ જાણી લો..

ન્યુયોર્ક સિટીના મેનહટન જેવા ખાસ્સા જાણીતા વિસ્તારમાં વર્ષો જૂના ઍન્ટિક ડિલરની ગેલેરી વત્તા એક સ્ટોર છે. પુરાતત્ત્વ વિભાગની નજરે પણ ગેલેરીની સાખ સારી. ઈજિપ્ત -ઈરાન-અફઘાનિસ્તાન- તુર્કિસ્તાનના અંકારા (જૂનું અંગોરા)થી લઈને જપાન-ચીન-ઈન્ડોનેશિયા, વગેરે દેશોની કદમાં નાની એવી પ્રાચીન ધાર્મિક પ્રતિમાઓનો અહીં ધંધો પણ ધમધોકાર ચાલતો હતો. કશી બાતમી મળતા ન્યૂયોર્ક પોલીસે થોડા સમય પહેલાં આ ગેલેરી પર દરોડો પાડયો ત્યારે બધાના આશ્ચર્ય વચ્ચે એના છુપા ભૂગર્ભના ઓરડાઓમાં યુગો જૂની 'પ્રાચીન' મૂર્તિઓ જથ્થાબંધ- હોલસેલમાં તૈયાર થતી ઝડપાઈ!

બોલો, આવી છે પ્રાચીન વસ્તુઓની અર્વાચીન ફરેબી દુનિયા.! ■

---

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## સાન માટેઓની મજેદાર માર્કેટમાં ભરબપોરે ડાન્સ પાર્ટી...










કેનેરી આયલેન્ડમાં બનાના પ્લાન્ટેશનમાં આખો દિવસ રહેવાની ટિકિટ ભલે લીધી હોય, ત્યાં બધેય ચક્કર લગાવીને, કેળાંની ત્યાં ઉપલબ્ધ દરેક વાનગી અને ડ્રિંક ચાખીને અંતે ત્યાં કેળાંના રેસામાંથી બનેલાં ફ્રિજ મેગ્નેટ સાથે પણ ટાઇમપાસ કરી લીધો હતો. અંતે ત્યાં હાઇ કોફી ટેબલ પર બેસીને દરિયા તરફ વ્યુ માણવા બેસીને દરેક પ્રકારના ફોટા પાડી લીધા પછી પણ માંડ બે કલાક થયા હતા. ત્યાં થોડા થોડા અંતરે આઉટડોર ચેર અને સોફા આરામથી રિલેક્સ કરવા માટે મૂકવામાં આવ્યા છે. સ્વાભાવિક છે ભારતીય પ્રવાસીઓ રિલેક્સ કરવા બેસે ત્યારે મોટાભાગે કીડીઓ ચડવા લાગતી હોય છે તે નક્કી છે. આમ તો અમારી પાસે જ્યાં ઇચ્છીએ ત્યાં પડ્યા રહેવા માટે પૂરતો સમય હતો. છતાંય આ દિશામાં આવ્યાં જ છીએ તો હજી આગળ ઇનલેન્ડમાં આ વિસ્તારના જાણીતાં ગામ જોવાં નીકળવાનો મોકો જેવો સામે આવ્યો તેવો અમે ઝડપી લીધો.

અહીં એક ગામથી બીજા ગામ જતાં બધે ક્રિસમસ ડેકોરેશન નજરે પડતું હતું. જોકે આ બધું રાત્રે અંધારામાં જોવાની મજા આવી શકે. એક વાત નક્કી હતી, અહીં અમે એપાર્ટમેન્ટની આસપાસના વિસ્તાર સિવાય રાત્રે ક્યાંય દૂર નીકળવાનાં ન હતાં, એવામાં અહીં રાત્રે અંધારામાં ફરવા નીકળી પડવાની ઇચ્છા દરેક ગામમાં થઈ આવતી હતી. તે સમયે તો અમે બંધ લાઇટોમાં, ચળકતા તડકામાં ઠંડી નહોતી લાગતી તે વાતની જ ઉજવણી કરી રહ્યાં હતાં. તે દિવસે હજી શનિવાર હતો. અમને જાણવા મળેલું કે બે ઇનલેન્ડ ગામમાં મજાની શનિવારી માર્કેટ ભરાય છે. તેના માટે જરા ખડકાળ રસ્તાઓ પર થઈને ત્યાં પહોંચવા જેવું છે. ખાસ તો એટલા માટે કે ત્યાં ખાસ ફૂડ માર્કેટ પણ ભરાય છે. અમે તે દિવસે સવારે ઉભડક બ્રેકફાસ્ટ કરેલો અને પછી બનાના ટેસ્ટિંગમાં થોડો નાસ્તો કરેલો. બનાના પ્લાન્ટેશન આસપાસ દૂર દૂર સુધી ક્યાંય ખાવા પીવાનાં ઓપ્શન નજરે પડ્યાં નહીં. બપોરે અહીં ઘણી જગ્યાએ બિઝનેસ, દુકાનો, રેસ્ટોરાં બંધ કરીને સૂઈ જવાનો પણ ચીલો હોય તેવું લાગતું હતું. એવામાં અમે સાથે લાવેલી ચિપ્સ પર ભરોસો રાખીને પેલી માર્કેટવાળા ગામ તરફ કાર હંકાર્યે રાખી. માર્કેટ બપોરે ત્રણ વાગ્યે બંધ થતી હતી. અમે ત્યાં સવા બે-અઢી વાગતાં પહોંચીશું એવું લાગતું હતું.

અને પછી અમે સ્થાનિક ગામમાંથી નીકળવા માટે એક અણધાર્યો ટર્ન લીધો. તેમાં કાચો રસ્તો અમને ઘણાં દાડમ અને લીંબુથી લદાયેલાં ગાર્ડનવાળી ગલીઓમાંથી લઈ ગયો. બે વાર તો લગભગ વર્ટિકલ હોય તેવા ઢાળ પણ આવ્યા. એવામાં થોડાં લીંબુ ગાર્ડનની બહાર વગડામાં અને ગલીના છેવાડે પણ ઊગેલાં. સ્વાભાવિક છે જરા એક-બે લીંબુ તોડીને આગળ જવાનું બન્યું. અંતે ઘણા ઢાળ અને ગામ વટાવતાં અમે ગામ સાન માટેઓ પહોંચ્યાં ત્યારે અઢી વાગવા આવેલા. ગામની ઓળખ જ આ માર્કેટ




સાથે જોડાયેલી હતી. તેના માટે ખાસ દૂર દૂરથી ટૂરિસ્ટ આવેલાં, પણ તેની માર્કેટની મજા તો સ્થાનિક લોકો જ લઈ રહ્યાં હોય તેવું લાગ્યું. માર્કેટને ઓનલાઇન ગાઇડ બુકમાં અત્યંત હાઇપ કરવામાં આવી હતી. અંતે તો ત્યાં થોડા હેન્ડી ક્રાફટના સ્ટોલ, થોડાં કપડાંના સ્ટોલ અને ફેક જ્વેલરી સ્ટોલ્સ વચ્ચે એક મોટા હોલમાં લાઇનથી ચીઝ, શાકભાજી, ફળો, મસાલા અને બેકરી આઇટમોની વચ્ચે ઓલિવ ઓઇલ, વાઇન અને સ્થાનિક મીટનાં બૂથ પણ હતાં.

મેઇનલેન્ડ સ્પેન હોય કે કેનેરી ટાપુઓ, અહીં સ્થાનિકોને ભાગ્યે જ થોડું અંગ્રેજી આવડતું હોય છે. બધે અમારે ઇશારાથી અને છૂટાછવાયા સ્પેનિશ શબ્દોથી કામ ચલાવવું પડતું. અમે થોડાં સ્થાનિક સ્વિટ્સ, થોડાં લોકલ કેપ્સિકમ, ચીઝ વગેરે ખરીદીને ખાણી-પીણીના સ્ટોલ્સ પહોંચીએ ત્યાં સુધીમાં બધું બંધ થઈ ગયું હતું. થોડી બેકરી આઇટમો ચાખવા મળી હતી, પણ તેનાથી પેટ ભરાય તેવું ન હતું. જોકે માર્કેટમાં એક છપરા નીચે મોટો ચોક હતો. ત્યાં એક તરફ એક બેન્ડ અંગ્રેજી અને સ્પેનિશ ગીતોનું મિશ્રણ વગાડી રહ્યું હતું. આખો ચોક લોકોથી ભરેલો હતો અને અંદરના વિસ્તારમાં જે પણ હતાં તે બધાં પોતાની મસ્તીમાં ડાન્સ કરી રહ્યાં હતાં. ગામ તો આખું ખાલી હોય તેવું લાગતું હતું, પણ ભરબપોરે, ટીનના છાપરા નીચે, મસ્તીમાં ફરવા નીકળેલાં દરેક ઉમરનાં, ઘણી નેશનાલિટીનાં લોકો, લાઇવ મ્યુઝિક પર ઝૂમી રહ્યાં હતાં. ઘણી બહેનપણીઓ અને પરિવારોને કોઈની ચિંતા વગર મજેથી નાચતાં જોઇને મેં પણ મમ્મી સાથે અંદર છેડે છેડે જરા ડાન્સ જેવું જ કંઇક કરીને મજા લીધી. ત્યાં તડકો ન હોત તો અમે હજી લાંબું રહી જાત એવું એક બીજાને કહીને આગળ વધ્યાં. ખરી વાત તો એ છે કે બધાંને ભૂખ લાગી હતી.

વેકેશન મૂડ આને ન કહેવાય તો કોને કહેવાય તે ખબર ન હતી. ધાર્યું હતું ત્યાં ખાવા નહોતું મળતું તેની પરવા કર્યા વિના, અણધાર્યું મજાથી નાચવા મળી જતું હતું તેનો આનંદ લઈને અમે માર્કેટમાં બીજું શું શું હોઈ શકે તે તરફ નજર કરી. અને ખરેખર ત્રણના ડંકે જાણે દરેક સ્ટોલ બંધ થઈ ગયો હોય તેવું લાગતું હતું. કોઈને ગ્રાહકોની પડી ન હતી. જેવો ટાઇમ થયો કે બધાં પોતપોતાના રસ્તે મજા કરવા નીકળી પડ્યાં હોય તેવું લાગતું હતું. હવે અમારી પાસે રેસ્ટોરાંમાં જવા સિવાય કોઈ ઓપ્શન ન હતો. જોકે સાન માટેઓ ગામની પોતાની ખાઉ ગલી પણ નજીકમાં જ હતી. અને બપોરે ત્રણ વાગ્યે જાણે માર્કેટથી બધાં રેસ્ટોરાં તરફ આવી રહ્યાં હોય તેમ ભીડ જામી રહી હતી. આજે તો સ્પેનિશ રેસ્ટોરાંમાં સ્થાનિક ફૂડ જ મળે તો પણ ખાવું તે પાક્કા ઇરાદાથી અમે પણ બેઠાં.

અહીં વેજિટેરિયન ઓપ્શનો પહેલાં કરતાં વધુ તો હતા, છતાંય વાત મોહો સાથે બટાકા, ફાઇઝના પ્રકારો, વેજ પિત્ઝા સિવાય વધુ આગળ વધી ન હતી. વળી આ લંચ ટાઇમ હતો એટલે નાસ્તાના મેન્યુની કોઈ પણ આઇટમ આ સમય દરમ્યાન ઓર્ડર ન થઈ શકતી. એવામાં અમે ઠંડે કલેજે ટ્રાન્સલેટ કરીને જોયું અને અમને સ્પેનનું છોલેનું વર્ઝન હોય તેવું 'રોપા વેઇહા' અને સ્પેનનું ખીચુનું વર્ઝન હોય એવું 'ગોફિયો' મળી ગયું. વેજિટેરિયન ખાવાનું તો મળી ગયું, પણ કશામાં મસાલાનું નામોનિશાન ન હતું. એટલું સારું હતું કે મોહો ચટણી બધે મળી જતી હતી. માર્કેટ ભલે હાઇપ જેટલી મોટી ન હોય, ત્યાં અમે જે મજા કરી હતી તેને માપવી જરૂર મુશ્કેલ હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## સ્પોર્ટ્સ મૅન


યશવંત ચાડ
feedback@bombaysamachar.com

# સૈફ અલી ખાનના પિતા મન્સૂર અલી પટૌડી કેવા કપરા સંજોગોમાં ફરી ભારતના કૅપ્ટન બનેલા?

### પટૌડી પરિવારનું ક્રિકેટ કનેક્શન જબરદસ્ત છે... દાદા ઈફ્તિખાર અને પિતા મન્સૂર અલી બાદ સૈફ અલી ખાન થોડું ક્રિકેટ તો રમ્યો જ હતો


ઈફ્તિખાર અલી ખાન પટૌડી


સૈફ અલી ખાન


મન્સૂર અલી ખાન પટૌડી

બૉલીવૂડ-સ્ટાર સૈફ અલી ખાન તાજેતરમાં તેના ઘરમાં થયેલા હુમલાને કારણે હમણાં ચર્ચામાં છે. આ બનાવને લીધે તેના પિતા તથા ભારતના ભૂતપૂર્વ ક્રિકેટ-કૅપ્ટન મન્સૂર અલી ખાન પટૌડી તેમ જ સમગ્ર પટૌડી પરિવાર વિશેની જૂની ઘટનાઓ પણ મીડિયા જગતમાં તાજી કરવામાં આવી રહી છે. મન્સૂર અલી ખાન પટૌડીને સ્પર્શતી ક્રિકેટની વાતો પર આગળ વધતાં પહેલાં આપણે પટૌડી પરિવારના ક્રિકેટ-કનેક્શન વિશે થોડું જાણી લઈએ.

મન્સૂર અલી ખાન પટૌડીના પિતા એટલે કે સૈફ અલી ખાનના દાદા ઇફ્તિખાર અલી ખાન પટૌડી (સિનિયર નવાબ ઑફ પટૌડી) એકમાત્ર ટેસ્ટ ક્રિકેટર છે જેઓ ઇંગ્લૅન્ડ અને ભારત, બન્ને દેશ વતી રમ્યા હતા. ભારતના પંજાબ રાજ્યમાં જન્મેલા નવાબ ઑફ પટૌડી ૧૯૩૨માં સૌપ્રથમ ટેસ્ટ ઇંગ્લૅન્ડ વતી રમ્યા હતા. તેમણે એ ડેબ્યૂ ટેસ્ટમાં જ (ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં) સેન્ચુરી ફટકારી હતી. તેમણે સાડાપાંચ કલાકની ઇનિંગ્સમાં ૧૦૨ રન બનાવ્યા હતા. તેમણે જીતનો એ પાયો નાખી આપ્યો અને પછીથી ઇંગ્લૅન્ડે એ ટેસ્ટ જીતી લીધી હતી. આમ તો તેઓ કરીઅરમાં માંડ છ ટેસ્ટ રમેલા, પણ એમાંની પહેલી ત્રણ ટેસ્ટ ઇંગ્લૅન્ડ વતી રમ્યા બાદ છેલ્લી ત્રણ ટેસ્ટ ભારત વતી રમ્યા હતા. ૧૯૪૬માં ભારત વતી રમેલી પહેલી જ ટેસ્ટમાં તેમને કૅપ્ટન્સી સંભાળવા મળી હતી. ત્યારે તેમની ઇલેવનમાં લાલા અમરનાથ, વિજય મર્ચન્ટ, વિનુ માંકડ, વિજય હઝારે (જેમના નામે વિજય હઝારે ટ્રોફી તાજેતરમાં જ રમાઈ ગઈ), રુસી મોદી વગેરે જાણીતા ખેલાડીઓ હતા.

હવે આપણે સૈફ અલી ખાન વિશે થોડું જાણીએ. સૈફ અલી ખાન નાનો હતો ત્યારે ઇંગ્લૅન્ડમાં પટૌડી પરિવાર સાથે રહેતો હતો ત્યારે ત્યાં તે થોડું ક્રિકેટ રમ્યો હતો. તે ફર્સ્ટ-ક્લાસ મૅચો તો નહોતો રમ્યો, પરંતુ ત્યારે એવું લાગતું હતું કે તે પણ દાદા અને પિતાની માફક ક્રિકેટમાં કરીઅર બનાવશે. જોકે પછીથી તેણે મમ્મી શર્મિલા ટાગોરની માફક ફિલ્મ-લાઇન પસંદ કરી અને ત્યાર પછીનો તેનો ઇતિહાસ આપણી સમક્ષ જ છે.

સૈફના દાદા ઇફ્તિખાર અલી ખાન પટૌડીનું ૧૯૫૨માં ૪૧ વર્ષની વયે અવસાન થયું હતું. સૈફના પિતા મન્સૂર અલી ખાન પટૌડીનું ૨૦૧૧માં ૭૦ વર્ષની ઉંમરે દેહાંત થયું હતું.

મન્સૂર અલી ખાન પટૌડી ભારતના ખ્યાતનામ કૅપ્ટન અને સ્ટાઇલિશ બૅટર હતા. નમ્ર સ્વભાવના પટૌડી ટીમમાં અને ક્રિકેટજગતમાં ખૂબ પ્રિય હતા. તેમના ભત્રીજા સાદ બિન જંગ પણ ભારતમાં ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ રમ્યા હતા. મન્સૂર અલી ખાન પટૌડીએ કયા સંજોગોમાં સુકાન સંભાળ્યું અને અડચણો વચ્ચે કૅપ્ટન્સીની જવાબદારી સંભાળીને ચારેય બાજુએથી પ્રશંસા મેળવી એ વિશે થોડું જાણીએ.

૧૯૭૪માં ઇંગ્લૅન્ડમાં નામોશીભરી હારનો કડવો અનુભવ કર્યા બાદ અજિત વાડેકરની ભારતીય ટીમ સ્વદેશ પાછી આવી ત્યારે એવી અફવાઓ ઊડી હતી કે ટીમના ખેલાડીઓમાં અણબનાવ અને હુંસાતુંસી છે, ક્યારેક મારામારી પણ થઈ જતી હોય છે તેમ જ રાજ્યવાદને આધારે ટીમમાં જૂથ પડી ગયા છે. અધૂરામાં પૂરું, પશ્ચિમ વિભાગના પસંદગીકારોએ દુલીપ ટ્રોફી સ્પર્ધાની વેસ્ટ ઝોનની ટીમમાંથી અજિત વાડેકરને પડતા મૂક્યા ત્યારે વાડેકરે ફક્ત ટેસ્ટ ક્રિકેટમાંથી જ નહીં, પણ સમગ્ર ક્રિકેટમાંથી સંન્યાસ જાહેર કરી દીધો હતો. એ તબક્કે ભારતીય સિલેક્ટરોની ખરી કસોટીનો સમય આવી ગયો હતો. ઇંગ્લૅન્ડ ખાતેના નિષ્ફળ પ્રવાસ તથા ચોરીના અમુક મોટા આક્ષેપ તેમ જ ભારતીય હાઈ કમિશનની પાર્ટીમાં મોડા પહોંચનારી ભારતીય ટીમ વિશે એટલી બધી અફવા ફેલાઈ હતી કે એ આઘાતમાંથી ટીમને બહાર પસંદગીકારો એવા ક્રિકેટરને કૅપ્ટન બનાવવા માગતા હતા કે જે અનુભવે ઘડાયેલો હોય અને ભારતીય ટીમને એકજૂટ રાખી શકે. જોકે આવો ક્રિકેટર ક્યાંથી ગોતવો?

૧૯૭૪ના ઇંગ્લૅન્ડના પ્રવાસની ટીમમાં સામેલ સુનીલ ગાવસકર અને ઉપ-સુકાની એસ. વેન્કટરાઘવન ભારતીય ક્રિકેટની જવાબદારી કેવી રીતે સંભાળી શકે એ વિશે પસંદગીકારો દ્વિધામાં હતા.

ત્યારે મન્સૂર અલી ખાન પટૌડી (એમએકે પટૌડી) ૧૯૬૨ બાદ લગભગ એક દાયકા સુધી ભારતીય ટીમનું સુકાન સંભાળી ચૂક્યા હતા એટલે સિલેક્ટરો તેમના નામ પર વિચારવા લાગ્યા હતા. ભારતીય ટીમમાં ફરી એકરૂપતા લાવી શકે એવું એક જ નામ ત્યારે ચર્ચામાં હતું અને એ હતું પટૌડીનું. ત્યારે રાજસિંહ ડુંગરપુર ક્રિકેટજગતમાં ખૂબ જાણીતા હતા અને પટૌડીના બહુ સારા મિત્ર પણ હતા. તેમણે પટૌડીને પૂછી જ લીધું કે ‘શું તમે ફરીથી ભારતીય ટેસ્ટ ટીમનું નેતૃત્વ કરવા તૈયાર થશો?’ પટૌડીએ જવાબમાં કહ્યું કે ‘હું લાંબા સમયથી ઉચ્ચસ્તર ક્રિકેટ રણજી ટ્રોફી વગેરે નથી રમ્યો અને મને ફક્ત ડાબી આંખથી જ દેખાય છે એટલે ઝાંખી દૃષ્ટિ પણ ઝાંખી પડી ગઈ છે.’

જોકે અગાઉ વિશ્વમાં સૌથી યુવાન વયે ટેસ્ટના સુકાની બનવાનો વિક્રમ કરનાર પટૌડીએ ત્યારે ટીમને ગંભીર કટોકટીના આઘાતમાંથી બહાર લાવવા અને ટીમને ફરી બેઠી કરવા પોતે તૈયાર છે એવું કહીને શરત મૂકી હતી કે જો ટીમની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેમ જ ટીમના સમતોલપણાને લક્ષમાં રાખીને તેમને ખેલાડીઓ મળે તો ભારતીય ક્રિકેટના હિતમાં એવી ટીમનું સુકાન સંભાળવા પોતે તૈયાર છે. તેમનું નામ આગળ આવ્યું એટલે પસંદગીકારોએ વધુ વિચાર કરવાની જરૂર જ નહોતી, પરંતુ થોડો સમય ક્રિકેટના ટચમાં નહોતા એટલે ત્યારે પાંચ ટેસ્ટની આખી સિરીઝને બદલે સિલેક્ટરો તેમને માત્ર પહેલી બે ટેસ્ટ માટે સુકાની બનાવવાની પેરવીમાં હતા. ડુંગરપુરે ત્યારે પટૌડીને બે ટેસ્ટમાં નેતૃત્વ સંભાળવાની ઑફર કરી ત્યારે ત્યારે પટૌડીએ તેમને ‘થેન્ક યુ’ કહીને જણાવી દીધું કે ‘મારે ભારતીય ટીમની કૅપ્ટન્સી નથી જોઈતી. તમને જો મારામાં વિશ્વાસ જ ન હોય તો બે ટેસ્ટ માટે પણ શું કામ સુકાનીપદ આપો છો? કૅપ્ટન્સી આપવી જ હોય તો પાંચેય ટેસ્ટની સિરીઝ માટે આપો. નહીં તો નેતૃત્વ સંભાળવામાં મને કોઈ જ રસ નથી.

એ વખતે સામે વેસ્ટ ઇન્ડિઝની ટીમનું સુકાન ક્લાઇવ લૉઇડને સોંપાયું હતું. તેમની બળુકી ટીમમાં ત્યારે નવા, પણ પછીથી અદ્વિતીય પ્રસિદ્ધિ પામેલા ખેલાડીઓ સામેલ હતા જેમ કે ગૉર્ડન ગ્રિનિજ, વિવિયન રિચર્ડ્સ, કિથ બૉયસ, રૉય ફ્રેડરિક્સ, ડેરિક મરે, જુલિયન, ઍન્ડી રૉબર્ટ્સ તેમ જ લાન્સ ગિબ્સ વગેરે. પટૌડી ત્યારે વાડેકરની નિવૃત્તિ બાદ ફરી સુકાની તો જરૂર બન્યા, પરંતુ બૅન્ગલોર (હવે બેન્ગલૂરુ)ની પ્રથમ ટેસ્ટમાં કૅચ પકડવા જતાં હાથમાં ઈજા પામ્યા હતા. બીજી ટેસ્ટમાં તેઓ નહોતા રમી શક્યા અને ત્યાર બાદ ત્રીજી, ચોથી ટેસ્ટમાં ભારતે તેમની અસાધારણ કૅપ્ટન્સી તેમ જ ભાગવત ચંદ્રશેખર, એરાપલ્લી પ્રસન્ના તેમ જ બિશનસિંહ બેદીના કાંડાની કરામતથી વિજય મેળવીને શ્રેણી ૨-૨થી સમકક્ષ કરી હતી. ત્યારે આખરી ટેસ્ટ (ત્યારના નવાસવા) વાનખેડે સ્ટેડિયમમાં રમાવાની હતી. હાલમાં ગોલ્ડન જ્યુબિલી ઉજવી રહેલા વાનખેડેની એ સૌપ્રથમ ટેસ્ટ માટેની પિચ ટેસ્ટ-ક્રિકેટ માટે યોગ્ય નથી એવો વેસ્ટ ઇન્ડિઝની ટીમ તરફથી વિરોધ નોંધાયો હતો. જોકે તમે માનશો, વેસ્ટ ઇન્ડિયનોએ એ જ પિચ પર ચાર વિકેટે ૬૦૪ રન બનાવ્યા હતા. આને ક્રિકેટની અનિશ્ચિતતા કહેવી કે (હારી જવાય તો) પાણી પહેલાં પાળ બાંધવાની ક્લાઇવ લૉઇડની કોઈ યુક્તિ ગણવી? એ ચર્ચાનો વિષય હતો.

વાનખેડે ખાતે સિરીઝની (છ દિવસીય) નિર્ણાયક ટેસ્ટમાં ભારતીય ટીમ હારી ગઈ હતી, પણ એ ટેસ્ટ અગાઉ પટૌડીએ પસંદગીકારોની દખલગીરીનો કેવી રીતે વળતો જવાબ આપ્યો હતો એ વિશે થોડું જાણીએ. કૅરિબિયનો સામે બૅન્ગલોર અને દિલ્હીની ટેસ્ટ હાર્યા બાદ કોલકાતામાં ભારતે જીતી લેતાં શ્રેણીનો રેશિયો (વેસ્ટ ઇન્ડિઝની તરફેણમાં) ૨-૧નો હતો. કોલકાતાની ત્રીજી ટેસ્ટમાં એરાપલ્લી પ્રસન્નાને એકેય વિકેટ ન મળતાં ચેન્નઈની ચોથી ટેસ્ટમાં પસંદગીકારો ઑફ-સ્પિનર એસ. વેન્કટરાઘવનને રમાડવા માગતા હતા. જોકે પટૌડીને પ્રસન્ના પર જબરદસ્ત વિશ્વાસ હતો. પ્રસન્નાને કોલકાતાની ત્રીજી ટેસ્ટમાં વિકેટ નહોતી મળી, પણ સ્વરક્ષણાત્મક બોલિંગ દ્વારા કૅરિબિયન ટીમના રન અટકાવવામાં તેમનું મોટું યોગદાન હતું એવું કહીને પટૌડી તેમને ચેન્નઈમાં સ્પિનરોને મદદરૂપ થનારી પિચ પર રમાડવા માગતા હતા અને તેઓ મૅચમાં કુલ દસેક વિકેટ લેશે એવી ખાતરી પણ પટૌડીને હતી. તેમનો એ વિશ્વાસ સાર્થક ઠર્યો, કારણકે પ્રસન્નાએ ચેન્નઈમાં બે દાવ મળીને કુલ નવ વિકેટ લીધી હતી.

પટૌડીએ ત્યારે પસંદગીકારોને તેમની દખલગીરી બદલ કહી દીધું હતું કે ‘હું સ્કૂલનો કૅપ્ટન છું કે કયા બોલરને ટીમમાં લેવો અને કોને બોલિંગ આપવી એ વિશે તમે મને સમજાવશો? તમે મેદાનની બહાર બેઠા છો અને હું ગ્રાઉન્ડ પરની પરિસ્થિતિને જાણીને તેમ કયા બોલરને પિચ કેવી મદદકર્તા બની શકે એ બરાબર જાણતો હોઉં છું. હવે પછી કોઈએ મને આ બાબતમાં ‘હુકમ’ કરવો નહીં, મૅચમાં વિટંબણા ઊભી કરવી નહીં.’

પટૌડીએ ત્યારે એ અરસામાં વડોદરામાં એક મૅચ દરમ્યાન પહેલી જ વખત કૉમેન્ટરી બૉક્સમાં ‘એક્સપર્ટ’ તરીકે પદાર્પણ કર્યું હતું. ત્યારે તમારા આ ‘યૉર્સ ફેઇથફુલી’ને પટૌડીની બાજુમાં બેસવાની સુવર્ણ તક મળી હતી. તેમને પ્રશ્ન પૂછવાની મને ઓચિંતી પ્રેરણા થઈ અને મેં પૂછી લીધું કે ‘તમે ફાસ્ટ બોલર્સ સામે બૅટિંગ કરો એ અઘરું પડે કે હાલ એક્સપર્ટ તરીકે કૉમેન્ટરી બૉક્સમાંથી પોતાના વિચારો વહેતા મૂકવાનું? યુવા બૅટસમેને કેવી રીતે રમવું એ વિશે થોડું કહેશો?’

પટૌડીએ મને સ્મિત સાથે જણાવ્યું, ‘યશવંત, બોલર ગમે તે હોય, ગમે એટલો ઝડપી હોય પરંતુ તેમની સામે રમવાની મજા જ કંઈક ઑર હોય છે. બીજું, કયા બૉલને ક્યાં અને કેવી રીતે રમવો એ મારે સ્વયં પોતે જ નિર્ણય લેવાનો હોય. બીજા બૅટ્સમૅનના મનમાં શું ચાલી રહ્યું છે અને તેણે શું કરવું જોઈએ એ વિશે કહેવું અઘરું છે.' ■

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ‘કોલ્ડપ્લે’ મ્યુઝિકલ પ્રોગ્રામ ઇસ્ટમાં વેસ્ટનું મ્યુઝિક!



આજકાલ ‘કોલ્ડપ્લે’ મ્યુઝિકલ ગ્રુપનો ઘેર ઘેર તાવ છે. લોકો મરણમૂડી વેંચીને પણ છોકરાંવને આ લાઇવ- શો જોવા માટે મોંઘી ટિકિટો ખરીદી રહ્યા છે. અમુકે તો કીડની વેંચ્યાના દાખલા છે એવા માહોલમાં ભારતીય વિદેશી સંગીત વિશે અમુક જૂની યાદ....

ભારતીય સંગીતનો નાશ કરવાનો અથવા બગાડવાનો એક જ ઉપાય એ છે કે એમાં પશ્ચિમી સંગીત ઘુસાડી દેવામાં આવે. એવી જ રીતે પશ્ચિમી સંગીતની દુર્દશા કરવાની પણ એવી જ રીત છે કે એને ભારતીય સંગીતની જેમ એટલે કે શાસ્ત્રીય સંગીતની જેમ આરોહ-અવરોહમાં ગાવામાં આવે. ઉદાહરણ તરીકે, તમે ‘આઈ લવ યુ ડાર્લિંગ’ નામનું એક ગીત લો. એને ત્રણ તાલમાં રાગ ઝિંઝૌટીમાં ગાઓ અથવા એને રાગ ભૈરવીના સૂરમાં લગાવો અને ગાતી વખતે પોતાની એક આંખને હાથથી બંધ રાખી અને બીજી આંખથી એ જાણવાનો પ્રયાસ કરો કે સભાગૃહના દરવાજામાંથી અંગ્રેજી શ્રોતાઓ મોટી સંખ્યામાં પ્રવેશી રહ્યા છે કે નહીં? અંગ્રેજ નહીં તો અંગ્રેજી મીડિયમમાં (કોન્વેન્ટમાં) ભણેલા ભારતીય અંગ્રેજ છોકરા-છોકરીઓ પણ જો ભેગા થઈ જાય તો પણ પ્રોગ્રામ યોજનારી સંસ્થા ખોટમાં નહીં રહે. વળી, પોતાની આ મિક્સ રજૂઆતની વિશે તમે પત્રકારોને આરામથી એમ કહી શકો છો કે- ‘હું પૂર્વની સંસ્કૃતિને પશ્ચિમી કલ્ચર સાથે જોડી રહ્યો છું!’ (અર્થાત તમે એને ‘ફ્યુઝન’ નામ આપી શકો! )

આ ઉપાય થોડા ઘણા અંશે સિતારવાદક રવિશંકર અને વિદેશી યહૂદી મેનન અજમાવી ચૂક્યા છે. જે તમને પણ કામ આવી શકે. વાત કોઇપણ કામને લેબલ લગાડવાની છે.

મારી આ પોતાની મૌલિક વાતને સંપૂર્ણ રીતે સમજવા માટે મેં ‘આઈ લવ યુ, ડાર્લિંગ’ પંક્તિને સંપૂર્ણ શાસ્ત્રીય રીતે ગાઇ જોયું. ‘આઈ’ તો ઘણા ઊંચા સૂરમાં લાગી જતો હતો, ને ‘લવ, લવ, લવલ..વ’ને મેં ઘણી વખત રિપિટ કરે રાખ્યું. જેમ શાસ્ત્રીય સંગીતમાં તમે એક શબ્દ પર અટકી જાવ તો લાંબા સમય સુધી અટકી જ જાવ, (એમ હું ‘લવ’ શબ્દ પર ચોંટીને અટકી જ ગયો!) ‘ય’ને જ્યારે મેં ‘યુઉઉઉઉ’ ગાઇને લાંબો ખેંચ્યો ત્યારે એ લાંબો ને લાંબો ખેંચાતો જ ગયો! ત્યાં સુધી લાંબો ખેંચાયો કે એક વ્યક્તિ જે મારી પાસેથી પસાર થઈ રહ્યો હતો એ રોકાઈને પૂછવા લાગ્યો કે ‘તમે મને કશું કહ્યું? ’

હવે પેલા ‘ડાર્લિંગ’ શબ્દની દુર્દશા કહો કે એનો વિકાસ કહો, પણ ‘ડાર્લિંગ’નો ‘ગ’ હંમેશાં ‘ગા’ જ થઈ જતો હતો. હું એને જ્યારે ગાતો, એ ‘ડાર્લિંગ’ જ હતો. જોકે જેમતેમ મારો ગાવાનો કાર્યક્રમ સફળ રહ્યો.એ લગભગ એક કલાક સુધી ચાલ્યો. જોકે, આવું ગાયન સાંભળીને મારી પોતાની ‘ડાર્લિંગ’-થી એના ‘લવર’ મેળવવાની પરિસ્થિતિ પંદર દિવસ માટે ટળી ગઈ હતી એ ખરાબ સાઇડ ઇફેક્ટ થઇ, પણ સંગીતના ક્ષેત્રમાં એક મજબૂત પાયો તો નંખાઇ જ ગયો હતો, જેને ઉખાડવો મારા આસપાસના સમાજ માટે અસંભવ હતો.

ચિંતન અને મનનની આ વિકટ પરિસ્થિતિ ત્યારે ઊભી થઈ, જ્યારે મેં અખબારમાં વાંચ્યું કે લતા મંગેશકર, મોહમ્મદ રફી, કિશોર કુમાર વગેરે એમના અમેરિકા અને કેનેડાના પ્રવાસ દરમિયાન અંગ્રેજીમાં ગીતો ગાવાના છે! આજકાલ મુંબઈમાં એમનું રિહર્સલ ચાલી રહ્યું છે અને અંગ્રેજી શબ્દો, એના અલગ અલગ અર્થ સાથે તડપી તડપીને કે મરી મરીને જીવી રહ્યા છે!

વેલ, જે થશે એ થશે, પણ એ એક અલગ અનુભવ તો હશે. લતાજી કે કિશોરકુમારને થાય કે નહીં, પણ વિદેશી શ્રોતાઓ માટે એ જરૂર અલગ અનુભવ બની રહેશે! બની શકે કે અમેરિકા અને કેનેડાના કાર્યક્રમોમાં મોટાભાગના શ્રોતાઓ ભારતીય મૂળના જ હોય અને એ લોકો લતાજી કે કિશોરકુમાર કરતાં પહેલાં જ અંગ્રેજી ગીતોને ભારતીય શૈલીમાં ગાઇને એક નવી સ્ટાઇલ કે પરંપરા સ્થાપિત કરી ચૂક્યા હોય અને લતાજી કે કિશોરકુમાર એ જ પરંપરાને આગળ વધારવા જઈ રહ્યા હોય!

હું કલ્પના કરું છું કે અંગ્રેજી ગીતોને આપણી પૂર્વની શૈલીમાં અથવા દાદરા-ઠુમરીની જેમ ગાવામાં આવે તો કેવું લાગશે? આપણા ગાયકો આવા પ્રવાસમાં વિશ્વસ્તરીય ગાયક બની શકે છે અને વિશ્વસંગીતનું સ્તર આપણા ગાયકો સુધી નીચે આવી શકે છે એટલે કે, આમાં કંઈ પણ થઈ શકે છે. આમ પણ લતાજી વિશ્વસ્તરીય ગાયિકા છે.

અલબત્ત, બીજો એક વણલખ્યો નિયમ છે કે જ્યારે એક દેશના ગાયક અથવા ગાયિકા બીજા દેશમાં જાય છે ત્યારે સામાન્ય રીતે ત્યાંની ભાષામાં પણ એક ગીત ગાય છે. ગીત જેવું પણ ગાય પણ તાળીઓ બહુ પડે છે. અલબત્ત, એ ગીતો રિપીટ કરવા જેટલાં સારાં નથી હોતાં, પછી એને ગાવાવાળો ગમે તેટલો મોટો અને મહાન ગાયક કેમ ના હોય! પણ અંગ્રેજી તો હવે ભારતીય ભાષા છે. એને બગાડવી એ તો આમ પણ આપણો જન્મસિદ્ધ અધિકાર છે! અંગ્રેજી ભાષાને બગાડવી એ પણ એક રીતે ભારતીય સંસ્કૃતિની સેવા જ છે!

આપણા ગાયકો એમાં ચોક્કસ એક મોટું કામ કરવા જઈ રહ્યા છે.

(મૂળ લેખ- ૧૯૮૫) ■

## વિશેષ

શાહિદ એ. ચૌધરી
feedback@bombaysamachar.com

# જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા કરતી હૈ બસેરા

### સંસ્કૃતિ - આસ્થા - કલાકૃતિથી સમૃદ્ધ સ્વર્ણિમ ભારત

દેશના ૭૬મા ગણતંત્ર દિવસ (૨૬મી જાન્યુઆરી, ૨૦૨૫)ની થીમ છે ‘સ્વર્ણિમ ભારતઃ વારસો અને વિકાસ’ ભારત સરકારે મંત્રાલયો અને રાજ્ય સરકારોને દેશનો વારસો અને વિકાસની ઝાંખી પ્રદર્શિત કરવાનું કહ્યું છે. આ ઝાંખીઓ પ્રજાસત્તાક દિનની પરેડમાં પ્રદર્શિત કરવામાં આવશે. આ પરેડમાં મુખ્ય અતિથિ તરીકે ઈન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સુબ્રિયાંતો હાજર રહેવાના છે. ૧૯૫૦માં ૨૬મી જાન્યુઆરીએ બંધારણે ભારતના પ્રશાસનીય દસ્તાવેજના રૂપમાં ગવર્નમેન્ટ ઓફિ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ની જગ્યા લીધી હતી. ત્યારથી ભારતમાં ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસ ઉજવવામાં આવે છે. તેમ છતાં ભારતની બંધારણ સભાએ ૨૬મી નવેમ્બર ૧૯૪૯ના જ સંવિધાનનો સ્વીકાર કરી લીધો હતો, પરંતુ તેને અમલમાં ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦માં મુકાયું હતું. ગણતંત્ર માટે ૨૬મી જાન્યુઆરીની તારીખ એટલે પણ પસંદ કરવામાં આવી હતી, કે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ ૨૬મી જાન્યુઆરી, ૧૯૩૦ના બ્રિટિશ શાસનથી સંપૂર્ણ સ્વરાજની જાહેરાત કરી હતી.

ભારતને એક સમયે ‘સોને કી ચીડિયા’ (સમૃદ્ધ દેશ) કહેવામાં આવતો હતો. હવે તેને વિકસિત દેશ બનાવવા માટે આપણા વારસાને સમજવાની તથા આધુનિકતાના આધારે તેનો વિકાસ કરવાની જરૂર છે. ભારત સાંસ્કૃતિક વારસાથી સમૃદ્ધ દેશ છે જે અંદાજે ૫૦૦૦ વર્ષ જૂના વારસાનું પ્રતિબિંબ છે. પ્રાચીન સિંધુ સભ્યતાથી લઈને આજ સુધીની જવલંત સંસ્કૃતિ દેશની પરંપરાઓ, આસ્થા તથા કલાને ઉજાગર કરે છે જેના દ્વારા દેશમાં અનેક ભાષાઓ-ધર્મને આકાર મળ્યો, પરંતુ ભારતની સંસ્કૃતિ અને વારસાને જાળવી રાખવાનો હાલમાં એક મોટો પડકાર છે.



આ પડકારો છતાં એ વાતથી ઈનકાર ન કરી શકાય કે ભારતનો સાંસ્કૃતિક વારસો દેશની એકતા તથા અખંડતાનું સ્રોત છે. યુનેસ્કો અનુસાર સાંસ્કૃતિક વારસો બન્ને પ્રોડક્ટ અને પ્રોસેસ છે જે સમાજને બંધારણની દૌલત પ્રદાન કરે છે. સાંસ્કૃતિક વારસો બે પ્રકારનો હોય છે, જેમાં એક ઈમારતો, પ્રાચીન મંદિરો, કિલ્લાઓનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે તાજમહેલ, રાજસ્થાનના મહેલો-કિલ્લાઓ વગેરે. બીજા વારસામાં પ્રથાઓ, જ્ઞાન, સાહિત્ય વગેરેનો સમાવેશ થાય છે. કલાકૃતિઓ, લોકનૃત્ય, જેમ કે રામલીલા, કુંભમેળો વગેરે.

ભારત અજાયબી અને વિવિધતાનો દેશ કહેવાય છે, જયાં આપણને યોગ, આયુર્વેદ મળ્યા છે. ભારત લોકસંસ્કૃતિ, પરંપરાઓ, કલાઓ તથા રીત-રિવાજોનો અદ્ભુત સંગમ છે. સાહિત્ય અને કવિતા ક્ષેત્રમાં પ્રાચીન યુગથી અત્યાર સુધી નિરંતર વિકાસ થઈ રહ્યો છે. હિન્દુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી વગેરે ધર્મની વિવિધતા છે અહીં ૧,૬૦૦થી વધુ ભાષાઓ બોલાય છે. વિવાહ, જન્મ તથા મૃત્યુ માટે એટલી વિધિઓ છે કે ઘણા ગ્રંથો સંકલિત કરી શકાય. દેશના વારસાને સમજીને જ્યારે વિકાસ કરવામાં આવે છે ત્યારે રાષ્ટ્ર મજબૂત બને છે, દેશનો વિકાસ થાય છે. ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# ઝિમરમેન ટેલિગ્રામઃ આ 'ઐતિહાસિક' વોર મેસેજ શું હતો?

## ઝિમરમેનનો આ ટેલિગ્રામ જો બ્રિટિશર્સ ન ઉકેલી શક્યા હોત તો?

આજે એક એવા 'ઐતિહાસિક ટેલિગ્રામ'ની વાત કરવાની છે, જે વિશ્વના ઇતિહાસમાં અજાણપણે મોટો બદલાવ લાવવામાં નિમિત્ત બન્યો.



આર્થર ઝિમરમેન

અમેરિકા શરૂઆતથી જ વ્યાપારી માઈન્ડસેટ ધરાવતો દેશ છે. ઓગણીસમી અને વીસમી સદીના પ્રારંભિક દાયકાઓ દરમિયાન અમેરિકાને સૌથી વધુ રસ આર્થિક બાબતોમાં હતો, યુધ્ધનો ખર્ચ-ખુવારી વેઠવામાં નહિ!

બીજી તરફ, બ્રિટન પોતાનાં સંસ્થાનો બચાવવા માટે સતત સંઘર્ષ વેઠીને પાયમાલ થઇ રહ્યું હતું. ભારત જેવાં સંસ્થાનોમાં પણ જે કસ હતો એ પણ ઓગણીસમી સદી દરમિયાન ચૂસી લેવાયેલો. વીસમી સદી આવતા સુધીમાં આ સંસ્થાનો શેરડીના ચૂસાયેલા સાંઠા જેવા થઇ ગયેલા. એવામાં વળી ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. અમેરિકા એમાં જોડાયું નહોતું. ખરી લડાઈ જર્મનીના સાથી દેશો અને બ્રિટન-ફ્રાંસના સાથી દેશો વચ્ચે હતી. બ્રિટન કદાચ અંદરખાને ઈચ્છતું હશે કે અમેરિકા એના પક્ષે રહીને લડે, પણ અમેરિકા પોતે શું ઈચ્છતું હતું? અમેરિકન પ્રજાનો મૂડ એ વખતે કેવો હતો?


મૂળ સમસ્યા બ્રિટન અને જર્મની જેવા યુરોપિયન દેશો વચ્ચે હતી. યાદ કરો, થોડા સમય પહેલા ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે સોઈ ઝાટકીને એવું સ્ટેટમેન્ટ આપેલું કે યુરોપની સમસ્યા એ આખા વિશ્વની સમસ્યા નથી. એ વખતે પણ યુરોપિયન દેશો વચ્ચેની લડાઈને બ્રિટન સહિતના દેશો 'વિશ્વયુદ્ધ' ગણતા હતા, પણ અમેરિકા એને વિશ્વયુદ્ધ ગણવા તૈયાર જ નહોતું. અમેરિકાને મન એ યુદ્ધ 'યુરોપિયન વોર' હતી. અમેરિકા કોઈ પણ સંજોગોમાં આ યુદ્ધને પોતાના ઘરઆંગણે તાણી લાવવાના પક્ષમાં નહોતું. કોઈ પણ ડાહ્યો દેશ આવી જ નીતિ અપનાવે કેમકે એક વાર યુદ્ધ શરૂ થઇ જાય, પછી આર્થિક તબાહી ઉપર કોઈ નિયંત્રણ રહેતું નથી. વળી અમેરિકાને એ પણ ખબર હતી કે જો એ કોઈ પણ એક પક્ષની મદદે ઊતરશે, તો પહેલેથી જ ગુસ્સો પીને બેઠેલો પડોશી દેશ મેક્સિકો સામેની ટીમમાં જોડાઈ જશે. મેક્સિકોમાંથી ટેક્સાસ રાજ્ય કયા સંજોગોમાં છૂટું પડ્યું, અને પાછળથી આ રાજ્ય કઈ રીતે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં જોડાયું એની વાત આપણે ગત સપ્તાહે કરેલી. ટેક્સાસના યુએસએ સાથેના જોડાણને પગલે મેક્સિકો અને અમેરિકા વચ્ચે ૧૮૪૬માં યુદ્ધ ફાટી નીકળ્યું. એમાં યુએસએનો વિજય થયો. એના પગલે ન્યૂમેક્સિકો, કેલિફોર્નિયા અને એરિઝોનાં રાજ્યો પણ યુએસએ સાથે જોડાયાં. મેક્સિકન પ્રજાને મહત્ત્વનાં રાજ્યો ગુમાવ્યાનો કાયમી ડંખ રહી ગયો. અમેરિકાને પણ આ 'ડંખ' વિષે સારી પેઠે ખબર હતી.

યુરોપિયન વોર શરૂ થઇ એ વખતે અમેરિકામાં વુડ્રો વિલ્સન પ્રમુખપદે હતા. એમણે શરૂઆથી જ અમેરિકાને યુદ્ધથી દૂર રાખ્યું. આજ કારણોસર ૧૯૧૬માં અમેરિકન પ્રજાએ વુડ્રો વિલ્સનને ફરી વખત અમેરિકન પ્રમુખ તરીકે ચૂંટી કાઢ્યા. જોકે, આખી વાતમાં એક બીજો મુદ્દો ય હતો. અમેરિકન પ્રજા મૂળેથી વેપારી. યુદ્ધના સમયે એ શસ્ત્રોના વેચાણ સહિતનો બિઝનેસ ન કરે તો જ નવાઈ. અવઢવ એ હતી કે બેમાંથી કયા જૂથને શસ્ત્રો વેચવા? તત્કાલીન અમેરિકન પ્રજાને યુરોપમાં કોણ રાજ કરે એ વિષે બહુ પડી નહોતી, પણ જર્મની એમને બહુ ગમતું નહોતું. અમેરિકન સરકાર પણ જર્મની તાકાતવર થાય એવું નહોતી ઈચ્છતી અને જેના સામ્રાજ્યનો સૂર્ય ક્યારેય આથમતો નહોતો એવું સુપરપાવર બ્રિટન ખોખલું થઇ રહ્યું હતું. જો બળુકા દેશ તરીકે ઊભરી રહેલા જર્મનીને જોરદાર ફટકો મારવામાં આવે તો નવા સુપર પાવર તરીકેનો અમેરિકાનો માર્ગ મોકળો થઇ જાય... અમેરિકા બ્રિટન, ફ્રાંસ સહિતના દેશોને મોટી સંખ્યામાં હથિયારો સહિતનો યુદ્ધ પુરવઠો વેચી રહ્યું હતું. અમેરિકન બેન્કોએ બ્રિટન અને ફ્રાંસને તોતિંગ લોન્સ આપી હતી. પ્રથમ વિશ્વયુદ્ધ જુલાઈ ૧૯૧૪થી નવેમ્બર, ૧૯૧૮ સુધીના ચારેક વર્ષ ચાલ્યું. એમાં શરૂઆતનાં ત્રણ વર્ષ તો અમેરિકાએ તટસ્થ રહેવાનું જ પસંદ કર્યું. ઠેઠ ૧૯૧૭ની મધ્યમાં એણે યુદ્ધમાં પ્રવેશ કર્યો. આખરે કઈ ઘટનાએ અમેરિકાને યુદ્ધમાં ઉતરવા મજબૂર કર્યું?

જર્મન સેનાએ બેલ્જિયમના પ્રદેશો પર કબજો કરીને સ્થાનિક પ્રજાને ભારે ત્રાસ આપ્યો. એ સિવાય નોર્થ એટલાન્ટિક મહાસાગર તેમ જ ભૂમધ્ય સાગરમાં જર્મનીએ જે સબમરીન વોર શરૂ કરી એમાં પેસેન્જર શિપ્સને પણ નિશાન બનાવામાં આવ્યું હતું.. બ્રિટનની 'આરએમએસ લુસીટેનિયા'ને જર્મન નૌકાદળે ટોરપીડો એટેક કરીને ડૂબાડી, જેમાં લગભગ બારસો મુસાફરો માર્યા ગયા. આ ઘટનાઓ પછી અમેરિકન પ્રજામાં જર્મની વિરુદ્ધ આક્રોશ ફાટી નીકળ્યો. અમેરિકી સરકારે યુદ્ધની તૈયારીઓ શરૂ કરી દીધી. (આ તૈયારીઓ વિષે આખો અલગ લેખ થાય એમ છે.) તેમ છતાં હજી યુદ્ધે ચડવા માટે કોઈ પર્યાપ્ત કારણ નહોતું.

હવે આર્થર ઝિમરમેન....આ નામ પ્રથમ વિશ્વયુદ્ધના ઇતિહાસમાં બહુ મહત્ત્વનું છે. ઝિમરમેન એ સમયે જર્મનીમાં 'સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ફોરેન અફેર્સ' ની પોસ્ટ પર હતો. સાદી ભાષામાં એને જર્મનીનો વિદેશમંત્રી કહી શકાય. અમેરિકા શસ્ત્રો સહિતનો જે પુરવઠો બ્રિટન અને સાથી દેશોને આપતું હતું એના પર જો રોક લાગી જાય તો બ્રિટનની કમ્મર તૂટી જાય. એ પછી યુદ્ધનું પરિણામ સીધું જર્મનીની ફેવરમાં જ આવે. આ વાતની ઝિમરમેનને ખબર હતી એટલે એ બ્રિટનને મળતો અમેરિકન પુરવઠો રોકવા માટે ગમે તે કરવા તૈયાર હતો, પણ યુદ્ધ યુરોપમાં લડાતું હોય અને અમેરિકા તટસ્થ દેશની ભૂમિકામાં હોય તો અમેરિકાને રોકવું કેમ?

એક રસ્તો હતો. ગમે એ ભોગે અમેરિકાને ખુદને જ યુદ્ધમાં



WESTERN UNION TELEGRAM
NEWCOMB CARLTON, PRESIDENT
Send the following telegram, subject to the terms on back hereof, which are hereby agreed to
via Galveston JAN 19 1917
GERMAN LEGATION
MEXICO CITY

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 130 | 13042 | 13401 | 8501 | 115 | 3528 | 416 | 17214 | 6491 | 11310 |
| 18147 | 18222 | 21560 | 10247 | 11518 | 23677 | 13605 | 3494 | 14936 | |
| 98092 | 5905 | 11311 | 10392 | 10371 | 0302 | 21290 | 5161 | 39695 | |
| 23571 | 17504 | 11269 | 18276 | 18101 | 0317 | 0228 | 17694 | 4473 | |
| 22284 | 22200 | 19452 | 21589 | 67893 | 5569 | 13918 | 8958 | 12137 | |
| 1333 | 4725 | 4458 | 5905 | 17166 | 13851 | 4458 | 17149 | 14471 | 6706 |
| 13850 | 12224 | 6929 | 14991 | 7382 | 15857 | 67893 | 14218 | 36477 | |
| 5870 | 17553 | 67893 | 5870 | 5454 | 16102 | 15217 | 22801 | 17138 | |
| 21001 | 17388 | 7446 | 23638 | 18222 | 6719 | 14331 | 15021 | 23845 | |
| 3156 | 23552 | 22096 | 21604 | 4797 | 9497 | 22464 | 20855 | 4377 | |
| 23610 | 18140 | 22260 | 5905 | 13347 | 20420 | 39689 | 13732 | 20667 | |
| 6929 | 5275 | 18507 | 52262 | 1340 | 22049 | 13339 | 11265 | 22295 | |
| 10439 | 14814 | 4178 | 6992 | 8784 | 7632 | 7357 | 6926 | 52262 | 11267 |
| 21100 | 21272 | 9346 | 9559 | 22464 | 15874 | 18502 | 18500 | 15857 | |
| 2188 | 5376 | 7381 | 98092 | 16127 | 13486 | 9350 | 9220 | 76036 | 14219 |
| 5144 | 2831 | 17920 | 11347 | 17142 | 11264 | 7667 | 7762 | 15099 | 9110 |
| 10482 | 97556 | 3569 | 3670 | | | | | | |

BEPNSTOPFF.
Charge German Embassy.

ગુપ્ત ટેલિગ્રામ

ઉતારવું! એવું થાય તો અમેરિકાને પોતાને જ યુદ્ધ પુરવઠાની જરૂર ઉભી થાય. ઝિમરમેને એવો પ્લાન બનાવ્યો કે અમેરિકા યુદ્ધમાં તો ઊતરે, પણ જર્મની સામે લડવાને બદલે પડોશી દેશ સાથેની લડાઈમાં જ ગૂંચવાઈ મરે. જો એવું થાય તો બ્રિટન-ફ્રાંસ આપોઆપ નબળા પડે અને યુરોપ આખું જર્મનીને તાબે થાય! આ આખો પ્લાન સફળ થાય એ માટે અમેરિકાને નહીં, પણ એના પડોશીને ઉશ્કેરવાની જરૂર હતી. આ પડોશી દેશ એટલે મેક્સિકો...!

ઝિમરમેને મેક્સિકોને ટેલિગ્રામ કર્યો, 'જો તમે વિશ્વયુદ્ધમાં અમારી પડખે ઊભા રહીને અમેરિકા સામે લડશો તો અમે (જર્મની) તમને ટેક્સાસ, ન્યૂ મેક્સિકો અને એરિઝોના જેવા પ્રદેશો પાછા મેળવવામાં મદદ કરીશું!'

આમ ઝિમરમેને મેક્સિકોની દુખતી નસ બરાબર દબાવી હતી. જો જર્મનીનો સાથ મળે તો મેક્સિકો અમેરિકા પર ચડી બેસવા તૈયાર હતું. ...પણ, ઝિમરમેનનો એ ટેલિગ્રામ 'ઐતિહાસિક' સાબિત થયો, કેમકે બ્રિટનના ટેકનિશિયનોએ સાંકેતિક ભાષામાં લખાયેલો એ ટેલિગ્રામ ડી-કોડ કરી નાખ્યો- ઉકેલી લીધો !

ઝિમરમેનનો ખતરનાક પ્લાન અમેરિકાને ઉશ્કેરવા માટે પૂરતો હતો. બ્રિટને ઝિમરમેનનો ટેલિગ્રામ યુએસએ પ્રમુખ વુડ્રો વિલ્સન સુધી પહોંચાડી દીધો. એ પછી પોતાના વિસ્તારોની રક્ષા માટે અમેરિકા પાસે યુદ્ધમાં ઊતરવા સિવાય કોઈ માર્ગ બચ્યો નહોતો. ૬ એપ્રિલ, ૧૯૧૭ના દિવસે અમેરિકા યુદ્ધમાં ઊતર્યું, એ સાથે જ અમેરિકા જેને યુરોપિયન વોર માનતું હતું એ યુદ્ધ સાચા અર્થમાં 'ફર્સ્ટ વર્લ્ડ વોર' બની ગયું. એન્ડ રેસ્ટ ઇઝ હિસ્ટ્રી!

જો ઝિમરમેનનો એ ટેલિગ્રામ બ્રિટિશર્સના હાથે ન ચડ્યો હોત, અને ઝિમરમેનનો પ્લાન સફળ થયો હોત તો ત્યારે કદાચ ઈતિહાસનો પ્રવાહ પલટાઈ જાત ! ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# વૈશ્વિક શૈલીથી ઇચ્છનીય દૂરી

સ્થાપત્ય જીવનને સારી તેમજ ખરાબ રીતે અસર કરતું ક્ષેત્ર હોવાથી તેની વર્તમાન પરિસ્થિતિ માટે તો વિશ્લેષણ થવું જ જોઈએ, અને સાથે સાથે આ ક્ષેત્રમાં ભવિષ્યની સંભાવનાઓ માટે પણ વિચાર-વિમર્શ થવો જોઈએ. અત્યાર સુધીના સ્થાપત્યનો ઇતિહાસ જોઈને, ભવિષ્યની સંભાવનાઓ માટે અનુમાન કરી, ચોક્કસ વિષયોને આવરી લેતી ચર્ચાની સ્થાપત્યના ક્ષેત્રમાં, સાંપ્રત સમયે ખૂબ જ આવશ્યકતા છે.


સાંપ્રત સમયમાં સ્થાપત્યમાં વૈશ્વિક શૈલીનું આગવું મહત્ત્વ છે. આજે દુનિયામાં વિવિધ પરિબળોને કારણે સ્થાપત્યના ક્ષેત્રમાં સ્થાપિત થયેલી વિવિધતાનો છેદ ઉડાડી દઈને વૈશ્વિક શૈલીમાં એક જ પ્રકારની વિચારધારાને મહત્ત્વ આપવાનો પ્રયત્ન થાય છે. એ જ સામગ્રી, એ જ તકનીક, એ જ સ્થાપત્યકિય ભાષા, એ જ ઉપકરણો, એ જ પ્રકારનું સ્થાન નિર્ધારણ, એ જ પ્રકારનું બાહ્ય-જડતર, એ જ પ્રકારની હાઈટેક અનુભૂતિ - વૈશ્વિક શૈલીની આ કેટલીક ખાસિયતો સમગ્ર વિશ્વમાં પ્રવર્તમાન થતી જાય છે. આ થઈ સામૂહિકતાની વાત. આ સાથે ઘણીવાર, સ્થાનિક બાબતોને લગભગ નજરઅંદાજ કરી, સ્થપતિ પોતાનું વિધાન સ્થાપિત કરવાનો પ્રયત્ન પણ કરે છે. આવી રચના વ્યક્તિલક્ષી બની જાય છે, સમાજલક્ષી કે સંદર્ભલક્ષી નહીં, પરંપરાલક્ષી કે સંસ્કૃતિલક્ષી નહીં. વૈશ્વિક રચના કે વ્યક્તિગત રચના ભાગ્યે જ યથાર્થવાદી બની શકે. આવા સંજોગોમાં ભવિષ્યના સ્થાપત્ય માટે નવા વિચારની જરૂર છે. અહીં વાત વૈશ્વિક શૈલીની છે.

વૈશ્વિક પરિબળો પોતાનું કામ કરશે જ, પરંતુ સ્થાપત્ય હવે સ્થાન-લક્ષી બનતું જાય તે ઇચ્છનીય છે. જ્યાં સ્થાપત્યની રચના થશે તે સ્થાનનું મહત્ત્વ, ત્યાંની આબોહવા માટેની ગણતરી, ત્યાંની સ્થાનિક પરંપરા, ત્યાંના સ્થાપત્યની ઐતિહાસિક શૈલી, ત્યાંના લોકોની માનસિકતા અને પસંદગી, ત્યાં સ્થાનિક સ્તરે પ્રાપ્ય બાંધકામની સામગ્રી અને તેને લગતી તકનીક જાણકારી - જેવી બાબતો હવે વધુ મહત્ત્વની બનવી જોઈએ. હવે સ્થાનિક ગૌરવ, સ્થાનિક અસ્મિતા તથા સ્થાનિક ઓળખને વધારે મહત્ત્વ મળવું જોઈએ. સમાજની આ માગણી હશે અને સ્થપતિએ તેને અનુરૂપ રચના નિર્ધારિત કરવી પડશે. સમાજ પોતાની સમજ માટે વધુ રક્ષણાત્મક બનશે. આની ચોક્કસ હકારાત્મક અસર સ્થાપત્ય પર થયા વિના રહેશે નહીં.

વૈશ્વિક શૈલીમાં, વ્યક્તિ કે સમાજ જે તે રચના સાથે ભાવનાત્મક સંબંધ બાંધી શકતા નથી. વૈશ્વિક







શૈલી પ્રમાણેની રચના કંઈક બહારથી આવેલી ઘટના હોય તેમ પ્રતીત થાય છે. ઘણા સ્થપતિની રચના તો બીજા ગ્રહ પરથી લાવીને ઊભી કરી દેવાઈ હોય તેવી જણાતી હોય છે. થોડા સમય પછી લોકો આવો અભિગમ સ્વીકારી નહીં શકે. વ્યક્તિ અને સમાજને પોતાની ઓળખ અને અસ્તિત્વ માટે ગૌરવ અને માન હોય તે સ્વાભાવિક છે. વૈશ્વિક શૈલીમાં ક્યાંક આ ગૌરવ અને માનને હાનિ પહોંચતી હોય છે.

વૈશ્વિક શૈલીના પોતાના ફાયદા છે, આ ફાયદા વ્યવહારુ, તકનીકી, આર્થિક તેમજ છબીલક્ષી હોય છે. આ પરિસ્થિતિમાં અહીંના લોકોની જીવનશૈલી કે કાર્યશૈલી, ભાવનાત્મક સંબંધ કે સંલગ્નતા, સાંસ્કૃતિક અગ્રતાક્રમ કે જીવનનાં મૂલ્યો જેવી બાબતો ભાગ્યે જ પ્રતિબિંબિત થતી હોય છે. ભલે આ પ્રકારની વૈશ્વિક શૈલીનો એકવાર સ્વીકાર કરવામાં આવે તો પણ ભીતરના ઊંડાણમાં તો ક્યાંક અસંતોષ અને અસ્વીકારનો ભાવ જાગ્રત રહે છે. ભવિષ્યના સ્થપતિએ આ બાબતે ચિંતિત રહેવું પડશે. જીવનમાં બાહ્ય સંતોષ કરતાં આંતરિક સંતોષ વધુ મહત્ત્વનો ગણાય. ભવિષ્યમાં સ્થાપત્યના ક્ષેત્રએ આ સત્ય સ્વીકારવું પડશે. જો આ માટે સંવેદનશીલતા વિકસે તો, બની શકે કે, નજીકના ભવિષ્યમાં જ સ્થાપત્ય વિશેષતાવાદી શૈલી પ્રમાણે વિકાસ પામે.

વૈશ્વિક સ્થાપત્યની અન્ય એક ખાસિયત એ છે કે, મકાનની ઉપયોગિતા કોઈપણ હોય, તેના દેખાવમાં એક પ્રકારની સામ્યતા જોવા મળે છે. મકાન બૅન્કનું હોય કે શિક્ષણ સંસ્થાનું, ઓફિસ કોમ્પ્લેક્સ હોય કે હૉસ્પિટલ-કોન્ક્રીટનું માળખું બનાવી તેના પર કાચ અને સ્ટીલ જડી દેવાય છે. અંદરની ઉપયોગિતા સાથે બહારના દેખાવને, બહારના ફસાડને કોઈ સંલગ્નતા નથી હોતી. વૈશ્વિક શૈલી મુખ્યત્વે દેખાવ આધારિત હોય છે તેમ પણ કહી શકાય. અહીં આકાર ઉપયોગિતા પ્રમાણે નિર્ધારિત નહીં પણ મનસ્વી પ્રમાણે નિર્ધારિત થતો હોય તેમ જણાય છે. વૈશ્વિક શૈલીમાં, સાથે સાથે, ગ્રીન બિલ્ડિંગની વાતો પણ થતી જોવા મળે છે. જો વાસ્તવમાં ગ્રીન બિલ્ડિંગનો વિચાર અમલમાં મુકાતો હોય તો તે આવકાર્ય છે, પરંતુ ઘણીવાર તો આ પ્રકારની માત્ર વાતો સાંભળવા મળતી હોય છે. દંભ, વૈશ્વિક સ્થાપત્યની એક જોખમી આડ પેદાશ છે.

વૈશ્વિક સ્થાપત્ય શૈલીમાં સામગ્રીનો ભરપૂર ઉપયોગ થતો હોય છે. સામગ્રીના આવા પ્રચુર ઉપયોગ સામે વિરોધ ઉઠવા માંડ્યો છે. ઘણીવાર તો માત્ર દેખાવ માટે અમુક સામગ્રીનો અધિકતમ ઉપયોગ જોવા મળે છે. ભવિષ્યના સ્થાપત્યમાં આ સ્વીકાર્ય નહીં હોય. બાંધકામની સામગ્રી હોય કે ઊર્જાનાં ઉપકરણો, જમીન હોય કે પાણીની ખપત, બધી જ જગ્યાએ બધા જ પ્રકારની કરકસર જરૂરી બનશે. આવો કરકસરયુક્ત વપરાશ નવા જ પ્રકારના સ્થાપત્યને વેગ આપશે. પછી બગાડ બંધ થશે અને માત્ર વપરાશ માન્ય હશે. પછી અતિ વર્જિત હશે અને જરૂરીને જ સ્વીકૃતિ મળશે. પછી કાર્યક્ષમતાને મહત્ત્વ અપાશે, વૈભવ ને નહીં. આનો અર્થ એ નથી કે દૃશ્ય અનુભૂતિની સંભવિત સમૃદ્ધિ સાથે બાંધછોડ કરાશે. જે જરૂરી છે, જે યોગ્ય છે, જે માન્ય છે, જે શક્ય છે, અને જે સ્વીકૃત છે તે તો થશે જ અને સાથે સાથે સ્થાપત્યનો જમીન સાથેનો સંબંધ પણ દ્રઢ થતો જશે. આમ પણ માનવીએ પર્યાવરણલક્ષી બની કરકસર યુક્ત વ્યવહાર તો કરવો જ પડશે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# હદ ઓફ ચમચાગીરી

એક વખત એવો હતો જ્યારે ગુજરાતી કહેવત સાચી ઠરતી : 'નમે તે સૌને ગમે' ,

પરંતુ 'નમન નમન મે ફેર' એવું પણ કહેવાતું.

આજે માન -સન્માન આપવું એટલે કે અહોભાવ દર્શાવવો. આ વાતનું વરવું સ્વરૂપ એટલે ચમચાગીરી.

દરેક ક્ષેત્રમાં ઉપરી અધિકારી કે વડાને મસ્કા પૉલિસ કરવું, તેની હા માં હા મેળવવી,અને નરાતાર ખોટા હોય છતાં એનાં ચરણોમાં આળોટવું તેને ચાટુગીરી અથવા ચમચાગીરી કહેવામાં આવે છે.

'બોસ ઇઝ ઓલવેઝ રાઈટ' તેવું કોર્પોરેટ સેક્ટરમાં તો કહી જ શકાય. ઓફિસમાં મગજમારી કરીને ઘેર આવેલો બોસ, પત્ની સામે તો કશું બોલી ન શકે, પરંતુ એનો ગુસ્સો નીચેના કર્મચારીઓ ઉપર કાઢે અને એ પણ એવા કર્મચારીઓ જે તેની હામાં હા ન મેળવતા હોય. અને ચમચાગીરી કરવાવાળા કર્મચારીઓ ઝૂકી ઝૂકી અને 'આપ જ સાચા છો' તેવું પ્રસ્થાપિત કરી એમને ન ગમતા કર્મચારીઓને વઢાવે તે ચમચાગીરી.

આવી ચમચાગીરીનો એક ઉત્તમ નમૂનો હમણાં જાણવા મળ્યો. એક કંપનીમાં અમારો ચુનિયો કર્મચારી તરીકે જોડાયો. 'કામ કા ન કાજ કા દુશ્મન અનાજ કા' આ એક જ કહેવતમાં ચુનિયાનો બાયોડેટા આવી જાય, પરંતુ એની પાસે એક આવડત એવી કે ઉપરી અધિકારીના અંગત કામ પણ એટલી કુશળતાથી અને ઝડપથી પતાવે કે એ કંપની છોડે તો ઠીક છે, બાકી કંપનીના બોસની મહેરબાનીથી કંપની એને ન છોડે તેની ગેરંટી.

સવારમાં ૧૦:૦૦ વાગ્યે ઓફિસ ચાલુ થાય, પરંતુ ચુનિયો ૯:૩૦ વાગે સાહેબના ઘરે પહોંચી જાય. સાહેબની બ્રીફકેસ- રૂમાલ -ચશ્માં- પેન -ઘડિયાળ આ બધું સામાન્ય રીતે તેની પત્નીએ આપવાનું હોય, પરંતુ ચુનિયો આ બધી જ વ્યવસ્થા સાહેબ માટે કરી રાખે.

સાહેબ ૧૦:૩૦ વાગે ઓફિસે પહોંચે એટલે પાછળ પાછળ જેમ રોટલી નાખતા માલિક પાછળ ગલુડિયું પૂંછડી પટપટાવતું ચાલે તેમ ચુનિયો ઓફિસમાં પ્રવેશ કરે.



સાહેબની કોફી- સાહેબની જરૂરિયાત ઉપરાંત સાહેબની કાર સર્વિસ કરાવી- ઘરના લાઈટના બીલ ભરવાથી લઈને ઘરે કરિયાણું પહોંચાડવું, વિગેરે કામમાં આખો દિવસ કાઢી નાખે. આટલું બધું ઘરનું કામ થતું હોય એટલે બોસના બોસ એવાં સાહેબના પત્ની પણ ખુશ. ભૂલેચૂકે પણ જો ઓફિસમાં સાહેબ કશું કહે તો ચુનિયો મોઢું ચડાવી બોસના ઘરે કામ કર્યા વગરનો બેસી રહે એટલે બોસના બોસ રાત્રે ચુનિયાના બોસનો પિરિયડ લે.

ટૂંકમાં કામ સાહેબનું ને પગાર ઓફિસમાંથી. સાહેબ ખુશ રહે. બીજા કર્મચારીઓને સાહેબ મારફત ઘઘલાવવાના હોય તો ચુનિયો તરત જ સાહેબના કાનમાં તે કર્મચારી વિરુદ્ધ ફરિયાદ કરે અને આટલું કામ ચુનિયો કરતો હોય તો સાહેબે થોડું તો કરવું પડે ને? આખી ઓફિસમાં સાહેબ કરતાં ચુનિયાનો હાહાકાર વર્તાતો.

એક દિવસ સવારના પહોરમાં સમાચાર આવ્યા કે સાહેબનાં માતૃશ્રીનું નિધન થયું છે. આખી ઓફિસ સાહેબના ઘરે પહોંચી, પરંતુ ચુનિયો દેખાયો નહીં. લોકોને પણ મોકો મળ્યો કે આજે સાહેબને ફરિયાદ કરીશું કે જોયું, આખો દિવસ તમારી આજુબાજુ ફરતો ચુનિયો ખરા સમયે દેખાયો નહીં- દુઃખમાં ભાગીદાર થયો નહીં.

સાહેબના પણ ભવાં ચડી ગયા હતા કે ચુનિયો દેખાયો નથી. સ્મશાન યાત્રા નીકળી અને સ્મશાને પહોંચી તો જોયું કે ૧૫ જેટલાં મૃતદેહો લાઈનમાં પડેલાં હતા અને વારાફરતી વારા અગ્નિદાહ દેવાઈ રહ્યો હતો. સાહેબના અને સાથે આવનારા ડાઘુઓના મોતિયા મરી ગયા. એક મૃતદેહને અગ્નિસંસ્કાર આપવા માટે ઓછામાં ઓછી એક કલાક થાય. ૧૫ કલાક પછી અગ્નિસંસ્કાર થાય તેવી પરિસ્થિતિ હતી, પરંતુ અચાનક બે નંબરનો મૃતદેહ ઉભો થયો... ખરેખર તે જગ્યાએ ચુનિયો સુતો હતો..! સાહેબના ચરણોમાં વંદન કરી કહ્યું કે 'તમારા માતૃશ્રીને અહીં મારી જગ્યાએ સુવડાવી દો. આપના માતૃશ્રીના નિધનના સમાચાર સાંભળી અને મને એમ થયું કે સ્મશાનની વ્યવસ્થા જોતો આવું. અહીં આવી અને ખબર પડી કે એક મોટો અકસ્માત થયો છે એટલે ઘણાં મૃતદેહો આવી રહ્યા છે તો મેં આ બે નંબર બુક કરી હું સૂઈ ગયો. મારા સાહેબને રાહ ન જોવી પડે તેવી વ્યવસ્થા મેં કરી છે... !'

સાહેબ પહેલીવાર એવા ભાવવિભોર થઈને ચુનિયાને નમ્યા કે બસ, બધા જોતાં રહી ગયા ...

કર્મચારીઓને ચુનિયાની આ ચમચાગીરીની ચરમસીમાથી ખૂબ જ અકળામણ થઈ, પરંતુ સાહેબ ચુનિયાની પીઠ થાબડી રહ્યા હતા.

અત્યારે રાજકારણમાં પણ એવું જ છે. સામાન્ય માણસોની ચમચાગીરીના વિચારો જ્યાં પૂર્ણ થાય ત્યાંથી ટિકિટવાંછુઓ કે પદવાંછુઓની ચમચાગીરીની વિચારશક્તિની શરૂઆત થાય. દરેકના ઘરમાં સ્ત્રી સશક્તિકરણ દેખાતું જ હોય. બાળકોને પણ ખબર છે કે ઘરમાં કોનું ચાલે છે એટલે બાળકો પણ માના ચમચા હોય. બાપ બિચારો ગમે તેટલું કરે, પરંતુ નિર્ણય કરવાનો આવે ત્યારે માનું ચાલે એટલે ઘણીવાર એવું બને કે શું કરવું જોઈએ તેનો મત આપવાનો હોય તો બાળકો મા તરફી મતદાન કરે. ■

### વિચારવાયુઃ

*પોતાનાં બાળકોને આંગળી પકડી અને ફરવા ન લઈ જનારા રોજ બોસના કૂતરાને 'પી પી છી છી' કરાવવા લઈ જાય એ ચમચાગીરીની પરાકાષ્ઠા કહેવાય.*

# જાડેજા ‘બાપુ’ની કમાલઃ સૌરાષ્ટ્રએ બે જ દિવસમાં દિલ્હીનો ખેલ ખતમ કરી નાખ્યો

## રવીન્દ્ર જાડેજાની બાર અને બીજા લેફ્ટ-આર્મ સ્પિનર ધર્મેન્દ્રસિંહ જાડેજાની પાંચ વિકેટ, રિષભ પંત બન્ને દાવમાં ફ્લૉપ

રાજકોટઃ સૌરાષ્ટ્રએ ચાર દિવસીય રણજી ટ્રોફી મૅચમાં દિલ્હીને માત્ર બે દિવસમાં ખરાબ રીતે હરાવી દીધું છે. અહીં ગઈ કાલે નિરંજન શાહ સ્ટેડિયમમાં સૌરાષ્ટ્રએ ૧૦ વિકેટે શાનદાર જીત હાંસલ કરી હતી. ટીમ ઇન્ડિયાના બે દિગ્ગજો રવીન્દ્ર જાડેજા અને રિષભ પંત આ મૅચમાં રમ્યા હતા અને જાડેજા સુપરસ્ટાર સાબિત થયો, જ્યારે પંત સદંતર ફ્લૉપ રહ્યો. તે પહેલા દાવમાં એક રન અને બીજા દાવમાં ૧૭ રન બનાવી શક્યો હતો.

ખરેખર તો આ મૅચમાં ‘બે જાડેજા’ દિલ્હીની ટીમને સૌથી વધુ ભારે પડ્યા હતા. ૩૬ વર્ષના લેફ્ટ-આર્મ સ્પિનર અને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મેળવનાર રવીન્દ્ર જાડેજાએ આ મૅચમાં કુલ ૧૨ વિકેટ (પહેલા દાવમાં ૬૬ રનમાં પાંચ અને બીજા દાવમાં ૩૮ રનમાં સાત વિકેટ) લીધી હતી અને ૩૪ વર્ષના લેફ્ટ-આર્મ સ્પિનર ધર્મેન્દ્રસિંહ જાડેજાએ કુલ પાંચ વિકેટ (૬૩ રનમાં ત્રણ અને બાવીસ રનમાં બે વિકેટ) લીધી હતી.

સૌરાષ્ટ્રને ગઈ કાલે જીતવા માત્ર ૧૨ રનનો લક્ષ્યાંક મળ્યો હતો અને જયદેવ ઉનડકટના નેતૃત્વ હેઠળની આ ટીમે ૩.૧ ઓવરમાં વિના વિકેટે ૧૫ રનના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો.

ગુરુવારે દિલ્હીએ બૅટિંગ લીધા બાદ ૧૮૮ રન બનાવ્યા હતા. સૌરાષ્ટ્રએ જવાબમાં ઓપનર હાર્વિક દેસાઈના ૯૩ રન તથા અર્પિત વસાવડાના ૬૨ રનની મદદથી ૨૭૧ રન બનાવીને ૮૩ રનની સરસાઈ લીધી હતી. દિલ્હી બીજા દાવમાં સરસાઈ તો ઉતારી શક્યું, પરંતુ ૯૪ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં સૌરાષ્ટ્રને ફક્ત ૧૨ રનનો લક્ષ્યાંક મળ્યો હતો.

# પંડિતને જ ખબર નહોતી કે તેમણે નીરજ ચોપડાના લગ્નની વિધિ કરાવવાની છે!

## તમામ મહેમાનોને મોબાઈલ ન વાપરવા વિનંતી કરાઈ હતીઃ નીરજ ઍન્ડ ફૅમિલીએ હિમાનીના પરિવાર પાસે કંઈ જ દહેજ ન લીધું, શગુનનો માત્ર એક રૂપિયો લીધો

રોહતકઃ તાજેતરમાં જાહેર જનતાને અને મીડિયાને અંધારામાં રાખીને ચૂપકીદીથી હરિયાણાની ટેનિસ પ્લેયર હિમાની મોર સાથે લગ્નગ્રંથિથી જોડાનાર ઑલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપડાના તેમ જ હિમાનીના પરિવારે આ લગ્ન બાબતમાં એવી ગુપ્ત વ્યવસ્થા કરી હતી કે સેલિબ્રિટી વર્લ્ડમાં એવું ભાગ્યે જ કોઈએ કર્યું હશે. નીરજ-હિમાનીના લગ્ન કરાવનાર પંડિતને જ ખબર નહોતી કે તેણે નીરજ ચોપડા નામની ખેલજગતની મોટી હસ્તીના લગ્ન કરાવવાના છે.

નીરજ ચોપડા ભાલાફેંકમાં ઑલિમ્પિક્સનો ગોલ્ડ અને સિલ્વર મેડલ જીતી ચૂક્યો છે. એ ઉપરાંત તેણે બીજા અનેક નાના-મોટા ચંદ્રકો મેળવ્યા છે. હિમાની ગોરની ટેનિસમાં કરીઅર-બેસ્ટ રૅન્ક ૨૦૧૮માં સિંગલ્સમાં ૪૨ અને ડબલ્સમાં ૨૭ હતી.

નીરજ-હિમાની બન્ને હરિયાણાના છે. તેમના લગ્ન હિમાચલ પ્રદેશમાં સોલન વૅલીના સૂર્યવિલાસ રિસોર્ટમાં થયા હતા. ત્રણ દિવસના સમારંભમાં કુલ માત્ર ૭૦ જેટલા મહેમાનોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. નીરજના સૌથી નજીકના મિત્રોને પણ તેના લગ્ન વિશેની જાણ નહોતી કરવામાં આવી.

૨૦૨૮ની ઑલિમ્પિક્સ પહેલાં નીરજનું ટૂર્નામેન્ટોને લગતું શેડ્યૂલ ખૂબ બિઝી હોવાથી ઉતાવળે તેણે લગ્ન કરવા પડ્યા છે. રસપ્રદ વાત એ છે કે જાહેર જનતાને કે મીડિયા ક્ષેત્રમાંથી કોઈને પણ આ મૅરેજની જાણ ન થાય એ માટે નીરજ-હિમાનીએ ગજબની ગુપ્તતા જાળવી હતી. લગ્ન માટે તેમણે એવા પંડિતને બોલાવવાનું નક્કી કર્યું જેઓ નીરજ વિશે કંઈ જાણતા જ ન હોય. એવા એક પંડિતની શોધ દરમ્યાન બન્નેના પરિવારજનોએ એક પંડિતને નીરજ ચોપડાનો ફોટો બતાવ્યો ત્યારે નીરજને પંડિત ઓળખી જ નહોતા શક્યા. પંડિતની આ અજાણતા જણાતાં જ નીરજ-હિમાનીના પરિવારજનોએ એ જ પંડિતને કહી દીધું હતું કે ‘તમારે ૧૪-૧૭ જાન્યુઆરી દરમ્યાન સોલન વૅલીના રિસોર્ટમાં લગ્નની વિધિ પાર પાડવાની છે.’

એટલું જ નહીં, સમારોહમાં બોલાવવામાં આવેલા તમામ આમંત્રિતોને વિનંતી કરવામાં આવી હતી કે તમે ઇવેન્ટના ત્રણ દિવસ દરમ્યાન તમારા મોબાઇલનો ઉપયોગ નહીં કરતા. નીરજનો ટોક્યો નામનો પેટ ડૉગ મહેમાનો વચ્ચે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. નીરજને આ ડૉગ ઑલિમ્પિક્સ મેડલ વિજેતા શૂટર અભિનવ બિન્દ્રાએ ૨૦૨૦ની ટોક્યો ઑલિમ્પિક્સમાં નીરજે ગોલ્ડ મેડલ જીત્યો ત્યાર બાદ આપવામાં આવ્યો હતો.

નીરજ અને તેના પરિવારે હિમાનીના ફૅમિલી પાસે કંઈ જ દહેજ નથી લીધું અને શગુનનો માત્ર એક રૂપિયો લીધો છે. ખુદ નીરજે સમારોહ પછી હિમાની સાથેના પોતાના લગ્નના બે-ત્રણ ફોટો સોશિયલ મીડિયામાં શૅર કર્યા હતા.

નીરજ-હિમાની હનીમૂન માટે અમેરિકા ગયાં છે અને તેઓ પાછાં આવ્યા બાદ રિસેપ્શન રાખવામાં આવશે એવું નીરજના કાકા સુરેન્દ્ર ચોપડાએ એક અખબારી મુલાકાતમાં જણાવ્યું હતું.

# ‘શામ કો ક્યૂં, અભી માર લો…’ ગૌતમ ગંભીરે આવી ધમકી આપી હોવાનો મનોજ તિવારીનો આક્ષેપ

## ભૂતપૂર્વ પ્લેયરે એવું પણ કહ્યું કે ‘વસીમ અકરમ વચ્ચે ન પડ્યો હોત તો અમારી વચ્ચે મારામારી જ થઈ ગઈ હોત’

કોલકાતાઃ ભારતના બે ભૂતપૂર્વ ક્રિકેટરો ગૌતમ ગંભીર અને મનોજ તિવારી વચ્ચે થોડાં વર્ષો પહેલાં સંબંધોમાં જે કડવાશ હતી અને એક વાર મેદાન પર તેમની વચ્ચે તીવ્ર ઘર્ષણ થઈ ગયું હતું જેમાં ગંભીરે તિવારીને મારવાની કથિત ધમકી આપી હતી એ ઘટના તાજેતરમાં ગંભીર ઑસ્ટ્રેલિયા ખાતેની ફ્લૉપ ટૂરને પગલે ચર્ચામાં આવી જવાને પગલે ફરી બહાર આવી છે. એક ઇન્ટરવ્યૂમાં આ વાત ખુદ મનોજ તિવારીએ કરી છે.

તિવારીએ એક મુલાકાતમાં ટીમ ઇન્ડિયાના વર્તમાન હેડ-કોચ ગૌતમ ગંભીર સામેના આક્ષેપમાં કહ્યું છે કે ‘એક વાર મેદાન પર ગંભીરે મને ખૂબ ગાળો આપી હતી અને મને મારવાની ધમકી પણ આપી હતી.’

આ વાત ગંભીર અને તિવારી આઇપીએલમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ની ટીમ વતી રમી રહ્યા હતા ત્યારની છે. કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં ત્યારે કેકેઆરની તિવારીની ટીમમાં બૅટિંગ-પૉઝિશન વિશે કૅપ્ટન ગંભીર સાથે તકરાર થઈ હતી.

તિવારીએ ઇન્ટરવ્યૂમાં કહ્યું, ‘હું ખૂબ હતાશ હતો અને વૉશરૂમમાં જતો રહ્યો ત્યારે ગંભીર મારી પાછળ વૉશરૂમમાં ઘૂસી આવ્યો અને મને કહ્યું કે તારું આ વર્તન જરાય નહીં ચલાવી લઉં…તુઝે કભી ખિલાઉંગા નહીં.’ જોકે એ સમયનો કેકેઆરનો બોલિંગ-કોચ વસીમ અકરમ સંભવિત ઘર્ષણની શંકા જતાં વૉશરૂમમાં આવી ગયો હતો અને ગંભીર-તિવારી વચ્ચેની દલીલબાજી વધુ ઉગ્ર બને એ પહેલાં મામલો ઠંડો પાડ્યો હતો. તિવારીએ મુલાકાતમાં કહ્યું, ‘જો અકરમ ત્યારે વચ્ચે ન પડ્યો હોત તો અમારી વચ્ચે (તિવારી-ગંભીર વચ્ચે) મારામારી જ થઈ ગઈ હોત.’

તિવારીએ ગંભીરના અભિગમની વાત કરતા કહ્યું, ‘અખબારોમાં જ્યારે પણ નવા ખેલાડીની વાહ-વાહ થાય ત્યારે કેટલાક લોકોને એ નથી ગમતું. કદાચ એટલે જ તે (ગંભીર) મારા પર ગુસ્સે હતો. ત્યારે મારી પણ પીઆર ટીમ હોત તો આજે હું ભારતનો કૅપ્ટન હોત.’

૨૦૧૫ની સાલમાં એક રણજી મૅચમાં પણ ગંભીર-તિવારી વચ્ચે ચકમક થઈ હતી. તિવારીએ એ વિશે ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે ‘ગંભીર સ્લિપમાં ઊભો ઊભો મને ગાળ આપ્યા કરતો હતો. એક તબક્કે તો તેણે મને કહ્યું કે ‘શામ કો મિલ, મૈં તુઝે મારતા હૂં.’ તિવારીએ એ ઘટનાની વાત આગળ વધારતા કહ્યું, ‘મેં તેને કહી દીધું કે શામ કો ક્યૂં, અભી માર લો.’

તિવારીના મતે ત્યારે ગંભીરના વર્તનને કારણે મૅચ પર વિપરીત અસર થઈ હતી. તિવારી કહે છે, ‘તેણે (ગંભીરે) અમ્પાયરને પણ નહોતા છોડ્યા. અમ્પાયરે જ્યારે મામલો શાંત પાડવા અમારી વચ્ચે દરમ્યાનગીરી કરી ત્યારે તેણે એક અમ્પાયરને ધક્કો માર્યો હતો.

ત્યાર પછી તે મિડ-ઑફના સ્થાન પરથી મને ગાળ આપતો રહ્યો હતો. ત્યારે તેની વગ એટલી બધી હતી કે અમ્પાયરો તેને વધુ કંઈ જ નહોતા કહી શક્યા.’

# આજની બીજી ટી-૨૦માં શમી ઇન થશે તો આઉટ કોણ?

## ચેન્નઈના મુકાબલામાં ભારતની પ્લેઇંગ-ઇલેવન આવી હોઈ શકે…

ચેન્નઈઃ ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ-સિરીઝમાં ભારતે પરાજયના બે કડવા ડોઝ પીવા પડ્યા ત્યાર બાદ હવે સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતીય ટીમે ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝમાં જીતવાનું શરૂ કરી દેતાં ભારતીય ક્રિકેટમાં ફરી આનંદનો સંચાર થયો છે અને પ્રથમ ટી-૨૦ના વિજય બાદ હવે બીજી ટી-૨૦ મૅચ આજે ચેન્નઈમાં રમાવાની છે જે માટેની પ્લેઇંગ-ઇલેવન કેવી હોઈ શકે એ અહીં આપણે જાણીશું. એટલું જ નહીં, ૧૪ મહિના પછી ટીમ ઇન્ડિયામાં કમબૅક કરી રહેલા પેસ બોલર મોહમ્મદ શમીને જો ઇલેવનમાં સમાવવામાં આવશે તો કોણે બહાર બેસવું પડી શકે એની પણ થોડી ચર્ચા કરીશું.

શમી ભારત વતી છેલ્લે ઑક્ટોબર ૨૦૨૩માં ભારતમાં આયોજિત વન-ડેના વર્લ્ડ કપમાં રમ્યો હતો જેમાં તેણે લીધેલી ૨૪ વિકેટ તમામ બોલર્સમાં હાઇએસ્ટ હતી. ત્યાર પછી તે ઈજાને કારણે નહોતો રમી શક્યો. ડોમેસ્ટિક ક્રિકેટમાં તેણે સારું કમબૅક કર્યું છે.

શમી ટીમ ઇન્ડિયા માટે ગેમ ચૅન્જર સાબિત થઈ શકે છે. તે ભારત વતી ૨૩ ટી-૨૦ રમ્યો છે જેમાં તેણે કુલ ૨૪ વિકેટ લીધી છે. ૧૦૧ વન-ડેમાં ૧૯૫ વિકેટ લઈ ચૂકેલો શમી આવતા મહિનાની વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ટીમમાં સિલેક્ટ થયો છે. તે ભારત વતી છેલ્લી ટી-૨૦ મૅચ છેક નવેમ્બર, ૨૦૨૨માં રમ્યો હતો, પરંતુ ઉત્કૃષ્ટ વન-ડે પર્ફોર્મન્સને કારણે તેને ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન ટી-૨૦ સિરીઝની ટીમમાં સ્થાન મળ્યું છે.

જો શમીને આજે પ્લેઇંગ-ઇલેવનમાં સમાવવામાં આવશે તો સ્પિનર રવિ બિશ્નોઈને પડતો મૂકવામાં આવશે એવી સંભાવના છે. ગુરુવારની પહેલી મૅચમાં બિશ્નોઈને બાવીસ રનમાં એકેય વિકેટ નહોતી મળી. બીજા સ્પિનર વરુણ ચક્રવર્તીએ ઘાતક બોલિંગ કરી હતી અને ત્રણ વિકેટ લીધી હતી. વરુણ હવે બીજી મૅચમાં પણ અસરદાર બની શકે.

ગુરુવારની મૅચના અન્ય સફળ બોલરમાં વાઇસ-કૅપ્ટન અક્ષર પટેલ (બાવીસ રનમાં બે વિકેટ) તેમ જ પેસ બોલર્સ અર્શદીપ સિંહ (૧૭ રનમાં બે વિકેટ) અને હાર્દિક પંડ્યા (૪૨ રનમાં બે વિકેટ)નો સમાવેશ હતો.

### બીજી ટી-૨૦ માટેની ભારતની સંભવિત પ્લેઇંગ-ઇલેવનઃ

સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), અભિષેક શર્મા, સંજુ સૅમસન (વિકેટકીપર), તિલક વર્મા, હાર્દિક પંડ્યા, રિન્કુ સિંહ, નીતીશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ (વાઇસ-કૅપ્ટન), અર્શદીપ સિંહ, વરુણ ચક્રવર્તી અને મોહમ્મદ શમી.

# શાર્દુલ-કોટિયન ફરી મુંબઈની વહારે, જીતવાની આશા જગાવી

## રોહિત અને યશસ્વી આક્રમક બૅટિંગના સાધારણ આરંભ બાદ ફરી સસ્તામાં આઉટ થયા

મુંબઈઃ બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સ (બીકેસી)માં જમ્મુ અને કાશ્મીર સામે ચાલતી ચાર દિવસીય રણજી મૅચ (સવારે ૯.૩૦ વાગ્યાથી)માં બે દિવસમાં બીજી વાર બે ઑલરાઉન્ડર શાર્દુલ ઠાકુર અને તનુષ કોટિયન મુંબઈની ટીમની વહારે આવ્યા હતા. એટલું જ નહીં, તેમણે ડિફેન્ડિંગ ચૅમ્પિયનને વિજયની આશા પણ અપાવી છે.

ગઈકાલની બીજા દિવસની રમતને અંતે મુંબઈનો બીજા દાવનો સ્કોર સાત વિકેટે ૨૪૭ રન હતો. શાર્દુલ ઠાકુર (૧૧૩ નૉટઆઉટ, ૧૧૯ બૉલ, સત્તર ફોર) અને તનુષ કોટિયન (૫૮ નૉટઆઉટ, ૧૧૯ બૉલ, છ ફોર) આઠમી વિકેટ માટેની ૧૭૩ રનની ભાગીદારી સાથે રમી રહ્યા હતા. પ્રથમ દાવમાં શાર્દુલે ૫૧ રન અને તનુષે ૨૬ રન બનાવ્યા હતા અને તેમની વચ્ચે ૬૩ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી.

જમ્મુ અને કાશ્મીરે પ્રથમ દાવમાં ૮૬ રનની લીડ લીધી હતી અને મુંબઈને બીજા દાવમાં ટૂંકા સ્કોરમાં ઑલઆઉટ કરીને વિજય મેળવવાનો મનસૂબો રાખ્યો હશે, પણ શાર્દુલ-કોટિયનની જોડીએ પહેલા દાવની જેમ બીજા દાવમાં પણ જમ્મુ અને કાશ્મીરના બોલર્સનો સમજદારી અને હિંમતથી સામનો કર્યો હતો.

શમ્સ મુલાનીની સાતમી વિકેટ પડી ત્યારે મુંબઈનો સ્કોર ૧૦૧ રન હતો. જોકે શાર્દુલ-કોટિયને ૧૧૯-૧૧૯ બૉલની ઇનિંગ્સ સાથે ૧૭૩ રનની અતૂટ ભાગીદારી કરી હતી અને હવે શનિવારે તેમની જોડી મુંબઈનો સ્કોર કેટલો આગળ વધારી શકે છે એ જોવું રહ્યું. હજી મોહિત અવસ્થી અને કર્શ કોઠારી બૅટિંગમાં આવવાના બાકી છે.

જમ્મુ અને કાશ્મીર વતી ઔકિબ નબીએ સૌથી વધુ ત્રણ વિકેટ તેમ જ ઉમર નઝીર મીર તથા યુધવીર સિંહે બે-બે વિકેટ લીધી હતી.

રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલ ઑસ્ટ્રેલિયા ખાતેના નિષ્ફળ પ્રવાસ બાદ ફરી ફૉર્મ મેળવવા અને ડોમેસ્ટિક ક્રિકેટ રમવા મેદાન પર ફરી ઊતરવાની બીસીસીઆઇની સૂચનાને પગલે આ મૅચમાં રમી રહ્યા છે. રોહિતે પહેલા દાવના ત્રણ રન બાદ ગઈકાલે બીજા દાવમાં ૨૮ રન બનાવીને પેસ બોલર યુધવીર સિંહના બૉલમાં કૅચઆઉટ થયો હતો. તેની ૩૫ બૉલની આ ઇનિંગ્સ આક્રમક હતી જેમાં તેણે ત્રણ સિક્સર અને બે ફોર ફટકારી હતી. યશસ્વીએ ૫૧ બૉલમાં ચાર ફોરની મદદથી ૨૬ રન બનાવ્યા હતા. તેમની વચ્ચે પહેલી વિકેટ માટે ૫૪ રનની ભાગીદારી થઈ હતી. જોકે ૫૭મા રન સુધીમાં રોહિત ઉપરાંત હાર્દિક તમારે અને યશસ્વીની વિકેટ પડી ચૂકી હતી. કૅપ્ટન અજિંક્ય રહાણે (૧૬), શ્રેયસ ઐયર (૧૭) અને શિવમ દુબે (૦) સાવ સસ્તામાં આઉટ થઈ ગયા હતા.

એ પહેલાં, જમ્મુ અને કાશ્મીરની ટીમ પ્રથમ દાવમાં ૨૦૬ રનમાં આઉટ થઈ હતી જેમાં ઓપનર શુભમ ખજુરિયાના ૫૩ રન અને આબિદ મુશ્તાકના ૪૪ રન સામેલ હતા. પેસ બોલર મોહિત અવસ્થીએ સૌથી વધુ પાંચ વિકેટ તેમ જ શાર્દુલ ઠાકુરે બે વિકેટ, સ્પિનર શમ્સ મુલાનીએ પણ બે વિકેટ અને શિવમ દુબેએ એક વિકેટ લીધી હતી. તનુષને વિકેટ નહોતી મળી. પહેલા દાવમાં મુંબઈના માત્ર ૧૨૦ રન હતા.

### અન્ય રણજી મૅચોમાં શું બન્યું?

(૧) અમદાવાદમાં ગુજરાતના સિદ્ધાર્થ દેસાઈએ ગુરુવારે એક જ દાવમાં ઉત્તરાખંડની વિક્રમજનક નવ વિકેટ લીધી એને પગલે ઉત્તરાખંડ ૧૧૧ રનમાં આઉટ થયા બાદ આજે ગુજરાતે પ્રથમ દાવમાં ૩૯૩ રન બનાવ્યા હતા જેમાં જયમીત પટેલ (૧૨૧ રન) અને મનન હિંગરાજિયા (૧૧૬)નું મુખ્ય યોગદાન હતું. ઉત્તરાખંડના મયંક મિશ્રાએ પાંચ વિકેટ લીધી હતી. બીજા દાવમાં ઉત્તરાખંડે ચાર વિકેટે ૭૪ રન બનાવ્યા હતા અને ગુજરાતની ટીમ હજી ૨૦૮ રનથી આગળ હતી.

(૨) બેન્ગલૂરુમાં કર્ણાટકનો રવિચન્દ્રન સ્મરણ (૨૦૩ રન, ૨૭૭ બૉલ, ત્રણ સિક્સર, પચીસ ફોર) છવાઈ ગયો હતો. તેણે આ ડબલ સેન્ચુરી પંજાબ સામે ફટકારી હતી અને કર્ણાટકને ૪૭૫ રનનો તોતિંગ સ્કોર અપાવ્યો હતો. પંજાબે પ્રથમ દાવમાં માત્ર પંચાવન રન બનાવ્યા હોવાથી કર્ણાટકે ૪૨૦ રનની સરસાઈ લીધી હતી. બીજા દાવમાં પંજાબનો સ્કોર બે વિકેટે ૨૪ રન હતો અને હજી બે દિવસ બાકી હોવાથી પંજાબને માથે મોટો પરાજય તોળાઈ રહ્યો છે.

(૩) નાશિકમાં બરોડાના અતિત શેઠની છ વિકેટને કારણે મહારાષ્ટ્રની ટીમ ૩૦૦ રનના સ્કોર સુધી નહોતી પહોંચી શકી. મહારાષ્ટ્રનો સ્કોર ૨૯૭ રનના સ્કોર પર સમેટાઈ ગયો હતો. જોકે ત્યાર બાદ બરોડાની ટીમ ૧૪૫ રને આઉટ થઈ જતાં મહારાષ્ટ્રએ ૧૫૨ રનની લીડ લીધી હતી. બીજા દાવમાં મહારાષ્ટ્રનો સ્કોર બે વિકેટે ૧૨૩ રન હતો અને સરસાઈ ઉમેરતાં એના ૨૭૫ રન હતા. ઋતુરાજ ગાયકવાડ ૬૬ રને દાવમાં હતો અને સિદ્ધેશ વીર ૩૭ રને રમી રહ્યો હતો.

(૪) જયપુરમાં વિદર્ભની ટીમ ૧૬૫ રને આઉટ થઈ ગયા બાદ રાજસ્થાને ૨૬૫ રન બનાવીને ૧૦૦ રનની લીડ લીધી હતી. વિદર્ભના હર્ષ દુબેએ સૌથી વધુ પાંચ વિકેટ લીધી હતી. વિદર્ભએ બીજા દાવમાં ૮૪ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી અને વિદર્ભની ટીમ હજી ૧૬ રનથી પાછળ હતી.

# અર્શદીપ સિંહને આજે ટી-૨૦નો ‘ફાસ્ટેસ્ટ’ ફાસ્ટ બોલર બનવાનો મોકો

## ઇંગ્લૅન્ડ સામેની બીજી ટી-૨૦નું સાંજે ૭.૦૦ વાગ્યાથી જીવંત પ્રસારણ

ચેન્નઈઃ સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારતીય ટીમ ઇંગ્લૅન્ડને પાંચ મૅચવાળી ટી-૨૦ સિરીઝની પ્રથમ મૅચમાં ગુરુવારે સાત વિકેટે હરાવી દીધા બાદ હવે આજે પણ જીતીને ૨-૦થી સરસાઈ મેળવવાની તક માટે કોઈ જ કસર નહીં છોડે અને એવું કરવા જતાં લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને મોટો વિશ્વવિક્રમ કરવાની સુવર્ણ તક છે.

પચીસ વર્ષના અર્શદીપ સિંહે ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં ૬૧ મૅચમાં ૯૭ વિકેટ લીધી છે. જો તે વધુ ત્રણ વિકેટ લેશે એટલે ૬૨મી મૅચમાં તેની ૧૦૦ વિકેટ થઈ કહેવાશે અને એ રીતે તે સૌથી ઓછી ટી-૨૦ મૅચમાં વિકેટોની સેન્ચુરી ફટકારનાર ફાસ્ટ બોલર ગણાશે. અફઘાનિસ્તાનનો રાશિદ ખાન ૫૩ મૅચમાં અને નેપાળનો સંદીપ લામિછાને ૫૪ મૅચમાં ૧૦૦ વિકેટ લઈ ચૂક્યો છે. પાકિસ્તાનના હૅરિસ રઉફે ૭૧ મૅચમાં ૧૦૦ વિકેટ લીધી છે, જ્યારે અર્શદીપ ૬૦-પ્લસ મૅચમાં જ ૧૦૦મી વિકેટ મેળવવાની તૈયારીમાં છે.

# ઈજાગ્રસ્ત જૉકોવિચે સેમિ ફાઇનલ અધવચ્ચે છોડી

મેલબર્નઃ ટેનિસમાં સિંગલ્સનું પચીસમું ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતવા સંઘર્ષ કરી રહેલા સર્બિયાના નોવાક જૉકોવિચે ગઈ કાલે અહીં ઑસ્ટ્રેલિયન ઓપનની ઍલેક્ઝાંડર ઝવેરેવ સામેની સેમિ ફાઇનલ ૫-૭ના પહેલા સેટના પરાજય બાદ ઈજાને લીધે અધવચ્ચે છોડી દીધી હતી. તે પાછો આવી રહ્યો હતો ત્યારે કેટલાક પ્રેક્ષકોએ તેનો હુરિયો બોલાવ્યો હતો. ફાઇનલમાં ઝવેરેવનો મુકાબલો વર્લ્ડ નંબર વન યાનિસ સિન્નર સામે થશે.

મહિલાઓમાં અરીના સબાલેન્કા અને મેડિસન કીઝ વચ્ચે શનિવારે ફાઇનલ રમાશે. મેડિસનને પ્રથમ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતવાની સુવર્ણ તક છે.

## સિટી ન્યૂઝ

# વર્સોવા-ભાયંદર લિંક રોડઃ મેન્ગ્રોવ્ઝની અન્યત્ર વાવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વર્સોવા-ભાયંદર લિંક રોડ પ્રોજેક્ટ માટે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય પાસેથી કોસ્ટલ રેગ્યુલેટરી ઝોન કલીઅરન્સ તો મળી ગયું પણ તેની સામે મેનગ્રોવ્ઝ સેલ એન્ડ ડિપાર્ટમેન્ટે પ્રોજેક્ટને કારણે અસર થનારા મેનગ્રોવ્ઝનું અન્ય સ્થળે પુનઃ રોપણ કરવાનું મુંબઈ મહાનગરપાલિકા માટે ફરજિયાત કર્યું છે. તેથી પાલિકાએ વર્સોવા-ભાયંદર પટ્ટામાં ૧૦થી ૧૫ હેક્ટરની જમીન પર મેનગ્રોવ્ઝનું પુનઃરોપણ કરવાના કામ માટે ઈચ્છુક કંપનીઓ પાસેથી એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ મગાવ્યા છે.

મુંબઈ કોસ્ટલ રોડ બાદ પાલિકા માટે વર્સોવા અને દહિસર વચ્ચેનો આ રોડ મહત્ત્વનો પ્રોજેક્ટ બની ગયો છે, લગભગ ૧૬,૬૨૧ કરોડ રૂપિયાના ખર્ચે આ પટ્ટામાં બની રહેલા કોસ્ટલ રોડને કારણે ટ્રાફિકની સમસ્યામાં રાહત મળશે એવું માનવામાં આવે છે. એ સાથે જ દહિસર અને ભાયંદર વચ્ચે ૫.૬ કિલોમીટર લાંબા બની રહેલા એલિવેટેડ રોડને કારણે પણ દહિસર ચેકનાકા પર રહેલા ટ્રાફિકમાં ૩૦થી ૩૫ ટકાનો ઘટાડો થશે. તો મુંબઈને મીરા-ભાયંદર સાથે જોડનારો બીજો પર્યાયી રસ્તો પણ ઉપલબ્ધ થશે. એલિવેટેડ રોડની પાછળ લગભગ ૩,૩૦૪ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ રોડ હાલ વર્સોવા ઈન્ટરચેન્જ પાસે ચાલુ થશે અને ભાયદંર ઈન્ટરચેન્જ પાસે પૂરો થશે, જે મેનગ્રોવ્ઝસ, ખાડી અને મેટ્રો લાઈન ટૂ-એના મેટ્રો ડેપો જેવા સંવેદનશીલ વિસ્તારમાંથી પસાર થશે. નવેમ્બર, ૨૦૨૪માં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય પાસેથી કોસ્ટલ રેગ્યુલેટરી ઝોન પાસેથી નિર્ધારિત શરતોને આધિન પ્રોજેક્ટને કલીયરન્સ મળ્યું હતું. તેથી હવે શરતોને ધ્યાનમાં રાખીને અમે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) અથવા અન્ય પહેલના ભાગરૂપે મેન્ગ્રોવ્ઝ નર્સરી અને હેબિટાટ રિસ્ટોરેશન સેન્ટર્સ સ્થાપવા માટે જમીન ધરાવતા જમીન માલિકો પાસેથી એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ આમંત્રિત કર્યા છે.

અધિકારીના જણાવ્યા મુજબ આવી જમીન અને પ્લોટ માટે લીઝનો સમયગાળો પાંચથી ૧૦ વર્ષનો રહેશે, જે જમીન પાલિકાને સોંપવાની રહેશે. ખાસ કરીને ભરતીના પાણી જ્યાં આવતા હોય એવી જમીન તથા કોસ્ટલ રેગ્યુલેશન ઝોન અથવા મેનગ્રોવ્ઝ વિસ્તારોને અસર કરતી હોવી જોઈએ. આ પ્લોટ પર મેનગ્રોવ્ઝનું પુનઃરોપણ કરાશે.

# લાડકી બહેન યોજના હેઠળ વિતરિત નાણાં કોઈ પાસેથી પાછા લેવામાં આવશે નહીંઃ અજિત પવાર

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે એવી ખાતરી આપી હતી કે ‘મુખ્યમંત્રી માઝી લડકી બહિણ યોજના’ યોજના હેઠળ વિતરિત કરી નાખવામાં આવેલા ભંડોળની કોઈ વસૂલાત કરવામાં આવશે નહીં.

૨૦૨૪ની રાજ્ય વિધાનસભા ચૂંટણી પહેલા શરૂ કરાયેલી લાડકી બહેન યોજના આર્થિક રીતે વંચિત વર્ગની પાત્ર મહિલાઓને માસિક ૧,૫૦૦ રૂપિયાનું ભથ્થું આપે છે. મહારાષ્ટ્રમાં આના ૨.૪૩ કરોડથી વધુ લાભાર્થીઓ છે, જેનાથી રાજ્યના તિજોરી પર દર મહિને આશરે ૩,૭૦૦ કરોડ રૂપિયાનો બોજ પડે છે.

પવારનું આ વચન વિપક્ષના એવા દાવા વચ્ચે આવ્યું છે કે સરકાર લાભાર્થીઓની યાદી કાપી નાખશે, અપાત્ર વ્યક્તિઓને વિતરિત કરવામાં આવેલા નાણાં પાછા લેવામાં આવશે અને આખરે યોજના બંધ કરવામાં આવશે.

‘ગયા વખતે સંભવિત લાભાર્થીઓના દસ્તાવેજોની ચકાસણી માટે અમારી પાસે મર્યાદિત સમય હતો. અમે દરેક લાભાર્થીના આધારને યોજના સાથે લિંક કરવા માગતા હતા, પરંતુ તેમ કરી શક્યા નહીં. જોકે, આપેલા પૈસાની કોઈ ફેર વસૂલાત થશે નહીં,’ એમ પવારે કહ્યું હતું.

લાડકી બહેન યોજનાના માસિક ભથ્થા માટે મહિલાઓએ મહાયુતિને મત આપ્યા હતા.

એનસીપીના વડા પુણેમાં વસંતદાદા સુગર ઇન્સ્ટિટ્યૂટ ખાતે એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા જ્યાં તેમણે એનસીપી (એસપી)ના વડા શરદ પવાર સાથે મંચ શેર કર્યો હતો.

લાડકી બહેન કાર્યક્રમને ગયા વર્ષે રાજ્યની ચૂંટણીમાં મહાયુતિની શાનદાર જીત માટે એક મુખ્ય કારણ તરીકે શ્રેય આપવામાં આવ્યું હતું.

શરદ પવાર સાથેની તેમની ચર્ચાઓ વિશે પૂછવામાં આવતા, એનસીપીના વડાએ કહ્યું, ‘અમે ખાંડ સંબંધિત બાબતો વિશે વાત કરી હતી. સહકાર, એક્સાઇઝ, કૃષિ અને ઊર્જા વિભાગો ખાંડના વ્યવસાય સાથે જોડાયેલા છે. અમે વસંતદાદા સુગર ઇન્સ્ટિટ્યૂટને લગતા મુદ્દાઓ પર પણ ચર્ચા કરી.’

અજિત પવારે કહ્યું હતું કે તેમણે કૃષિ વિભાગની કામગીરીની સમીક્ષા કરી છે અને સરકારી યોજનાઓના સંભવિત દુરુપયોગ પર પ્રકાશ પાડ્યો છે.

‘જ્યારે સરકાર લોકોના લાભ માટેની યોજનાઓ રજૂ કરે છે, ત્યારે હંમેશા કેટલાક અનૈતિક તત્વો અનુચિત લાભ લેવાનો પ્રયાસ કરે છે. એક રૂપિયાની પાક વીમા યોજના સાથે પણ આવા જ કિસ્સાઓ બન્યા હોય તેવું લાગે છે,’ એમ તેમણે કહ્યું હતું.

આ પહેલા, મહારાષ્ટ્રના કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેએ કહ્યું હતું કે ખેડૂતો માટેની એક રૂપિયાની પાક વીમા યોજનાના અમલમાં અનિયમિતતાઓ જોવા મળી હતી અને લાભો મેળવવા માટે પૂજા સ્થળોને પણ ખેતીલાયક જમીન તરીકે દર્શાવવામાં આવ્યા હતા. જિલ્લાના પાલક પ્રધાનોને લઈને શિવસેના અને એનસીપી વચ્ચે થયેલા ઘર્ષણ અંગે પવારે કહ્યું હતું કે, ‘જિલ્લાના પાલક પ્રધાનોની જવાબદારી તેમના કેબિનેટ સાથીદારોને સોંપવી એ મુખ્ય પ્રધાન (દેવેન્દ્ર ફડણવીસ)નો વિશેષાધિકાર છે. તેઓ દાવોસથી પાછા ફર્યા પછી નિર્ણય લેશે.’

# રિઅલ્ટી અને હેલ્થકેર સેગમેન્ટની પીછેહઠ સાથે સેન્સેક્સમાં ૩૩૦ પોઇન્ટનું ગાબડું, નિફ્ટી ૨૩,૦૦૦ તોડવાની તૈયારીમાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારના મિશ્ર સંકેત સાથે બજારમાં સર્જાયેલા સાવચેતીના માનસ વચ્ચે રિઅલ્ટી, ઓઇલ એન્ડ ગેસ તથા હેલ્થકેર શેરોની આગેવાનીએ વેચવાલી નીકળતાં સેન્સેક્સમાં ૩૩૦ પોઇન્ટનું ગાબડું જોવા મળ્યું હતું જ્યારે નિફ્ટી ૨૩,૦૦૦ની સપાટી માંડ માંડ ટકાવી શક્યો હતો. એફઆઇઆઇની એકધારી વેચવાલી પણ બજારનું માનસ ખરડી રહી છે.

બીએસઈ બેન્ચમાર્ક સેન્સેક્સ ૩૨૯.૯૨ પોઈન્ટ અથવા ૦.૪૩ ટકા ઘટીને ૭૬,૧૯૦.૪૬ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૪૨૮.૬૩ પોઈન્ટ અથવા ૦.૫૬ ટકા ઘટીને ૭૬,૦૯૧.૭૫ની સપાટીને અથડાયો હતો. એનએસઈ નિફ્ટી ૧૧૩.૧૫ પોઈન્ટ અથવા ૦.૪૯ ટકા ઘટીને ૨૩,૦૯૨.૨૦ પર બંધ થયો હતો.

અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પે વ્યાજદરમાં ઘટાડાને સમર્થન આપવાનો સંકેત આપ્યો હોવાથી ઇક્વિટી માર્કેટમાં સુધારો દેખાયો હતો પરંતુ તે લાંબો ટક્યો નહોતો. ટ્રમ્પના સત્તા પર આવ્યા પછી ઇક્વિટી માર્કેટની આગામી ચાલ અંગેની અનિશ્ચિતતામાં વધારો થઇ રહ્યો છે. ટ્રમ્પની બીજી ઇનિંગની શરૂઆત સંભવિત આર્થિક નિર્ણયોની મર્યાદિત સમજ સાથે થઈ છે. કેનેડા અને મેક્સિકો પર સંભવિત ૨૫ ટકા ટેરિફના સંકેત સાથે તેમણે ભારત સહિત બ્રિક્સ દેશોને પણ ૧૦૦ ટકા સુધીની ટેરિફ લાદવાની ધમકી આપી છે. જો આ ચીમકીઓ અમલી બનશે તો અનેક દેશના અર્થતંત્રોને નુકસાન થશે.

**ઝોમેટો, ટાટા મોટર્સ, લાર્સન, એચયુએલ**

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઝોમેટો, ટાટા મોટર્સ, ઇન્ડસઇન્ડ બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, લાર્સન એન્ડ ટુબ્રો, અલ્ટ્રાટેક સિમેન્ટ, એચડીએફસી બેંક, અદાણી પોર્ટ્સ અને બજાજ ફિનસર્વ ટોપ લૂઝર્સ રહ્યા હતા, જ્યારે, હિન્દુસ્તાન યુનિલિવર, ટેક મહિન્દ્રા, નેસ્લે, ભારતી એરટેલ અને આઈસીઆઈસીઆઈ બેંક ટોપ ગેઇનરમાં સામેલ હતા.

પ્રાઇમરી માર્કેટ પર સેબી દ્વારા પ્રસ્તાવિત આઇપીઓ શેરમાં પ્રી-લિસ્ટિંગ ટ્રેડિંગની નેગેટિવ અસર પડી શકે છે. ડો. અગ્રવાલ હેલ્થકેરનો રૂ. ૩,૦૨૭.૨૬ કરોડનો બુક બિલ્ટ આઈપીઓ ૨૯મીએ ખુલશે અને ૩૧મીએ બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૮૨થી રૂ. ૪૦૨ છે. લઘુત્તમ લોટ સાઈઝ ૩૫ છે. આ ઇશ્યૂ રૂ. ૩૦૦.૦૦ કરોડના ફ્રેશ ઇશ્યુ અને ૬.૭૮ કરોડ શેરની ઓએફએસનું સંયોજન છે. શેર બીએસઈ અને એનએસઈ પર લીસ્ટ થશે.

પમ્પિંગ મશીનરીના સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગના ટર્નકી પ્રોજેક્ટના ક્ષેત્રે પ્રવૃત્ત એચ એમ ઇલેક્ટ્રો મેક ૨૭.૭૪ કરોડનાબુક બિલ્ટ ઈશ્યુ સાથે મૂડી બજારમાં ૨૪મીએ પ્રવેશી છે, પ્રાઇસ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂ. ૭૧થી ૭૫ છે, ભરણું ૨૮ જાન્યુઆરીએ બંધ થશે અને લિસ્ટિંગ ૩૧ જાન્યુઆરીએ થવાની ધારણાં છે. ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેન્કે મહારાષ્ટ્રમાં થાણે અને ન્યૂ પનવેલ સહિત સિક્કીમમાં પ્રવેશ સાથે ૧૫ નવા આઉટલેટનો ઉમેરો કર્યો છે, બેન્ક ૨૭ રાજ્યમાં દેશભરમાં ૧૦૪૩ બેન્કિંગ આઉટલેટ ધરાવે છે.

**એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ ગોલ્ડ ઇટીએફમાં રોકાણ કરશે**

એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડે મલ્ટી એસેટ એલોકેશન ફંડ લોન્ચ કર્યું છે, જે ઇક્વિટી, ડેટ અને સોનામાં રોકાણ કરતી ઓપન-એન્ડેડ સ્કીમ છે. ન્યૂ ફંડ ઑફર ૨૪મી જાન્યુઆરીએ



ખુલશે અને સાતમી ફેબ્રુઆરીના રોજ બંધ થશે. સ્કીમના પોર્ટફોલિયોમાંઇક્વિટી અને ઇક્વિટી સંબંધિત સાધનો, ડેટ અને નાણાં બજારના સાધનો તેમ જ ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ)ના યુનિટનો સમાવેશ હશે. બેન્ચમાર્ક નિફ્ટી ૫૦૦ ટીઆરઆઈના ૬૫ ટકા, નિફ્ટી કમ્પોઝિટ ડેટ ઇન્ડેક્સના ૨૫ ટકા અને સોનાના સ્થાનિક ભાવના ૧૦ ટકાનું સંયોજન રહેશે. પેટીએમની ખોટ ત્રીજા ક્વાર્ટરમાં ઘટીને રૂ. ૨૦૮.૫૦ કરોડ રહી છે. ઝોમેટોએ ત્રીજા ક્વાર્ટરમાં ૫૭.૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૫૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. આઈડીબીઆઇ બેન્કે ત્રીજા ત્રિમાસિક સમયગાળામાં ૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૯૦૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. આઇઓબીએ બેડ લોનમાં ઘટાડો થયો હોવાથી ત્રીજા ક્વાર્ટરમાં ૨૧ ટકાના વધારા સાથે રૂ. ૮૭૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

**ડો. રેડ્ડીઝ લેબ, નીટ લમિટેડના પરિણામ નબળા રહ્યા**

નિષ્ણાતો અનુસાર ટ્રમ્પની સંભવિત નીતિ ભારતીય રૂપિયા અને શેરબજાર બંને માટે પ્રતિકૂળ રહેવાની સંભાવના છે. સ્થાનિક બજારના સેન્ટિમેન્ટ પર ચાલુ કમાણી સીઝનની અસર વર્તાવી શરૂ થઇ ગઇ છે, જ્યારે આગામી કેન્દ્રીય બજેટની અટકળોની વધુ અસર વર્તાવી શરૂ થઇ જશે. ડો. રેડ્ડીઝ લેબના પરિણામ નબળા આવતાં તેના શેરમાં સાતેક ટકાનો કડાકો હતો. ડો. રેડ્ડીઝ લેબે ડિસેમ્બર ક્વાર્ટરમાં બે ટકાના વધારા સાથે રૂ. ૧૪૧૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નીટ લિમિટેડનો નફો સાત ટકાના ઘટાડા સાથે રૂ. ૧૩.૩૯ કરોડ રહ્યો છે. એચપીસીએલનો નફો પાંચેક ટકા વધ્યો છે.

આઇસીઆઇસીઆઇ પ્રૂડેન્શિયલ લાઇફ ઇન્સ્યોરન્સે ૪૩ ટકાના વધારા સાથે રૂ. ૩૨૬ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એચડીએફસી બેન્કે ચોખ્ખા નફામાં માત્ર બે ટકા જેવો વધારો દર્શાવ્યો હતો. એચયુએલએ ત્રીજા ક્વાર્ટરમાં ૧૯.૧૮ ટકાના વધારા સાથે રૂ. ૨૯૮૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કોટક મહિન્દ્રા બેન્કના પરિણામ નબળા આવ્યાં છે. વિપ્રોએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૨૪.૪૦ ટકાના વધારા સાથે રૂ. ૩૩૫૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બીપીસીએલે બીજા ક્વાર્ટર સામે ૯૪ ટકાના વધારા સાથે રૂ. ૪૬૪૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

**વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં બિઝનસ લીડર્સને ટ્રમ્પની ચીમકી**

ઇન્ફોસિસે કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યો હતો. એક્સિસ બેંકે બજારની અપેક્ષા કરતાં નબળા પરિણામ જાહેર કર્યા હતા. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ત્રીજા ક્વાર્ટરના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં રૂ.૧૮,૫૪૦ કરોડની વૃદ્ધિ નોંધાવી હતી. વેરીટાસ ફાઇનાન્સે રૂ. ૨૮૦૦ કરોડના આઇપીઓ માટે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કરાવ્યું છે. વીનીર એન્જિનિયરીંગે પણ જાહેર ભરણું લાવવા માટે બજાર નિયામક સેબી પાસે ડીઆરએચપી જમા કરાવ્યું છે. એક અહેવાલ અનુસાર આગામી બે વર્ષમાં દેશમાં ૧૦૦૦થી વધુ આઇપીઓ આવવાની શક્યતા છે. બુધવારે યુરોપિયન બજારો ઊંચા મથાળે ટ્રેડ થઇ રહ્યા હતા. એશિયન બજારોમાં, ટોકિયો અને સિઓલ હકારાત્મક નોંધ પર સેટલ થયા હતા, જ્યારે હોંગકોંગ અને શાંઘાઈ નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. મંગળવારે અમેરિકન શેરબજારોમાં તેજીનું વાતાવરણ રહ્યું હતું. એશિયન બજારોમાં, સિઓલ, શાંઘાઈ અને હોંગકોંગ હકારાત્મક વલણમાં સ્થિર થયા જ્યારે ટોક્યિો નીચો રહ્યો. બેંક ઓફ જાપાને તેના મુખ્ય વ્યાજ દર ૦.૨૫ ટકાથી વધારીને લગભગ ૦.૫૦ ટકા જાહેર કર્યા છે. યુરોપના બજારોગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો ઊંચા મથાળે બંધ થયા હતા. ટ્રમ્પે ગુરુવારે વર્લ્ડ ઇકોનોમિક ફોરમને સંબોધિત કરતા બિઝનેસ નેતાઓને યુએસમાં તેમના ઉત્પાદનોનું ઉત્પાદન કરવા પર ઓછા કરની ઓફર કરવા સાથે જો તેઓ તેમ ના કરે તો ટેરિફની ધમકી આપી છે. સાથે એમ પણ કહ્યું કે તેઓ સાઉદી અરેબિયા અને ઓપેકને ક્રૂડ ઓઇલના ભાવ ઘટાડવા માટે અપીલ કરશે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે જો ભાવ ઘટશે તો રશિયા-યુક્રેન યુદ્ધ તાત્કાલિક બંધ થઈ જશે. એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૫,૪૬૨.૫૨ કરોડની વેચવાલી કરી છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૨૭ ટકા વધીને ૭૮.૫૦ પ્રતિ બેરલ બોલાયો હતો. પાછલા સત્રમાં, સેન્સેક્સ ૧૧૫.૩૯ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા વધીને ૭૬,૫૨૦.૩૮ પર સ્થિર થયો. નિફ્ટી ૫૦ પોઈન્ટ અથવા ૦.૨૨ ટકા વધીને ૨૩,૨૦૫.૩૫ પર બંધ થયો હતો.

# ડૉલર ઈન્ડેક્સ બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ઘટતાં રૂપિયો બાવીસ પૈસા ઊંચકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં ૦.૫૬ ટકા જેટલો ઘટાડો આવ્યાના નિર્દેશો અને બ્રેન્ટક્રૂડતેલના વાયદાના ભાવમાં નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા ઊંચકાઈને ૮૬.૨૨ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ તથા ટ્રેડરોની નજર આગામી અંદાજપત્રના પ્રસ્તાવો પર હોવાથી પાંખાં કામકાજોને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૪૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૬.૩૧ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૩૬ અને ઉપરમાં ૮૬.૧૬ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે બાવીસ પૈસાના સુધારા સાથે ૮૬.૨૨ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે બજારમાં ટ્રમ્પ ફેક્ટરને કારણે અનિશ્ચિતતાના માહોલમાં તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સ ૧૧૦ની સપાટી સુધી પહોંચી ગયો હતો. જોકે, હવે આ અનિશ્ચિતતા લાંબો સમય સુધી નહીં રહે, એમ સીઆર ફોરેક્સ એડવાઈઝર્સના મેનેજિંગ ડિરેક્ટર અમીત પાબારીએ જણાવ્યું હતું. વધુમાં ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સ્વિત્ઝર્લેન્ડમાં દાઓસ ખાતે યોજાયેલ વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં વર્ચ્યુઅલ સંબોધન કરતાં ફેડરલ રિઝર્વને વ્યાજદરમાં ઘટાડો કરવાની હાકલ કરતાં ડૉલર ઈન્ડેક્સમાં પીછેહઠ જોવા મળી હોવાનું તેમણે ઉમેર્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૫૬ ટકા ઘટીને ૧૦૭.૪૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટ્યા મથાળેથી ૦.૪૭ ટકાના સુધારા સાથે બેરલદીઠ ૭૮.૬૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૨૯.૯૨ પૉઈન્ટનો અને ૧૧૩.૧૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૪૬૨.૫૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે જણાવ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

**વ્યાજના નીચા દર અને ઊંચા ટેરિફની ટ્રમ્પની યોજનાથી ડૉલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં ચમકારો**

# વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૩૦૯ની અને ચાંદીમાં ₹ ૫૭૮ની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે તેમના વક્તવ્યમાં તાત્કાલિક ધોરણે વ્યાજદરમાં ઘટાડો કરવાની કરેલી હાકલ અને આયાતી માલો પર ટેરિફનાં ઊંચા દરનો પુનરોચ્ચાર કરતાં આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં એક ટકા જેટલો ઘટાડો થતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે હાજર સોનામાં ગઈકાલના વધ્યા મથાળેથી વધુ ૦.૯ ટકાની અને વાયદામાં ૦.૭ ટકાની તેજી આગળ ધપી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૭થી ૩૦૯નો ચમકારો આવ્યો હતો.

જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં બાવીસ પૈસાનો ઉછાળો આવ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરમાં ઘટાડો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. તેમ જ આજે ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૫૭૮ની તેજી સાથે ફરી રૂ. ૯૧,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં પણ આજે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૭ વધીને રૂ. ૮૦,૦૨૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૦૯ વધીને રૂ.



૮૦,૩૪૮ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી નિરસ રહી હતી. તેમ જ રિટેલ સ્તરની અને જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં ભાવ કિલોદીઠ રૂ. ૫૭૮ની તેજી સાથે રૂ. ૯૧,૨૧૧ના મથાળે રહ્યા હતા. તેમ જ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી જળવાઈ રહી હતી, જ્યારે ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહી હતી. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગઈકાલે તેમના વર્ચ્યુઅલ વક્તવ્યમાં વ્યાજદરમાં ઘટાડો કરવાની સાથે ટેરિફનાં ઊંચા દર લાદવામાં આવશે, એવો પુનરોચ્ચાર કરતાં ફુગાવો વધવાની ભીતિ હેઠળ ડૉલર ઈન્ડેક્સ નબળો પડતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ગત ૩૧મી ઑક્ટોબર પછીની ઊંચી ઔંસદીઠ ૨૭૭૭.૧૦ની સપાટી સુધી પહોંચ્યા હતા. વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે ભાવમાં સુધારો આગળ ધપતા હાજરમાં સોનાના ભાવ વધુ ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૨૭૭૬.૯૭ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૨૭૮૩.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૪ ટકા ઉછળીને ઔંસદીઠ ૩૦.૮૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અગાઉ ટ્રમ્પે તેમની સોગંદવિધી સમયે ટેરિફના દરમાં ધીમી ગતિએ વધારો કરવાના નિર્દેશથી વિપરીત ગઈકાલે ટેરિફમાં વધારો કરવામાં આવશે, એવું બજારની અપેક્ષાથી વિપરીત નિવેદન કરતાં ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડો થતાં સોનામાં સુધારો જોવા મળ્યો હોવાનું રિલાયન્સ સિક્યોરિટીઝનાં વિશ્લેષક જીગર ત્રિવેદીએ જણાવતા ઉમેર્યું હતું કે ટ્રમ્પે વેરાના દરમાં તાત્કાલિક ધોરણે ઘટાડો કરવાના સંકેત આપ્યા હતા, પરંતુ ટેરિફના દર અને ભવિષ્યની નીતિઓ અંગે કોઈ વધુ સ્પષ્ટતા ન કરતાં બજારમાં અનિશ્ચિતતા સપાટી પર આવતા સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે બૅન્ક ઑફ જાપાને વ્યાજદરમાં વધારો કર્યો હતો અને વ્યાજદરની સપાટી વર્ષ ૨૦૦૮ની વશ્વિક નાણાકીય કટોકટી પછીની ઊંચી સપાટીએ રાખ્યા હતા.

જોકે, હવે આગામી સપ્તાહે અમેરિકી ફેડરલ રિઝર્વ અને યુરોપિયન સેન્ટ્રલ બૅન્કની નાણાનીતિની બેઠક પર બજારની નજર સ્થિર થઈ છે. વધુમાં કેપિટલ ડૉટ કૉમનાં ફાઈનાન્સિયલ માર્કેટ એનાલિસ્ટ ક્યેલ રોડ્ડાએ વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતા આ વર્ષના અંત સુધીમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૦૦૦ ડૉલરની સપાટી સુધી પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.

# ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ કોપર, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૨નો સુધારો આવ્યો હતો. જોકે, આજે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. પાંચ ઘટી આવ્યા હતા, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૮૫૮, કોપર કેબલ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને અનુક્રમે રૂ. ૮૦૮ અને રૂ. ૫૭૭, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ.પાંચ વધીને અનુક્રમે રૂ. ૭૯૯ અને રૂ. ૭૮૭, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૭૩૬ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૨૫૯ અને રૂ. ૧૮૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૬૫૩ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૧૩૭૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય ખપપૂરતી માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૩૫ રૂ. ૧૯૮ અને રૂ. ૨૭૫ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

# એક્સચેન્જનું માર્કેટ કેપ ₹ ૫.૧૨ લાખ કરોડ ઘટીને ₹ ૪૧૯.૫૧ લાખ કરોડની સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજાર સપ્તાહના અંતિમ સત્રમાં ફરી નેગેટિવ ઝોનમાં સરી પડ્યું હતું. ફોકસ્ડ આઈટી, એફએમસીજી અને ટેક વધ્યા હતા અને અન્ય બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા. માર્કેટ કેપમાં રૂ.૫.૧૨ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૭૬,૫૨૦.૩૮ના બંધથી ૩૨૯.૯૨ પોઈન્ટ્સ (૦.૪૩ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૫.૧૨ લાખ કરોડ ઘટીને રૂ.૪૧૯.૫૧ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૬,૪૫૫.૩૫ ખૂલીને ઊંચામાં ૭૬,૯૮૫.૯૫ સુધી અને નીચામાં ૭૬,૦૯૧.૭૫ સુધી જઈને અંતે ૭૬,૧૯૦.૪૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૦ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૨૦ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૫૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૦૩૮ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૯૦૨ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૭૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૬૨ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૬૦ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૨.૨૩ ટકા ઘટ્યા હતા. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૨.૦૩ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૩.૧૬ ટકા ઘટ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ફોકસ્ડ આઈટી ૦.૪૪ ટકા, એફએમસીજી ૦.૨૭ ટકા અને ટેક ૦.૨૪ ટકા વધ્યા હતા, જ્યારે રિયલ્ટી ૨.૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૨૨ ટકા, હેલ્થકેર એનર્જી ૧.૯૫ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૮૯ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રશનરી ૧.૭૯ ટકા, ઓટો ૧.૬૯ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૬૨ ટકા, કોમોડિટીઝ ૧.૧ ટકા, સર્વિસીસ ૦.૯૮ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૯૬ ટકા, પાવર ૦.૮૨ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૭૮ ટકા, મેટલ ૦.૬૨ ટકા, યુટિલિટીઝ ૦.૫૨ ટકા, બેન્કેક્સ ૦.૪૨ ટકા અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૦૯ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં હિંદુસ્તાન યુનિલિવર ૧.૯૮ ટકા, ટેક મહિન્દ્ર ૦.૭૫ ટકા, નેસ્લે ૦.૭૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૫૮ ટકા, ઈન્ફોસિસ ૦.૫૬ ટકા પાવર ગ્રીડ ૦.૪૯ ટકા, ભારતી એરટેલ ૦.૪૭ ટકા, આઈટીસી ૦.૩૦ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૧૪ ટકા અને એનટીપીસી ૦.૦૨ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૯૨ ટકા, ઝોમેટો ૨.૭૫ ટકા, ટાટા મોટર્સ ૨.૪૮ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૨.૧૧ ટકા, રિલાયન્સ ૧.૪૨ ટકા, લાર્સન ૧.૩૧ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૧૮ ટકા, બજાજ ફિનસર્વ ૦.૯૮ ટકા, એચડીએફસી બેન્ક ૦.૯૨ ટકા અને અદાણી પોર્ટ્સ ૦.૯૦ ટકા ઘટ્યા હતા.

# પાંખાં કામકાજો વચ્ચે આયાતી તેલમાં નરમાઈ



મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૬૨ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સ્ચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૩ રિંગિટનો સુધારો આવ્યો હતો. આમ એકંદરે આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહેતાં ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડ અને સરસવમાં રૂ. પાંચનો અને સિંગતેલમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યોહતો, જ્યારે એકમાત્ર કપાસિયા રિફાઈન્ડમાં મથકો પાછળ ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા અને અન્ય તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, ગોકુલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૫ અને રૂ. સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૮ અને રૂચી તથા કારગિલના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૯૫ અને રૂ. ૧૩૧૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. જોકે, આજે માત્ર સેલરિસેલ અને છૂટાછવાયા રવાનગીના કામકાજો થયા હતા.

હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સરસવના રૂ. ૧૩૭૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૧૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે રાજસ્થાનના મથકો પર અંદાજે ૭૫,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૨૫૦થી ૬૨૭૫માં, સરસવ એક્સપેલર અને કચ્ચીઘાણીના અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૯૫ અને રૂ. ૧૩૦૫માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૧૫૦થી ૨૧૫૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંબઈથી આવતી સયાજીનગરી ટ્રેનમાં મહિલાઓ દ્વારા થઈ રહેલી શરાબની હેરાફેરી ફરી એકવાર બહાર આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મુંબઈના દાદર રેલવે સ્ટેશનેથી ગત ૨૩મી જાન્યુઆરીના રોજ ભુજ આવવા રવાના થયેલી સયાજીનગરી એક્સપ્રેસ ટ્રેન(૨૦૯૦૭)ના એસ-૪/૫/૬ નંબરોના કોચમાં કમરમાં શરાબની બાટલીઓના બાચકાં બાંધીને પ્રવાસ કરતી ૧૫ મહિલાઓને જાગૃત પ્રવાસીઓએ પકડી પાડી હતી. ટ્રેન મારફતે કચ્છમાં શરાબ સહિતના માદક પદાર્થો ઘુસાડવાની નાપાક પ્રવૃત્તિ ફરી એકવાર બહાર આવતાં ચકચાર મચી ગઈ હતી.

આ અંગે કચ્છ યુવક સંઘના કાર્યકરો પૈકીના પરેશ છેડાએ જણાવ્યું હતું કે, સયાજીનગરી એક્સપ્રેસના કોચમાં બાટલીઓના બાચકાં સાથે ૧૫ મહિલાઓ પકડાયા બાદ હોબાળો થતાં કેટલીક મહિલાઓ બાથરૂમને અંદરથી બંધ કરી અંદર છુપાઈ ગઈ હતી. એસ-૬માં સવાર તેજલ પટેલ નામના મુસાફરે આ અંગે કચ્છ પ્રવાસી સંઘનો સંપર્ક કરી, દારૂની ખેપ અંગે માહિતગાર કરતાં આ સંસ્થા દ્વારા તાત્કાલિક રેલવે પોલીસ ફોર્સનો સંપર્ક સાધ્યો હતો.

સુરત સ્ટેશન પહોંચતા પહેલા ટ્રેન ધીમી પડતાં આ દારૂની ખેપ મારવામાં હોશિયાર મહિલાઓ ચાલુ ટ્રેનમાંથી મુદામાલ સમેત કૂદકો મારીને નાસી છૂટી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રકારની મોડ્સ ઓપરેન્ડીથી સૌરાષ્ટ્ર-કચ્છમાં શરાબ,ડ્રગ્સ સહિતના માદક પદાર્થો ઘુસાડવાનું કારસ્તાન અનેક વખત સપાટી પર આવી ચૂક્યું છે. તાજેતરમાં કચ્છ એક્સપ્રેસ ટ્રેનમાંથી પણ ઝોલામાં દારૂની ૧૦૦-૧૦૦ બોટલો રાખી પ્રવાસ કરનારી બે-ત્રણ મહિલાઓ જાગૃત પ્રવાસીઓએ પકડી પાડી હતી, એ અગાઉ ગત વર્ષે જાન્યુઆરી માસમાં વલસાડ પાસેથી કચ્છ એક્સપ્રેસના કોચમાં ચડેલી મહિલાઓ અને દિવ્યાંગ યુવક પાસેથી ૩૦૦ બોટલ દારૂ મળી આવ્યો હતો.

# નખત્રાણાના કોટડા (જડોદર)માં સોની વેપારી પર છરા વડે ઘાતક હુમલા સાથે ૩૦.૭૨ લાખના ઘરેણાંની લૂંટના ગુનાનો સૂત્રધાર ભુજમાંથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના નખત્રાણાના કોટડા (જડોદર) ગામે ગત શનિવારે રાત્રે દુકાન વધાવી, સ્કૂટર પર સવાર થઈને ઘેર જઈ રહેલા સોની વેપારી પર તીક્ષ્ણ હથિયાર વડે ઘાતક હુમલો કરીને ૩૦.૭૨ લાખના મૂલ્યના ૪૮ તોલા સોનાના ઘરેણાંની લૂંટના ગુનામાં સામેલ બે આરોપીઓની ૧૪૦ ગ્રામ સોનાના દાગીના અને કાર સાથે ધરપકડના ગણતરીના કલાકોમાં સ્થાનિક ગુનાશોધક શાખાએ સૂત્રધાર મામદ હિંગોરજા ઊર્ફે અબ્દુલ્લા હિંગોરજાને ભુજ એરફોર્સ પાસેથી ૧૯.૨૧ લાખના ૨૯૬.૪૮ ગ્રામ સોના સાથે દબોચી લીધો હતો.

આ અંગે એલ.સી.બીના પી.આઈએ જણાવ્યું હતું કે, એરફોર્સ સ્ટેશનના ગેટ નંબર.૨ પાસેથી પૂર્વ બાતમીના આધારે પકડેલા અબ્દુલ્લા પાસે રહેલી લુંગીની પોટલીમાંથી સોનાના દાગીના મળી આવ્યાં હતાં. એક્ટિવાથી ઘરે જતાં નિલેશ સોની પર અબ્દુલ્લાએ જ છરાથી હુમલો કર્યો હતો. ધરપકડ કરતાં જ ૩૮ વર્ષનો અબ્દુલ્લા 'મારી ભૂલ થઈ ગઈ, કશું ખાવા નહોતું એટલે ગુનો આચર્યો. આ મારા જીવનનો પહેલો જ ગુનો છે, મને માફ કરી દો' એમ પોક મૂકીને રડવા માંડ્યો હતો.

મૂળ અબડાસાના બાલાપર બુડધ્રોનો વતની અબ્દુલ્લા મોટી વમોટીમાં રહેતો હતો. થોડાંક સમયથી તે ભુજના સંજોગનગરના કેજીએનનગરમાં રહેવા આવ્યો હતો.

પોલીસ તેને મામદ સિધિક હિંગોરજા સમજતી હતી પરંતુ આધારકાર્ડમાં તેનું નામ અબ્દુલ્લા આમદ હિંગોરજા લખેલું છે. આ વિરોધાભાસ અંગે પૂછપરછ કરતાં તેણે પોલીસને જણાવ્યું કે મારું સાચું નામ કોઈને ખબર નથી, બધા મને મામદ તરીકે જ ઓળખતા હતા. પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું હતું કે આરોપીના પિતાએ ભૂતકાળમાં પોલીસને અનેક મહત્ત્વના કેસોમાં સચોટ બાતમી આપીને પોલીસની મદદ કરેલી છે.

પરંતુ, પુત્રએ લૂંટ જેવો ગંભીર ગુનો આચર્યો. શનિવારે રાત્રે કોટડામાં કારમાં આવેલા ત્રણ જણે સોનીને આંતરી, છરાથી જાનલેવા હુમલો કરીને સોનાના દાગીના ભરેલાં થેલાની લૂંટ ચલાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, એસઓજીએ ખાવડા નજીક આવેલા દેઢિયા ગામના મીઠા શકુર સમા અને મુસ્તાક પચાણ સમા નામના બે આરોપીઓની ધરપકડ કરી હતી.

# કચ્છમાં હાડ થીજાવતી ઠંડીનો નવો રાઉન્ડ શરૂ: નલિયામાં ૭.૪ ડિગ્રી લઘુતમ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ઉત્તર ભારત અને જમ્મુ-કાશ્મીરમાં તાજેતરમાં થયેલી બરફવર્ષાને પગલે કાતિલ ઠંડી સમગ્ર રાજ્યની સાથે કચ્છને થથરાવી રહી છે, કચ્છના નલિયામાં લઘુતમ તાપમાનનો આંક ફરી પાછો સિંગલ ડિજિટ પર પહોંચ્યો હતો. વહેલી સવારે અને મોડી સાંજના સમયે ઉત્તર બાજુથી વાતા વેગીલા પવનના કારણે ઠંડીની અસર વધુ ધારદાર બની છે. કચ્છનું કાશ્મીર નલિયા ૭.૪ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજયનું મોખરાનું શીતમથક બન્યું હતું, બીજી તરફ, ભુજમાં ૧૨.૪ ડિગ્રી લઘુતમ અને મહતમ તાપમાન ૨૭ ડિગ્રી સે.પર આવી જતાં શીતલહેરે જાણે ફરી પૂછડું વીંઝયું હોય તેવી કાતિલ ટાઢક શહેરીજનોએ અનુભવી હતી.

કચ્છના તમામ મથકોમાં મહત્તમ તાપમાનમાં પણ ગિરાવટ આવી જતાં ભુજ,રાપર,નલિયા, અંજાર, નખત્રાણા જેવાં શહેરોમાં ભરબપોરે પણ રસ્તાઓ અને શેરીઓ પર પાંખી અવરજવર જોવા મળી હતી. આ દરમ્યાન, અચાનક વધી ગયેલી ઠંડીને કારણે શરદી-તાવ અને ઉધરસથી પીડાતા દર્દીઓની સાથે-સાથે ચામડી સૂકી થઇ જવાથી ચર્મરોગની સમસ્યા પણ વધી છે.

# ભુજમાં શ્વાનનો ભોગ લેનારા વિસ્ફોટના કેસમાં પોલીસે વધુ ચાર આરોપીની ધરપકડ કરી

ભુજ: ભુજમાં લોકોની અવરજવરથી સતત ધમધમતા રહેતા દરબાર ગઢ પાસેના આશાપુરા રીંગરોડ પર કચરાપેટી પાસે વેરાયેલા વિસ્ફોટક પદાર્થને ખોરાક સમજીને બચકું ભરવા જતાં થયેલા વિસ્ફોટમાં નિર્દોષ માદા શ્વાનનું દર્દનાક મોત નીપજવાના બનાવને ગંભીરતાથી લઈ ભુજ એ ડિવિઝન પોલીસે વધુ ચાર યુવકોની ધરપકડ કરી હતી. ગત બુધવારે આ ઘટનામાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે સીસીટીવીની મદદથી રિંગરોડ પર રહેલા વિસ્ફોટક ટેટાને બેદરકારી દાખવી કચરા ટોપલી પાસે ફેંકી દેનારા બે યુવકોની અટક કરીને એ ડિવિઝન પોલીસને સુપ્રત કર્યા હતાં.

ઝડપાયેલાં સલીમ ઊર્ફે ભોલુ આમદ કુંભાર અને અઝીઝ હાજી મણિયારે વિસ્ફોટકો કેવી રીતે આવ્યા તે અંગે અજાણતા ઊલટ તપાસ દરમ્યાન વ્યક્ત કરી હતી. પોલીસે ફરીથી સીસીટીવી ખંગાળતા મોટરસાઇકલ પર આવેલી એક ત્રિપુટી પૈકી એક યુવકના જેકેટમાંથી ત્રણ વિસ્ફોટક ટોટાની સેર નીચે રસ્તા પર પડી જતી હોવાનું જણાયું હતું. જેના આધારે પોલીસે તે યુવકોની અટક કરી પૂછપરછ કરતાં વધુ એક જણની સંડોવણી સ્પષ્ટ થઈ હતી. પોલીસે દિનેશ ધુલા પટણી (દેવીપૂજક), છગન વીરચંદ પટણી (બંને રહે. ભારાપર, ભુજ), સંજય મોહન દાતણીયા અને અનિલ રતિલાલ દાતણીયા (બંને રહે.ભુજ)ની ધરપકડ કરી હતી.

બનાવની તપાસ કરી રહેલા પોલીસ ઇન્સ્પેકટરે જણાવ્યું હતું કે, આ ચારે આરોપીઓ ખેતરોમાં ભૂંડના ઉપદ્રવને નાથવા માટે ગંધક સહિતના વિસ્ફોટક પદાર્થના બૉમ્બ બનાવી, ઉપર ઘઉંનો લોટ ચોપડીને નાનાં નાનાં ત્રણ ત્રણ લાડુની સેર બનાવતા. આ લાડુ આરોગવા જતાં ભૂંડના પણ દર્દનાક મોત થતાં. આરોપીઓ ખેતરમાં ઉપયોગ માટે આ વિસ્ફોટક લાડુની સેર લઈને જતા હતા ત્યારે રસ્તામાં તે ભૂલથી પડી ગઈ હતી તેમ આરોપીઓ જણાવી રહ્યા છે.

# ભુજના બળદિયામાં એનઆરઆઈ મહિલાના બંધ ઘરમાંથી ૪૦૦ પાઉન્ડ સહિત ૧.૭૫ લાખની મતાની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ભુજ તાલુકાના સમૃદ્ધ એવા બળદિયા ગામ ખાતે એક બંધ રહેણાંકને ચોરોએ નિશાન બનાવી રોકડા રૂા.એક લાખ, ૪૦૦ પાઉન્ડ, એક સ્માર્ટ ફોન ઉપરાંત લગ્ન માટે ખરીદવામાં આવેલાં કપડાંની ચોરી કરતા ખળભળાટ મચી ગયો હતો, આ ચોરીના પગલે રહેવાસીઓમાં ભય વ્યાપી ગયો હતો. મૂળ દહીંસરાના પરંતુ હાલ નૈરોબીના લંગાટામાં રહેતા લીલાવંતીબેન દેવશીભાઇ વેકરિયાએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, તેમની પુત્રીના થોડા સમયમાં લગ્ન હોઇ દોઢેક મહિના પહેલાં દહીંસરા આવ્યા છે.

ગત ૨૧મી જાન્યુઆરીના રોજ બપોરે માધાપરની ફાર્મવાડીમાં સંબંધીના સંતાનોના મેળાવડામાં ભાગ લેવા ઘરને તાળું મારીને ગયા હતા અને બીજા દિવસે સવારે ઘરે આવતાં તાળાં તૂટેલાં જોવા મળ્યાં હતાં. વેરવિખેર પડેલા સમાન વચ્ચે તપાસ કરતાં કબાટમાં લેપટોપની બેગમાં રાખેલા રોકડા રૂા. એક લાખ તથા ૪૦૦ પાઉન્ડ જેની હાલ કિં. રૂા. ૪૦,૦૦૦, એક સ્માર્ટફોન કિં.રૂા.૧૦,૦૦૦ તેમજ પુત્રીના લગ્ન માટે ખરીદી કરેલી ૨૫૦૦૦ની કિંમતની અલગ-અલગ સાડીઓ-કુર્તીઓ સહિત કુલ રૂા.૧,૭૫,૦૦૦ના મુદ્દામાલને અજાણ્યા તસ્કરો ચોરી ગયા હોવાનું ધ્યાને આવ્યું હતું. આ મામલે માનકૂવા પોલીસે તસ્કોરોનું પગેરું મેળવવા તપાસ શરૂ કરી છે.

### સૌરાષ્ટ્રમાં સ્ટેટ મોનિટરિંગ સેલનો સપાટો

# ₹ ૬૧.૪૬ લાખનો દારૂ અને ટેન્કર મળી ૮૧.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સપાટો બોલાવતા વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડી રાજકોટ ગ્રામ્ય પોલીસને ઊંઘતી ઝડપી પાડી હતી. રાજકોટ જિલ્લાના આટકોટ વિસ્તારમાં આવી સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા રૂપિયા ૬૧.૪૬ લાખના ૭૮૨ પેટી દારૂ ભરેલા ટેન્કર સાથે ૮૧.૪૬ લાખનો મુદામાલ કબજે કરવામાં આવ્યો હતો. જ્યારે ટેન્કર ચાલક અને કલીનર નાસી છૂટતા ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બૂટલેગરો પોલીસ પકડથી દૂર રહેવા માટે ઇન્ડિયન ઓઇલ લખેલા ટેન્કરની અંદર દારૂનો જંગી જથ્થો ભરી સૌરાષ્ટ્રમાં ઘુસાડી દેવાના પ્રયાસને એસએમસીની ટીમે નાકામ બનાવી દીધો હતો.

સ્ટેટ મોનિટરિંગ સેલ ટીમ પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેઓને ચોક્કસ બાતમી મળી હતી કે, દીવથી દારૂ ભરેલ ટેન્કર સૌરાષ્ટ્રમાં આટકોટ નજીક આવી રહ્યું છે. જેથી એસએમસીની ટીમે બાતમીના આધારે આટકોટ પાસે પાંચવડા રોડ પર વોચ ગોઠવી હતી, દરમિયાન મોડી રાત્રિએ ત્યાંથી પસાર થઇ રહેલા બાતમી વાળા શંકાસ્પદ ટેન્કરને ટીમે રોકતા ટેન્કરમાંથી ૬૧.૪૬ લાખની કિંમતના ૭૮૨ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો. જોકે ટેન્કરચાલક અને ક્લિનર ટેન્કર મૂકી નાસી છૂટ્યા હતા. પોલીસે મુદ્દામાલ કબજે કરી આટકોટ પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધાવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું: નેતાઓ અને ઉમેદવારોને સરકારી વિશ્રામગૃહોના ઉપયોગ પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લામાં આગામી નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે મહત્ત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડ્યું હતું. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અંતર્ગત જારી કરાયેલા આ જાહેરનામા મુજબ, રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકરોને ચૂંટણી પ્રચાર દરમિયાન સરકારી આરામગૃહો, ડાક બંગલા અને વિશ્રામગૃહોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

આચારસંહિતાના ભાગરૂપે, સરકારી, અર્ધસરકારી તેમજ ફોરેસ્ટ ગેસ્ટ હાઉસ સહિતના તમામ વિશ્રામગૃહોનો રાજકીય હેતુ કે ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહીં. બહારથી આવતા નેતાઓ માટે પણ કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે. કોઈપણ વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહીં અને મતદાન પૂર્વે ૪૮ કલાક અગાઉ કોઈપણ મહાનુભાવને રૂમ ફાળવણી કરી શકાશે નહીં. જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે કાર્યવાહી કરવામાં આવશે. આ હુકમનો અમલ ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી રહેશે અને તેની અમલવારી માટે જિલ્લાના ચૂંટણી અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લાની રાજુલા, જાફરાબાદ, ચલાલા, લાઠી, અમરેલી, સાવરકુંડલા અને દામનગર નગરપાલિકા તેમજ વિવિધ તાલુકા પંચાયતોની બેઠકો માટે ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ મતદાન યોજાશે અને ૧૮ ફેબ્રુઆરીએ મતગણતરી હાથ ધરાશે.

# ભાવનગરમાં તા.30 જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી દરમ્યાન સ્પર્શ રક્તપિત્ત જાગૃતિ અભિયાન ચાલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ભાવનગર જિલ્લામાં આગામી તા.૩૦ જાન્યુઆરીથી તા.૧૩ ફેબ્રુઆરી,૨૦૨૫ દરમ્યાન રક્તપિત્ત જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે. આ ''સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઇન-૨૦૨૫'' ની થીમ અંતર્ગત રક્તપિત્ત અંગે ગેરસમજ કરવાનો પ્રયાસ કરવામાં આવશે. ''સ્પર્શ રક્તપિત્ત જાગૃતિ અભિયાન'' અંતર્ગત તા.૩૦ જાન્યુઆરીના દિવસે ભાવનગર જિલ્લાના દરેક ગામમાં ખાસ ગ્રામસભા યોજવામાં આવશે અને તેમાં રક્તપિત્ત અંગે જાણકારી આપવામાં આવશે.

તદઉપરાંત આ ગ્રામસભામાં જિલ્લા કલેક્ટર રક્તપિત્ત નાબૂદી અભિયાનમાં અલગ-અલગ રીતે જોડાવા અંગે સંદેશ વાંચનની સાથે સરપંચની અપીલ બાદ હાજર સભ્યો રક્તપિત્ત નાબૂદી અંગે પ્રતિજ્ઞા લેશે. જો કોઇ રક્તપિત્ત દર્દી ગામમાં હોય તો તેનું સન્માન કરવામાં આવશે. ત્યારબાદનાં પખવાડિયા દરમ્યાન સંદેશા વ્યવહારનાં અલગ અલગ માધ્યમ દ્વારા ભીંતસૂત્રો, રેલી, પોસ્ટર, બેનર, સ્કૂલસ્પર્ધા તથા ગ્રામ આરોગ્ય સમિતિની બેઠકમાં ચર્ચા તથા આશા અને આરોગ્ય કાર્યકરોની ગૃહ મુલાકાત દરમ્યાન રૂબરૂ લોકજાગૃતિ કરવામાં આવશે. સોશિયલ મીડિયા દ્વારા પણ પ્રચાર - પ્રસાર કરવામાં આવશે.

૧૫ દિવસ સુધી ચાલનારા આ અભિયાન દરમ્યાન ગ્રામસભામાં રક્તપિત્તના દર્દી પ્રત્યે સંવેદના રાખી તેઓની કાળજી લેવામાં આવે તેમજ તેની સાથે કોઇ ભેદભાવ ના થાય તે ખાસ સંદેશ આપવામાં આવશે. આ અભિયાનને સફળ બનાવવા માટે લોકોની સહ ભાગીદારી માટે જિલ્લા રક્તપિત્ત અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# વડોદરામાં વિશ્વામિત્રી પ્રોજેક્ટ મુદ્દે મળેલી મહાનગરપાલિકાની સભામાં શાસક અને વિપક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:વડોદરાની વિશ્વામિત્રી નદીમાં પૂરની સ્થિતિ ન સર્જાય તે માટે તૈયાર કરાયેલા પ્રોજેક્ટની મંજૂરી માટે શુક્રવારે વિશેષ સભા મળી હતી. આ સભામાં મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. જેમાં તેમણે આગામી ૧૦૦ દિવસમાં પ્રોજેક્ટ પૂરો કરવાનું આયોજન સભાસદો સમક્ષ પ્રસ્તુત કર્યું હતું. ત્યારબાદ સર્વાનુમતે આ પ્રોજેક્ટ મંજૂર કરાયો હતો. સભાસદોએ પ્રોજેક્ટને આવકારી સૂચનો કર્યા હતા.

આ પ્રોજેક્ટ અંગે વિપક્ષના નેતાઓએ કહ્યું હતું કે, આ પ્રોજેક્ટનો અમે વિરોધ નથી કરતાં પણ તે અધૂરો હોવાનું જણાવી ભૂતકાળ અને વર્તમાન સ્થિતિનો ચિતાર રજૂ કરતાં સભામાં ભાજપ અને કૉંગ્રેસના કોર્પોરેટરો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિપક્ષી નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ અને ઉપનેતા જહાં દેસાઇએ જણાવ્યું હતું કે, અમે પ્રોજેક્ટનો વિરોધ કરતાં નથી. વિપક્ષ દ્વારા જે સૂચનો કરવામાં આવ્યાં છે. તેને ધ્યાનમાં રાખવામાં આવે. કૉંગ્રેસના કોર્પોરેટર અમી રાવતે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ અધૂરો એટલા માટે છે કે, ૧૯૯૪ પછી ૧૧ વખત પૂર આવ્યું છે પરંતુ, પ્રોજેક્ટમાં ૮ વખત પૂર આવ્યું હોવાનું બતાવાયું છે.

મ્યુનિસિપલ કમિશ્નરે જણાવ્યું હતું કે, ગત ઓગસ્ટમાં ભારે વરસાદના કારણે વિશ્વામિત્રી નદીમાં પૂર આવતાં શહેરી વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. ભવિષ્યમાં આવી સમસ્યા ફરીવાર ઉદભવે નહિ તથા જાનમાલનું નુકસાન થાય નહિ તે માટે ભારત સરકારના પૂર્વ સચિવ બી.એન. નવલાવાલાની અધ્યક્ષતામાં વિશ્વામિત્રી પૂર નિયંત્રણ અને નિવારણ સમિતિ બનાવવામાં આવી હતી. આ સમિતિ દ્વારા વિવિધ પાસાઓનો અભ્યાસ કરીને રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ વિશ્વામિત્રી નદીમાં પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવેલી કામગીરીથી ૪૦ ટકા પૂરમાં ઘટાડો થશે.

# અમરેલી લેટરકાંડમાં એસએમસીના વડા નિર્લિપ્ત રાય દ્વારા તપાસ પૂર્ણ: ત્રણ આરોપીઓને જામીન મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી લેટરકાંડનો વિવાદ વકર્યા બાદ રાજ્ય સરકારે તેની તપાસ એસએમસીના વડા નિર્લિપ્ત રાયને સોંપી હતી. તેમણે આ કેસમાં પીડિતા પાયલ ગોટી અને ફરિયાદી કિશોર કાનપરીયા સહિત એલસીબી-સાયબર ક્રાઇમના અધિકારી-કર્મચારીના નિવેદન લીધા હતાં. તેમજ જ્યાં ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કરાયું હતું કે સ્થળની જાત તપાસ કરી હતી. આ કેસમાં તેમણે તપાસ પૂર્ણ કરતાં હવે તેનો રિપોર્ટ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયને સોંપશે. બીજી તરફ આ કેસના ત્રણ આરોપીઓને હાઈ કોર્ટે જામીન આપતા તેઓ જેલમુક્ત થયા બાદ વધુ ખુલાસા થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમરેલી લેટરકાંડ મુદ્દે તપાસ કરી રહેલા એએસએમસીના વડા નિર્લિપ્ત રાયે પીડિતા પાયલ ગોટી અને ફરિયાદી કિશોર કાનપરીયા સહિત એલસીબી-સાયબર ક્રાઇમના અધિકારી-કર્મચારીના નિવેદન લીધા હતાં. તે ઉપરાંત જ્યાં ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું હતું કે સ્થળની જાત તપાસ કરી હતી. તેઓ તપાસનો રીપોર્ટ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયને સોંપશે.

બીજી તરફ લેટરકાંડના કુલ ૪ આરોપીઓ પૈકી એક યુવતીને અગાઉ અમરેલીની સેશન્સ કોર્ટે જામીન પર મુકત કર્યા બાદ બાકીના ૩ આરોપીઓના ગુરુવારે હાઈ કોર્ટે જામીન મંજૂર કરતા તેમને જેલમુક્ત કરવામાં આવ્યા હતાં. આ ઘટનામાં તાલુકા પંચાયતના પ્રમુખ કિશોર કાનપરિયાએ અમરેલીના સિટી પોલીસમાં અજાણ્યા ઈસમો વિરુદ્ધ બનાવટી લેટરબનાવી વાયરલ કર્યાની ફરિયાદ નોંધાવતા આ બનાવમાં પોલીસે ફરિયાદ બાદ ૪ આરોપીઓની અટકાયત કરાઈ હતી.

જેમાં આરોપી તરીકે યુવા ભાજપ અગ્રણી મનિષ વઘાસીયા, જશવંતગઢના સરપંચ અશોક માંગરોળીયા, જીતુભાઈ ખાત્રા અને કોમ્પ્યુટર ઓપરેટર પાયલ ગોટીનુ નામ પ્રકાશમાં આવેલ તમામ આરોપીની અટકાયત, રીમાન્ડ બાદ જેલ હવાલે થયા હતા. ત્રણ આરોપી જેલમાંથી બહાર આવી જાય તે પછી આ ઘટનામાં વધુ ખુલાસા થાય તેવી શક્યતા છે. આ કેસમાં લાઠીના ભાજપના ધારાસભ્ય જનક તળાવિયાનો ઓડિયો વાઈરલ થતાં નવો વિવાદ શરૂ થયો હતો.

# રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું ૨૦૨.૧૬ કરોડનું બજેટ મંજૂર

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની બોર્ડ બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નું ૨૦૨.૧૬ કરોડનું બજેટ રજૂ કરવામાં કરવામાં આવ્યું હતું જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. બજેટમાં શૈક્ષણિક સેમિનાર, ગણીત-વિજ્ઞાન પ્રદર્શન, વાર્ષિક રમોત્સવ, સાંસ્કૃત કાર્યક્રમ, વાલી સંમેલનો, શાળામાં સ્માર્ટ કલાસની સુવિધા, સોફ્ટવેર ખરીદી, ગુરુ વંદના એવોર્ડ, તેજસ્વી વિધાર્થી સન્માન, નિવૃત શિક્ષક સન્માન કાર્યક્રમો સાથે શાળા વિકાસ માટેની જોગવાઈઓ કરવામાં આવી હતી.

રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમ પુજારાએ બજેટ રજૂ કરતા જણાવ્યું હતું કે જરૂરિયાત મુજબના વિસ્તારમાં નવી શાળા નિર્માણ કરાશે અને જે શાળાઓમાં જરૂરિયાત હશે તે મુજબના નવા વર્ગખંડો બાંધકામ કરવામાં આવશે. ધોરણ ૧ થી ૮ ની તમામ પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર સુવિધા સાથે તેના અપગ્રેડ, મેન્ટેનન્સ અને કોમ્પ્યુટર તાલીમાર્થીઓ મારફત શિક્ષણ, અંગ્રેજી માધ્યમની શાળાઓના જાળવણી ખર્ચની જોગવાઈ ઉપરાંત વર્ષ ૨૦૨૫માં આવતી શાળાની જાહેર-સ્થાનિક રજા મંજૂર કરાઈ હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ડ્રોપ આઉટ રેસિયો ઘટે તે માટે ૧૦ જેટલી એવી શાળા છે કે જ્યાં ૧થી ૮ ધોરણ ચાલુ છે અને ૯ તેમજ ૧૦ વર્ગ શરૂ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ એક જ શાળામાં અભ્યાસ કરી શકે. ઉપરાંત ચાર જેટલી શાળા આવતા દિવસોમાં નવી બનાવવામાં આવશે જે પૈકી બે શાળાના ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થતા ખાતમુહૂર્ત કરી દેવામાં આવ્યા છે. ચાર પૈકી બે શાળા રાજકોટ મનપા દ્વારા તૈયાર કરી દેવામાં આવશે જ્યારે બે શાળા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સર્વ શિક્ષા અભિયાન ગ્રાન્ટ અંતર્ગત બનાવવામાં આવશે.

# જામનગરના પિરોટન ટાપુ પર સુરક્ષા અધિકારીઓની હાજરીમાં પ્રથમવાર ૨૬ જાન્યુઆરીએ ધ્વજવંદન થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:જામનગર નજીક બેડીના દરિયા વિસ્તારમાં આવેલા પીરોટન ટાપુ પર આ વર્ષે પ્રથમવાર પ્રજાસત્તાક દિને ધ્વજવંદન કરવામાં આવશે. રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં વિવિધ સુરક્ષા એજન્સીઓના ૩૦થી વધુ અધિકારીઓ અને જવાનો હાજર રહેશે.

જામનગરમાં બેડી મરિન પોલીસ સ્ટેશનના સ્ટાફ, એસ.ઓ.જી, પોલીસ વિભાગની ટીમ, વાલસુરા-નેવી, કોસ્ટગાર્ડ સહિતની સુરક્ષા એજન્સીઓના ૩૦થી વધુ અધિકારીઓ અને જવાનોની ટીમ ૨૬મી જાન્યુઆરીએ પીરોટન ટાપુ પર પહોંચશે. ત્યાં ધ્વજવંદનનો કાર્યક્રમ પણ યોજાશે. જે અંગેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે.આ ટાપુ પર સુરક્ષા એજન્સીઓ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

તાજેતરમાં જામનગર જિલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ પિરોટન ટાપુ પરથી તમામ ગેરકાયદેસર ઊભા કરાયેલા આશરે ૪૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલા ધાર્મિક દબાણો દૂર કરવામાં આવ્યા હતાં. પિરોટન એક ઐતિહાસિક ટાપુ છે અને બહુ અગત્યનો છે. ત્યાં નવ જેટલા ધાર્મિક દબાણ ઊભા થયા હતાં. આ દબાણે ૪૦૦૦ વર્ગ મીટર આસપાસ જગ્યાને કવર કરી લીધી હતી.ગેરકાયદે દબાણોને કારણે એનડીપીએસ સંબંધિત પ્રવૃત્તિઓનું લેન્ડિંગ પોઇન્ટ બનવાનું જોખમ હતું. ગેરકાયદે દબાણના કારણે સમુદ્રી વનસ્પતિને મોટા પાયે નુકસાની થતી હતી.

# જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા જ પાયાની સુવિધાઓ મુદ્દે લોકોમાં આક્રોશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર કરવામાં આવી હતી. જેમાં જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી પણ જાહેર થઈ હતી. આ ચૂંટણી પહેલાં જ શહેરમાં પાયાની સુવિધાઓ મુદ્દે લોકો રોષે ભરાયા હતા અને મતદાનના બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી. સ્થાનિકોએ પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને ઘેરી લઈને સવાલો કરતાં જ ઉગ્ર બોલાચાલી થઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે જૂનાગઢ શહેરમાં રોડ રસ્તા અને પાણીની સમસ્યા મુદ્દે લોકો રોષે ભરાયા હતા. શહેરમાં ઝાંઝરડા રોડ પર વોર્ડ નંબર પાંચના સ્થાનિકોમાં ખરાબ રોડ રસ્તા મુદ્દે રોષ ફેલાયો હતો. આ વિસ્તારના અગ્રણીઓએ પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનનો ઉઘડો લીધો હતો. તેમણે મતદાન બહિષ્કારની ચીમકી પણ ઉચ્ચારી હતી. લોકોમાં પાયાની સુવિધાઓ મુદ્દે ભાજપના પૂર્વ કોર્પોરેટર રાકેશ ધુલેશિયા અને આ વોર્ડના અન્ય કોર્પોરેટરો સામે નારાજગી જોવા મળી હતી.

પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને પૂર્વ કોર્પોરેટર રાકેશ ધુલેશિયા જણાવ્યું હતું કે, આ વિસ્તારના રોડ રસ્તા મુદ્દે કોન્ટ્રાક્ટર અને અધિકારીઓને સૂચના અપાઈ હતી. ૧૨ દિવસમાં રોડ રસ્તા અને ગટરના પ્રશ્નનું નિરાકરણ આવી જશે. જે ગટર ઊભરાતી હતી તેને સાફ કરવા માટે પણ તાત્કાલિક મશીન બોલાવવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં આ વિસ્તારમાં રોડ રસ્તા અને ગટરનું કામ પૂર્ણ કરવામાં આવશે.